بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/મે/૨૦૧૬**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૫, સળંગ અંક : ૧૪૯

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | બોલો નહીં ! કરીને બતાવો ! | 02 |
| 02 | શર્મે નબી, ખૌફે ખુદા, યહ ભી નહીં વો ભી નહીં ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 15 |
| 06 | હદાઈકે બખ્શિશ | 17 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 21 |
| 08 | કાનૂને શરીઅત | 23 |
| 09 | ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ | 25 |
| 10 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 26 |
| 11 | હાફિઝો હિફ્ઝ શાથી ભૂલી જાય છે ?! | 30 |
| 12 | મદ્રસાઓમાં તલબાના અખ્લાકી ધોરણનું ધોવાણ ! | 33 |
| 13 | અહલે સુન્નતની એકતામાં સમસ્યાઓ અને નિવારણ | 38 |
| 14 | 'ભારત માતા કી જય' ના'રા અંગે શરઈ હુકમ | 41 |
| 15 | સિરીયામાં પાંચ વર્ષની તબાહીનું ચિત્ર | 42 |
| 16 | ચીન અને મુસ્લિમો | 43 |
| 17 | બરકાતે ખ્વાજાની ટપાલ | 45 |


વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શપર જલ્વા ગર હુએ થે
નયે નિરાલે તરબ કે સામાં, અરબ કે મેહમાન કે લિએ થે

બહાર હૈં શાદિયાં મુબારક, ચમન કો આબાદિયાં મુબારક
મલક ફલક અપની અપની લયમેં, યહ ઘર અનાદિલ કા બોલતે થે

વહાં ફલક પર યહાં ઝમીંમેં, રચી થી શાદી મચી થી ધૂમેં
ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે

યહ છૂટ પળતીથી ઉન્કે રુખ કી, કે અર્શ તક ચાંદની થી
વો રાત કયા ઝગમગા રહી થી, જગા જગા નસ્બ આઈને થે

નઈ દુલ્હન કી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવર કે નિખરા
હજર કે સદકે મેં કમર કે ઈક તિલમેં, રંગ લાખોં બનાવ કે થે

ઉતાર કર ઉન્કે રુખકા સદકા, યહ નૂર કા બટ રહા થા બાળા
કે ચાંદ સૂરજ મચલ મચલ કર, જબીં કી ખૈરાત માંગતે થે

નબીએ રહમત શફીએ ઉમ્મત, **'રઝા'** પે લિલ્લાહ હો ઈનાયત
ઉસે ભી ઉન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે

ષનાએ સરકાર હૈ વઝીફા, કુબૂલે સરકાર હૈ તમન્ના
ન શાઈરી કી હવસ ન પરવા રવીથી કયા કૈસે કાફલે થે

# બોલો નહીં ! કરીને બતાવો !

અઝ : હઝરત મૌલાના **મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

આ ઘણી જ મુબારક તથા ખુશી ઉપજાવનાર વાત છે કે વર્તમાનકાળમાં સંપૂર્ણ ધ્યાન તાલીમ તથા તાલીમી સંસ્થાઓ તરફ આપવા તથા અપાવવામાં આવી રહ્યું છે. દરરોજ નવા નવા ઈદારા અસ્તિત્વમાં આવતા દેખાય રહ્યા છે, અને દરેક પાયો રાખતા પહેલાં એ જ કહેતો જોવા મળે છે કે અમારે આ ઈદારાથી બેહતરીન ક્વોલિટી (**Quality**) તૈયાર કરવી છે ! અલહમ્દુલિલ્લાહ ! એમની કોશિશો પણ ચાલુ છે અને ક્યાંક ક્યાંક પઢવા પઢાવવાની વ્યવસ્થા પણ કેટલાક અંશે બેહતર જોવામાં આવી રહી છે. પરંતુ આના અનુસંધાનમાં એક અન્ય પાસાથી વિચારણા કરીએ તો અંદાજો થાય છે કે ક્યાંક ને ક્યાંક અને કાંઈ ને કાંઈ જરૂર બાકી રહી ગયેલ છે જેના કારણે તે પરિણામો નથી મળતાં જે થવાં જોઈએ. દા.ત. ફિક્ર તથા નજર (ચિંતન તથા દૃષ્ટિ) અને અમલના એતબારથી જોવામાં આવે તો દરેક જગાએ ઉણપ જોવા મળે છે, ઈલ્લા માશા અલ્લાહ ! તર્બિયતના પાસાએથી નિરીક્ષણ કરીએ તો પણ મેહરૂમીનો એહસાસ થાય છે, ઈલ્લા માશા અલ્લાહ !

હું કોઈને આક્ષેપનું નિશાન નથી બનાવતો, પરંતુ જે હક઼ીક઼ત છે તેના પ્રતિ ધ્યાન દોરી રહ્યો છું. આપણી પાસે ક઼ૌલ (વાણી)ની ભરમાર છે પરંતુ અમલના એતબારથી ખાલીપણુ જોવા મળે છે. આપણે સારી સારી વાતો તથા લફ્ફાઝીના ખજાનાઓથી માલામાલ છીએ, પણ આપણો દામન અમલથી ખાલી છે. આપણી એક મોટી સમસ્યા એ છે કે આપણે વાત ફક્રે અબૂઝર رضی اللہ عنہ (અબૂઝરની ગરીબી)ની કરીશું પણ તબીઅતમાં લાલચ હશે. આપણે વાત ઈમામ ગિઝાલી رضی اللہ عنہની કરીશું, અને વાત જ્યારે જીભ તથા અમલ થકી દલીલ પેશ કરવાની આવશે તો એવું જણાશે કે એ ચીજો સાથે આપણે દૂરનો પણ કોઈ વાસ્તો નથી. મેં બેઅમલીના કારણો પર વિચારણા કરી તો સમજમાં આવ્યું કે સૌથી વધુ આપણે લોકો જ કુસૂરવાર છીએ, કેમ કે આપણે લોકોની સમક્ષ ક઼ૌલની સાથે અમલ પેશ નથી કરી શક્યા. અમલ કેટલો અસરકારક હોય છે અને કેટલા પ્રમાણમાં રહનુમાઈ કરે છે એને કુર્આને પાકની આ આયતે કરીમા થકી સમજો જેથી આપણને પોત પોતાની જિમ્મેદારીઓનો એહસાસ થઈ શકે. ફર્માવ્યું : ''હે ઈમાનવાળાઓ ! કેમ કહો છો તે જે નથી કરતા ?! કેટલી સખ્ત નાપસંદ છે અલ્લાહને તે વાત કે તે કહો જે ન કરો !'' *(સૂ. સફ્ફ, આ. ૨–૩)*

હઝરત પીર મુહમ્મદ કરમશાહ અઝહરી આ આયતની તફસીરમાં લખે છે : કેટલાય લોકોનો એ દસ્તૂર હતો કે જ્યારે ભેગા બેસતા તો ઘણી ડિંગો હાંકતા અને કહેતા કે જો અમને ખબર થઈ જાય કે અલ્લાહ તઆલાની નજીક સૌથી વધુ કયો અમલ પસંદીદા છે તો અમે એના પર અમલ કરતા અને તેના ખાતર પોતાનું સર્વસ્વ લૂટાવી દેતા ! જ્યારે જેહાદના બારામાં હુકમ નાઝિલ થયો અને ઓહદની જંગ સામે આવી તો વધી વધીને વાતો બનાવનારા મેદાનમાં રોકાઈ ન શક્યા. આ આયત વડે આ પ્રકારના લોકોને શરમ અપાવવામાં આવી રહી છે અને મુસલમાનોને તર્બિયત આપવામાં આવી રહી છે કે નેકીની દાવત જે ઘણા જ જોશભેર તેઓ લોકોની સામે રજૂ કરે છે તો પોતે પણ એના પર અમલ કરીને બતાવે જેથી સાંભળનારાઓને તેમની વાતનું યક઼ીન આવે. *(ઝિયાઉલ કુર્આન)*

સૂફિયાએ કિરામ رحمہم اللہ اجمعینનો એ જ તરીક઼ો રહ્યો છે કે તેઓ કહેતા ઓછુ હતા અને કરતા વધારે હતા, અને આપણે કરીએ ઓછુ છીએ અને કહીએ અધિક છીએ ! અસલમાં માનવની પ્રકૃતિ છે કે એને અમલ અધિક **Apeal** કરે છે, એને અખ્લાક઼ અધિક **Inspire** કરે છે. લફ્ફાઝી, ખુશ ગુફ્તારી અને હુસ્ને ખિતાબત કેવળ કાનોને જ સારી લાગે છે. એની હૈસિયત કેવળ એ છે કે એ અમલનો માર્ગ જરૂર દેખાડે છે, પણ અમલની રાહનો રાહી બનાવવા તથા મંઝિલ સુધી પહોંચાડવાનો ફરીઝો અંજામ નથી આપતી. માનવોને મંઝિલ સુધી પહોંચાડવા અને સમાજને ઈસ્લામી સમાજ બનાવવાના માટે જરૂરી છે કે આપણો અમલ આપણા ક઼ૌલના પ્રમાણે હોય, નહીં તો પરિણામો એ જ આવશે જે સામાન્યત : આપણી સમક્ષ આવે છે. જ્યારે આપણો અમલ આપણા ક઼ૌલ પ્રમાણે થઈ જાય છે તો પછી એક સમય તે આવે છે કે કહેવાની જરૂરત જ નથી પડતી, આપણો અમલ જ સરાપા ક઼ૌલ બની જાય છે, અને આપણો કિરદાર અને આપણા અખ્લાક઼ ખૂદ બ ખૂદ તબ્લીગ કરવા મંડી પડે છે. આવો ! આપણે સૌ દુઆ કરીએ કે અલ્લાહ ﷻ પોતાના હબીબ ﷺના સદક઼ા તથા તુફૈલથી આપણા દિલને અમલની તરફ ફેરવી આપે અને આપણને લાભદાયક ઈલ્મ અતા કરે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૬)*

ખુદારા ! મુસલમાન સ્ત્રીઓ સ્લેકસ, જિન્સ ન પહેરે !

# શર્મે નબી, ખૌફે ખુદા, યહ ભી નહીં વો ભી નહીં !

(તંત્રી લેખ...)

''અલ્લાહ હક્ક્ વાત કહેવાથી નથી શરમાતો'' જે શબ્દો હઝરત ઉમર رضی اللہ عنہએ કહેલા તેને અનુસરીને હું કેટલીક ચોખ્ખી વાતો લખી રહ્યો છું. આજે મારે એ વાત લખવી છે જેના સંબંધે દરેકનું દિલ ઊંડે ઊંડે તો જરૂર રંજ પામતુ હશે, કેમ કે એવો કોણ નીચ કક્ષાનો માણસ હશે કે જે ચાહે કે તેની બહેન, તેની પત્ની, તેની દીકરી કે તેની મા..... વગેરેને ગૈર મર્દો લલચાયેલી નજરે જુએ ! પણ શું થાય કે તેની બહેન, તેની પત્ની એવો ડ્રેસ પહેરે છે કે કપડાં પહેરવા છતાં નગ્ન જણાય છે અને તેના શરીરના મરોડ તથા ઘાટ અને આકારો સ્પષ્ટ જાહેર થઈ જાય છે. અને એ મનમાં દુઃખી થતો હોય છે કે કાશ ! ઘરની યુવતીઓ અંગો છુપાય એવો ઈજ્જતદારો જેવો પોશાક પહેરે ! પણ માહોલ એવો છે કે તે એવું કહેવાની હિંમત પણ નથી કરી શક્તો. આજે યુવતીઓ દિવસે દિવસે દરેક જાતના પોશાકમાં પોતાના શરીરનું પ્રદર્શન કરીને રૂપિયા રળતી ''મોડેલો'' જેવા પોશાકો પહેરી મોડેલોને પણ પાછળ બેસાડી આપે તેવા નાઝ નખરાં સરેઆમ કરીને લોકોની નજરનું કેન્દ્ર બનતી જઈ રહી છે અને વાસના ભૂખ્યી આંખોનો ખોરાક બનતી જોવા મળે છે. શરમ તથા હયા તેમનાથી માઈલો દૂર નાસી ગઈ છે. મુસલમાન સ્ત્રીઓ આવી ન હતી ! તે પાકીઝા કિરદાર અને સારા ચારિત્ર્યની માલિક હતી. ઈજ્જત ખાતર મૌતને કૃબૂલ કરી લેતી, જ્યારે આજે કહેવાતી મુસ્લિમ ખાતૂનો યહૂદ તથા ઈસાઈના કલ્ચરને અપનાવી પોતાની ઈજ્જતના ધજાગરા ઉડાડી રહી છે. ઈલ્લા માશા અલ્લાહ !

### ★ લિબાસ પહેરવો જન્નતીઓની સુન્નત છે ! ★

પોશાક માનવ પ્રકૃતિનો તકાઝો છે. હઝરત આદમ علیہ السلامનો જન્નતી લિબાસ ઉતરી ગયો તો આપે જન્નતના પાંદડાં વડે શરીરને છુપાવ્યું. (સૂ. અઅ્રાફ, ૨૦, ૨૧) આ પરથી જાણવા મળ્યું કે લિબાસ પહેરવો એ જન્નતીઓની સુન્નત છે. હઝરત આદમ علیہ السلام જ્યારે આ પૃથ્વી પર તશરીફ લાવ્યા તો અલ્લાહ તઆલાએ તેમના તુફૈલ પોતાના બંદાઓ પર કરમ ફર્માવ્યો અને તેમના માટે લિબાસ ઉતાર્યો. ઈર્શાદે રબ્બાની છે : ''હે આદમની ઔલાદ ! બેશક ! અમે તમારી તરફ એક લિબાસ તે ઉતાર્યો કે, **''તમારી શર્મગાહો છુપાવીએ''** અને એક તે જે તમારો શણગાર બને, અને **''પરહેઝગારીનો લિબાસ સૌથી શ્રેષ્ઠ.''** *(સૂરએ અઅ્રાફ–૨૬)*

રબ તઆલાએ લિબાસનો હેતુ એ દર્શાવ્યો કે, **''શર્મગાહો, શરમનાં અંગોને આપણે છુપાવીએ.''** આના પરથી તે બહેનો બોધ લે કે રબ તઆલા જે આપણો ખાલિક્ માલિક છે, જેના હુકમ વિના એક પછી બીજો શ્વાસ નસીબ નથી થઈ શક્તો, તેની મરજીની વિરૂદ્ધ વર્તીને પોતાના શરીરનાં અંગોનું પ્રદર્શન થાય એવા ચુસ્ત તથા બારીક લિબાસો પહેરીને તેઓ ન દુનિયામાં ચૈન પામી શક્શે ન આખેરતમાં ચૈન પામી શક્શે. બલ્કે જહન્નમની આગ તેણીઓના ઈંતેઝારમાં જ છે.

તે ભાઈઓ પણ સબક લે કે રબ તઆલાએ શર્મગાહોને છુપાવવા પોશાક ઉતાર્યો તેના આ હેતુ વિરુદ્ધ તેઓ પોતાની સ્ત્રીઓને નગ્નતા દર્શાવતા પોશાકો પહેરાવશે તો યાદ રાખી લે કે બંને જહાનની બર્બાદી તેમનું મુકદ્દર બની જશે.

## ★ શ્રેષ્ઠ લિબાસ, તક્વાનો લિબાસ ! ★

તદ્ ઉપરાંત રબ તઆલાએ ફર્માવ્યું : **"પરહેઝગારીનો લિબાસ સૌથી શ્રેષ્ઠ લિબાસ."** પોતાનામાં એક અર્થોની દુનિયા ધરાવે છે. તક્વા અને પરહેઝગારી (અલ્લાહના ડરથી ગુનાહોથી દૂર રહેવું) એના પર કૌમોની મહાનતાનો આધાર છે. આ જ બાતિની (અંતરનો) લિબાસ કૌમોની કિસ્મતનો ફેંસલો કરે છે. અને જ્યાં સુધી મુસ્લિમ કૌમ રસૂલ, સહાબા, તાબઈન તથા અવલિયાના દૌરમાં જાહેરી પોશાક (સતર ઢાંકતાં કપડાં) તથા આંત્રિક લિબાસ (તક્વા)થી સજ્જ હતી ત્યાં સુધી દુનિયાની મહાસત્તાઓ તેના સામે તુચ્છ બની જતી હતી, જ્યારે આજે ન જાહેરી લિબાસ આ કૌમનો સહીહ છે ન બાતિની લિબાસ સહીહ છે ત્યારે મુસ્લિમ કૌમની જગતભરમાં શું બેઈજ્જતી થઈ રહી છે, કેવી ઠોકરો આ કૌમ ખાય રહી છે કે ચોતરફથી ભગાડવામાં આવી રહી છે પણ કોઈ શરણ નથી મળતું ! આ હાલત સૌ કોઈ જોઈ રહ્યા છે. પણ દિલો દિમાગ ગુનાહોના બોજમાં એવાં બહેર મારી ગયાં છે કે નસીહત સાંભળવા પણ કોઈ તૈયાર નથી ! ખુદા જાણે આગળ જતાં જગતમાં આ કૌમના શું શું તમાશા થશે ?! અલ્લાહની પનાહ !

## ★ લિબાસના આ ચાર મક્સદો તમે પાર પાડો છો ?! ★

લિબાસના મુખ્ય આ ચાર મક્સદો છે : (૧) શારીરિક (૨) સંસ્કારિક (૩) કૌમી તથા મઝહબી (૪) રૂહાની. "શારીરિક" હેતુ એ છે કે શરીરને ગરમી તથા ઠંડીની તકલીફથી બચાવવામાં આવે. "સંસ્કારિક" (અખ્લાકી) હેતુ એ છે કે **માનવ શરીરના જે ભાગો પર અન્યની નજર ન પડવી જોઈએ તે છુપા રહે.** "કૌમી તથા મઝહબી" હેતુ એ છે કે **જાતિની ઓળખ બાકી રહે,** અને મુસલમાન **મુસલમાન તરીકે** સમાજમાં ઓળખાવો જોઈએ. "રૂહાની હેતુ" એ છે કે **નજર આમ તેમ ભટકવાથી બચેલી રહે** અને એકાગ્રતા ઉપલબ્ધ રહે જે કામયાબ જિંદગીના માટે અતિ જરૂર છે. *(લિબાસે રસૂલ ﷺ, અઝ : પ્રો. મસ્ઊદ)*

હવે જે બહેનો નગ્નતા જાહેર કરતો લિબાસ પહેરે છે, ચુસ્ત પારદર્શક આછાં આછાં, ઊંચા, ઊંચાં, ટોપ લેસ, સ્લીવ લેસ, સ્લેક્સ, જિન્સ પેન્ટ, ટી શર્ટ, જર્સી, ખુલતા તથા ઊંડા ગળાવાળા પોશાક પહેરે છે કે છાતી ઝલકે ! તે તેણીઓ શરીરને ગરમી કે ઠંડીની તકલીફથી નથી બચાવી શક્તી, છતાં વટમાં ચાલતી રહે છે ! સંસ્કારિક લિબાસ તો એને કોણ કહેશે કે આ શરીર પ્રદર્શન કરતો લિબાસ અખ્લાક તથા સંસ્કારનું જ ખૂન કરી રહ્યો છે ! કૌમી તથા મઝહબી હેતુમાં તો આ લિબાસ મુદ્દલે ફેઈલ છે કેમ કે મુસલમાન સ્ત્રીનો ઈસ્લામી કાનૂન મુજબ હરગિઝ એ લિબાસ નથી જે ગૈરો સમક્ષ પોતાનું શરીર જાહેર કરે. જેથી મુસ્લિમ તરીકે એની ઓળખ થશે જ નહીં ! અને રૂહાની હેતુ સાથે એવા સૌની નજરોને દા'વત દેતા લિબાસને શું લેવા દેવા રહી ?! અફસોસ ! આપણી બહેનો ક્યારે સમજશે કે મુસ્લિમ ખાતૂન કેવી

હોવી જોઈએ ? અલ્લાહ હિદાયત આપે ! એ જ પ્રમાણે **પુરૂષો**ને પણ હિદાયત આપે કે **ચડ્ડા** અથવા **ફાસિક઼ો, બદ્‌માશો જેવા પોશાકો** ન પહેરે બલ્કે એવો લિબાસ તથા દેખાવ રાખે કે જોનાર તેને બાઅદબ, બાઅખ્લાક઼, બાઈઝ્ઝત ઈમાનવાળો સમજે.

એક કિતાબમાં વાંચ્યું કે લંકાથી મદીના મુનવ્વરા આવનારા હિંદુઓએ મહાન સહાબીએ રસૂલ ફારૂક઼ે આ'ઝમ رضي الله عنهને થીંગડાં મારેલા લિબાસમાં જોયા તો આશ્ચર્યમાં પડી ગયા કે સમયનો ખલીફા, અમીરુલ મો'મિનીન, જેના નામથી દુશ્મનો કાંપે છે તે આટલો સાદો છે ?! તેમણે લંકા પાછા આવીને આ હાલ લોકોને સંભળાવ્યો અને **ફારૂક઼ે આ'ઝમની યાદમાં (કપડુ ફાટી જતાં) થીંગડાં મારેલાં કપડાં પહેરવા લાગ્યા.** *(લિબાસે રસૂલ ﷺ)*

**અફસોસ ! હજારો અફસોસ !** આજના મુસલમાન યુવાનો માલદાર હોવા છતાં **ખબીષ, ફાસિક઼, કાફિર હીરોની યાદમાં જાણી બુઝીને થીંગડાંવાળાં તથા ફાટેલાં કપડાં મોંઘી કિંમતે ખરીદીને પહેરે છે !** તેમના જેવા વાળો કપાવે છે ! **એક હિંદુના વિચારોથી પણ નીચ વિચારો** આ મુસલમાન યુવાનોના નથી ?! અલ્લાહ હિદાયત આપે.

### ★ રહ્‌મતના ફરિશ્તા નગ્નતા દર્શાવતી વ્યક્તિથી દૂર થઈ જશે ! ★

ઈસ્લામમાં સતરપોશી (શરીરના ગુપ્ત ભાગો ઢાંકવા)ની તાક઼ીદ થઈ છે. સ્ત્રીઓ તથા પુરૂષો બંનેના માટે સતર ઢાંકવાની હદો નિશ્ચિત કરવામાં આવી છે. **ઈસ્લામમાં તો એકાંતમાં પણ વિના કારણે સતર (છુપાવવાના ભાગો) ખોલવું પસંદીદા નથી.** એક સહાબીના પ્રશ્ન કરવા પર હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું : **"ખુદા તો જુએ છે, તેનાથી સર્વથી વિશેષ શરમ કરવી જોઈએ."** બીજા ઠેકાણે ફર્માવ્યું : **"કદી નગ્ન ન થાવ** કેમ કે **તમારી સાથે ફરિશ્તા રહે છે, તેઓ નગ્નતા વખતે જુદા થઈ જાય છે, તમે તેમનાથી શરમ કરો અને હયા કરો."** *(સુનને તિર્મિઝી)*

હવે જે સ્ત્રીઓ નગ્નતા જાહેર કરતો કહેવાતો પોશાક પહેરે અને તેના છુપાવવાના ભાગો (સતર) જાહેર થાય તો નિશ્ચિત છે કે તે તેણીથી રહ્‌મતના ફરિશ્તા દૂર થઈ જશે. અને જેની સાથેથી અલ્લાહની રહ્‌મતના ફરિશ્તા દૂર થઈ જાય તેની દુનિયા તથા આખેરતમાં ક્યાંથી ભલાઈ રહેશે ?! અને એનાં પરિણામો આપણે જોઈ જ રહ્યા છીએ કે આવી આવારા સ્ત્રીઓ, સ્વછંદી યુવતીઓનું જીવન બેચૈનીઓનું વન બન જાય છે, અને તેણીઓ ન ઘરની ન ઘાટની રહે છે ! અને છેવટે **કેટલીક બદ્‌નસીબ સ્ત્રીઓ દુનિયાની જન્નતના ઝાંઝવાઓ પાછળ દોડીને નાસીપાસ થતાં છેવટે આત્મહત્યા કરીને હમેશાંની જહન્નમમાં પડી જાય છે. ન દુનિયા બની ન આખેરત !**

### ★ ખુદાને ખાતર ! ચુસ્ત સ્લેક્સ કે ચસોચસ ઈજાર કે પેન્ટ સ્ત્રીઓને ન પહેરવા દો ! ★

કુર્આને પાકમાં છે : હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાનાં ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો !" *(સૂ. તહ્‌રીમ, આ. ૬)* તેમજ હદીષે પાકમાં છે : "દરેક હાકિમને તેની મહકૂમ (હાથ નીચેનાં) વિશે સવાલ થશે." જેથી આદમીની જિમ્મેદારી છે કે પોતાની ઔલાદ તથા ઘરની સ્ત્રીઓને કન્ટ્રોલ કરે.

અવ્વલ તો **પહેલેથી જ ઘરનો માહોલ દીની ઈસ્લામી રાખે,** પ્યાર મહોબ્બતથી બચપનથી ઈસ્લામી જીવન ઢબની તા'લીમ આપે, T.V. પર પિક્ચરો, સીરિયલો, I.P.L. મેચો, વગેરે ન જુએ ન દેખાડે ! જેથી તેઓ શરમો હયાથી સજ્જ રહે, બેહયા ન થઈ જાય, અને તેમને નેક ખાતૂનોના, હઝરત ફાતિમા ઝહ્રા તથા નેક બીબીઓનાં જીવનની પાકીઝગીના વાકેઆથી માહિતગાર કરે, કુર્આન હદીષનો દર્સ ઉર્દૂ ગુજરાતી કિતાબોથી કરે કરાવે તો ઈન્શાઅલ્લાહ ! તેમનામાં હયા બાકી રહેશે. સારી સોહબતમાં રહેવા સમજાવે. અને કદાપિ ! કદાપિ ! **''ચુસ્ત સ્લેક્સ''** જે **શરીરનો લિબાસ નહીં શરીરને ખોલી ખોલીને જાહેર કરનાર ચીજ છે !** જેનાથી પગોના, જાંગના, સીટના સર્વ આકારો નગ્ન હોય તેમ જોનારને નજરે પડે છે જેનાથી જોનારની વાસનાનો કીડો સળવળે છે. એ જ પ્રમાણે ચસોચસ ઈજાર જાણે શરીર સાથે લપેટી છે ! તથા જિન્સ પેન્ટ પણ કે જે પુરૂષનો પોશાક છે તેને પહેરીને તથા ટી શર્ટ તેમજ સ્લીવ લેસ જેનાથી સ્ત્રીના મસલ્સ આકષર્ણનું કેન્દ્ર બને છે તે તથા ઊંડા કટવાળા છાતી ઝલકાવતા ડ્રેસો તથા **શરીર જોડે ચીપકી જતા જભ્ભા** કે વિવિધ **ફેશનવાળા ભપકાદાર ડ્રેસો જેનાથી છાતીનો ઉભાર જાણી જોઈને** લોકો સમક્ષ જાહેર કરવામાં આવે છે (માથા પર પુરૂષોના અમામા જેમ ઓઢણી વિંટાય છે અને છાતીને પ્રદર્શનમાં મૂકાય છે !) અને મોડેલની જેમ નખરાં સાથે ચાલનારી યુવતીઓ અંગ પ્રદર્શન કરીને ગૈર મર્દોને ખુશ કરી દે છે ! ટૂંકમાં એવા દરેક ડ્રેસો એ જભ્ભો હોય, ટી શર્ટ હોય કે અવનવી ફેશનવાળા ડ્રેસો હોય જેનાથી અંગ પ્રદર્શન થતું હોય તે તમારી સ્ત્રીઓને ન પહેરવા દો, નહીં તો કયામતમાં એ તો જહન્નમમાં સળગશે જ પણ તમે **''દય્યૂષ''** ઠરશો, અને તમો પણ જન્નતની ખુશ્બુ સુદ્ધાં પામી શકશો નહીં. હદીષમાં છે કે, ''જન્નતની ખુશ્બુ ૫૦૦ વરસના અંતરેથી સુગંધ આપે છે પણ **''દૈયૂષ''** જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં.'' આ જિંદગીને ખેલ ન સમજો બલ્કે જન્નત તથા જહન્નમ પામવાનો પરીક્ષા ખંડ સમજો અને અત્યારથી ચેતીને જન્નતની રાહ પામવા કોશિશ કરો.

## ★ ફેશનની પૂતળીઓને ખુદા વ રસૂલની વોર્નિંગ ! ★

જે સ્લેક્સ તથા ખભાથી હાથો પૂરા ખુલ્લા રહે તેવા તથા જાંગો તથા છાતીના ઉભારો જાહેર કરે તેવા ડ્રેસો પહેરી લોકોના આકષણનું કેન્દ્ર બને છે તે મુસલમાન તેણી વિચારે કે **એ કેટલી મહાન ધર્મ ઈસ્લામની તથા અલ્લાહ વ રસૂલ** عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ**ની બાગી (વિદ્રોહી) સ્ત્રી છે** કે તેનાથી રબ તઆલા તથા તેના રસૂલ علیہ الصلوٰۃ والسلام નારાજ થઈને શું ફર્માવે છે તે ગંભીરતાથી સાંભળે ! :–

''મુસલમાન સ્ત્રી પુરૂષના માટે જાઈઝ નથી કે **જ્યારે અલ્લાહ અને રસૂલ કોઈ બાબતમાં ફૈંસલો ફર્માવી આપે તે એમાં એમનો અધિકાર બાકી રહે.** અને જે અલ્લાહ વ રસૂલનો નાફર્માન છે તે **ખુલ્લો ગુમરાહ** છે.'' *(સૂરએ અહઝાબ, આ. ૩૬)*

બીજે ઠેકાણે રબ તઆલા ફર્માવે છે : ''અને પોતાનો શણગાર ન દેખાડો પણ જેટલો (ચહેરો અને હથેળીઓ) ખૂદ જ જાહેર છે અને ઓઢણીઓ પોતાની ગરદનો પર નાખેલ રાખો.'' *(સૂરએ અહઝાબ, આ. ૨૨)*

હદીષે પાકમાં છે : **હયા** (શરમ, ગૈરત) અને **ઈમાન** એકબીજાના સાથી છે, જ્યારે એક ઉઠાવી લેવામાં આવે છે તો બીજુ પણ ઉઠી જાય છે.'' *(બયહકી, મિશ્કાતુલ મસાબીહ–૪૩૨)*

''હયા ઈસ્લામની ખૂબી છે, હયા ભલાઈ જ લાવે છે, હયા સંપૂર્ણ ભલાઈ છે. જ્યારે તમારી

પાસે હયા ન હોય તો ફાવે તેમ કરો" વગેરે શબ્દો હદીષમાં આવેલ છે. હવે આ કેટલી મહાન ગંભીરતાવાળી વોર્નિંગ છે કે, **"હયા ઉઠી જાય તો ઈમાન પણ ઉઠી જાય છે !"** તો જેનું ઈમાન ઉઠી જશે તેના માટે **હમેશાંની જહન્નમ નિશ્ચિત** છે. તો બહેનો ! ભાઈઓ ! હજી સમય છે, ગૈરોની દેખાદેખી તમે નગ્નતા અપનાવી દુનિયા તથા આખેરતમાં કોડીની ન થઈ જાવ ! અને ખુદા વ રસૂલની નારાજગી વહોરી જહન્નમને પાત્ર ન બની જાવ ! હયાદાર સ્ત્રીઓની સરદાર, જન્નતી ઔરતોની સરદાર **હઝરત ફાતિમા ઝહરા** رضی اللہ عنہا એ તો ફર્માવ્યું કે, **"સ્ત્રીના માટે સૌથી શ્રેષ્ઠ એ છે કે તેણીને નામહરમ (ગૈર) પુરૂષ ન જુએ."** *(ફતાવા રઝવિય્યહ, ભાગ-૧૦, નિસ્ફ અવ્વલ, પેજ-૨૮)*

**અફસોસ !** આજે સ્ત્રીઓ થકી સર્વ ફેશનો તથા શરીર પ્રદર્શનો અન્ય પુરૂષોને દેખાડવા માટેની જાણે હરીફાઈ જામી છે ! એક એકથી ચઢીને શરીર દેખાય તેવા ડ્રેસો પહેરાય રહ્યા છે. તેવી સ્ત્રીઓ રસૂલુલ્લાહ ﷺની આ વોર્નિંગ સાંભળી લે !

".......તે સ્ત્રીઓ જે પોશાક પહેરવા છતાં પણ નગ્ન રહેનારી ! બીજાઓને આકર્ષિત કરનારી, ખુદ બીજાઓ તરફ આકર્ષિત થનારી, એમનાં માથાં બખ્તી ઊંટોના ઢેકાની જેમ લટક મટક થતાં હશે, **તેઓ ન જન્નતમાં જશે ન એની ખુશ્બુ મેળવશે,** જ્યારે કે જન્નતની ખુશ્બુ આટલા આટલા દૂરથી અનુભવવામાં આવશે." *(સહીહ મુસ્લિમ શરીફ, ૨/૨૦૫)*

બીજી હદીષમાં છે : "રસૂલુલ્લાહ ﷺએ સ્ત્રીઓ જેવો દેખાવ આપનાવનારા પુરૂષો (ક્લિન સેવ !, સ્ત્રીઓ જેમ લાંબા વાળ રાખનારા, ચેઈનો, કાનની બુટ્ટીઓ, બંગડીઓ પહેરનારા) અને પુરૂષો જેવો દેખાવ અપનાવનારી સ્ત્રીઓ (પેન્ટ, ટી શર્ટ, વાળ, ભવાં કપાવવાં....વગેરે) પર **લઅનત** મોકલી છે. *(રિયાઝુસ્સાલેહીન, બહવાલા બુખારી શરીફ)*

તેમજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાની કિતાબ "અલ અસ્રારુલ મેઅરાજ"માં લખે છે કે, જ્યારે **મેઅરાજની રાત્રે** હુઝૂરે અકરમ ﷺએ વાળોથી લટકેલી સ્ત્રીઓ જોયી **જેમનાં દિમાગો હાંડલીઓની જેમ ઉકળી રહ્યા હતાં !** (અઝાબમાં) તો આપે પૂછતાં જણાવ્યું કે, "આ બેપર્દા સ્ત્રીઓ છે ગૈરો સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરાવતી હતી. *(હિજાઝ જદીદ, ફેબ્રુ. ૧૯૯૨)*

એક હદીષમાં છે ! બેશક ! સ્ત્રી ખુશ્બુ લગાડીને મજલિસમાં પસાર થાય તો તેણી **ઝિના કરનાર (વ્યભિચારીણી)** છે." (મિશ્કાતુલ મસાબીહ) તેમજ એક હદીષનો ભાવાર્થ છે કે, "જે સ્ત્રી એટલા માટે **શણગાર કરે (બની ઠનીને નીકળે)** કે લોકો તેના તરફ આકર્ષાય, તો તે સ્ત્રી **ઝાનિયા** (વ્યભીચારીણી) છે."

**વિચારો !** રસૂલુલ્લાહ ﷺ કેટલા નારાજ થતા હશે તેવી સ્ત્રીથી કે તેણીને **"વ્યભિચાર કરનારી"** એવા ખતરનાર શબ્દો વડે સંબોધે છે ! કોણ બદબખ્ત સ્ત્રી હશે જે **રસૂલુલ્લાહ ﷺથી આ લેબલ મેળવી** જહન્નમમાં પડવા તૈયાર થશે ?! હે મુસલમાન બહેનો ! હે ફાતિમા ઝહ્‌રાની બાંદીઓ ! તમારો દુનિયા આખેરતમાં ઊંચો ઈજ્જતનો મક઼ામ છે ! તમે ક્યાં ગૈરોની સ્ત્રીઓ કે જેમના ખયાલો પણ નાસ્તિક કે અધર્મી જેવા હોય છે, જેમના ત્યાં ખૌફે ખુદા જેવી કોઈ ચીજ નથી, જેમનુ અલ્લાહ તથા રસૂલ પર ઈમાન જ નથી, જેમનું ક઼બરના અઝાબ પર, ક઼યામતના હિસાબો કિતાબ પર ઈમાન નથી, જે તેણીઓ દુનિયાની જિંદગીને જ સર્વ કાંઈ સમજી બેઠી છે, જેમનામાં

શરમ કે હયા નથી, તેમને રવાડે તમે ક્યાં ચઢી છો ?! પલટી આવો બહેનો ! અને તૌબા કરી લો, ખુદા પાક તૌબા ક઼બૂલ કરનાર મહેરબાન છે, તે તમને માફ કરી દેશે અને તે એવો મહેરબાન છે કે **સાચા દિલથી તૌબા કરી તો તમારા ગુનાહોને નેકીઓમાં ફેરવી દેશે !** માટે હજી સમય છે માની જાવ અને શરમ હયાનો લિબાસ અપનાવો.

કેટલાક કહેવાતા એજ્યુટેડો કહે છે કે, "હવે એ જૂનવાણી યુગ નથી ! હવે દુનિયા અજ્ઞાનતા (જેહાલત)વાળી નથી જેથી બહું રૂઢીચુસ્ત ન બનવું અને મોર્ડન સ્ટાઈલમાં જ ફેશનમાં જીવવું જોઈએ !" તો સાંભળી લો ! તમે મુસલમાન હશો તો જરૂર એ વિચારને ફગાવી દેશો, કેમ કે તમારો રબ જેના જ્ઞાનની, ઈલ્મની, હિકમતોની કોઈ સીમા નથી તે ફેશનેબલ સ્ત્રીઓ માટે શું ફર્માવે છે ?! સાંભળો !

રબ તઆલા ફર્માવે છે : "પોતાના ઘરોમાં રહો અને પહેલી (ઈસ્લામ પહેલાંની) જાહિલિયત–અભણતાની જેમ બેપર્દા ન ફરો." *(સૂ. અહઝાબ, આ. ૨૨)* સારાંશ નગ્નતાવાળા લિબાસમાં ફરવું એ જ અભણતા–અજ્ઞાનતા છે અને ઈસ્લામે તમને જ્ઞાન આપ્યું પછી એજ્યુકેટેડ (જ્ઞાની) તે કહેવાશે જે નગ્નતામાં ન રહે, ન તેના ફેવરમાં રહે. હવે તમે તમારી સડેલી બુદ્ધિથી જીવો કે રબની મરજીથી જીવો એ તમારા પર છે ! જો નહીં માનો તો આ'લા હઝરત رضی اللہ عنہએ કહ્યું તેમ કહેવું પડશે કે :–

*શર્મે નબી, ખૌફે ખુદા, યહ ભી નહીં, વહ ભી નહીં*

## ★ મુસલમાન સ્ત્રી કેવો પોશાક પહેરે ?! ★

પર્દો ઓછામાં આછો કેટલા પ્રમાણમાં જોઈએ એના બારામાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફર્માવ્યું : "શરીઅતે પાકમાં ભૂજાઓ (પૂરા હાથો), પહોંચુ, ગળાથી પોતાની ઘૂંટીઓની નીચે શરીરનો કોઈ ભાગ **ગૈર મેહરમો** અને કાફિર સ્ત્રીઓ **સામે ખુલ્લો રાખવો હરામ** છે.

સ્ત્રી જાડાં (શરીર ઝલકે નહીં તેવાં) અને ઘેરવાળાં (ખુલતાં) કપડાંઓ પહેરે, માથાથી પગ સુધી શરીર ઢાંકીને નીકળે કે મોં અને હથેળીઓ સિવાય વાળ, ગળુ, ભૂજાઓ, કોણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમનામાંથી કોઈ પણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે સ્ત્રીઓ ફાસિક઼ા (ખુલ્લમ ખુલ્લા હરામ કરનારી) અને તેમના પુરૂષો "દૈયૂષ" છે, એવા લોકોથી બચવું જોઈએ. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, નિસ્ફ આખિર, પેજ–૧૨૯)* અને વર્તમાન ખરાબીના સમયમાં ઉલમાએ **ચહેરો છુપાવવું વાજિબ** ઠરાવ્યું જેથી કે તેના પર પર્દો નાખી લે. અલ્લાહ પાક તેના હબીબ ﷺના સદક઼ામાં નેક તૌફીક઼ આપે. (આમીન)

## :: હઝરત મન્નાનીમિયાંનું ભરૂચમાં આગમન ::

નબીરએ આ'લા હઝરત, હઝરત કિ઼બ્લા મૌલાના મન્નાન રઝાખાં સાહબ (બાની : જામિઆ નૂરીયા રઝવિય્યહ–બરેલી શરીફ) હુઝૂર તાજુશ્શરીઅહના ભાઈ તા. ૨–૪–૨૦૧૬ના રોજ દયાદરા ખાતે તશરીફ લાવ્યા હતા. બે દિવસના રોકાણ દરમિયાન આપ સાહબે દયાદરામાં કેટલાયે અક઼ીદતમંદોના ઘરે હાજરી આપી ખિદમતનો મોક઼ો આપ્યો હતો. તેમજ દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ તથા દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ તથા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે હાજરી આપી તલબાને નસીહતો કરી દુઆઓ આપ હતી. તા. ૫–૪–૨૦૧૬ના રોજ હઝરતની વિદાયગીરી થઈ હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

કાર્યાલય

અઝ : **આ'લા હઝરત**
**ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન**
**આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફ્સીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકૂઅ છે.**

وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ ؕ وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ
خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّلَوْ اَعْجَبَتْكُمْ ۚ وَلَا تُنْكِحُوا
الْمُشْرِكِيْنَ حَتّٰى يُؤْمِنُوْا ؕ وَلَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنْ
مُّشْرِكٍ وَّلَوْ اَعْجَبَكُمْ ؕ اُولٰٓئِكَ يَدْعُوْنَ اِلَى النَّارِ ۖۚ
وَاللّٰهُ يَدْعُوْٓا اِلَى الْجَنَّةِ وَالْمَغْفِرَةِ بِاِذْنِهٖ ۚ
وَيُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿۲۲۱﴾
وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ؕ قُلْ هُوَ اَذًى ۙ فَاعْتَزِلُوا
النِّسَآءَ فِى الْمَحِيْضِ ۙ وَلَا تَقْرَبُوْهُنَّ حَتّٰى يَطْهُرْنَ ۚ
فَاِذَا تَطَهَّرْنَ فَاْتُوْهُنَّ مِنْ حَيْثُ اَمَرَكُمُ اللّٰهُ ؕ
اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ ﴿۲۲۲﴾
نِسَآؤُكُمْ حَرْثٌ لَّكُمْ ۪ فَاْتُوْا حَرْثَكُمْ اَنّٰى شِئْتُمْ ۫
وَقَدِّمُوْا لِاَنْفُسِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ
مُّلٰقُوْهُ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿۲۲۳﴾ وَلَا تَجْعَلُوا اللّٰهَ عُرْضَةً
لِّاَيْمَانِكُمْ اَنْ تَبَرُّوْا وَتَتَّقُوْا وَتُصْلِحُوْا بَيْنَ
النَّاسِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۲۲۴﴾ لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ
بِاللَّغْوِ فِىْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا كَسَبَتْ
قُلُوْبُكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ﴿۲۲۵﴾

*અને **શિર્કવાળી સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો જ્યાં સુધી મુસલમાન ન બની જાય**[૧૭૮] અને બેશક ! મુસલમાન લોંડી મુશ્રિક સ્ત્રીથી સારી છે[૧૭૯] ભલે પછી તેણી (મુશ્રિકા) તમને પસંદ હોય. અને મુશ્રિકોના નિકાહમાં ન આપો જ્યાં સુધી તેઓ ઈમાન ન લાવે[૧૮૦] અને બેશક ! મુસલમાન ગુલામ મુશ્રિકથી સારો છે ભલે પછી તે (મુશ્રિક) તમને ગમતો હોય. તેઓ દોઝખ તરફ બોલાવે છે[૧૮૧] અને અલ્લાહ જન્નત અને બખ્શિશ તરફ બોલાવે છે પોતાના હુકમથી અને પોતાની આયતો લોકો માટે બયાન કરે છે કે ક્યાંક તેઓ નસીહત માને (૨૨૧) અને તમને હૈઝનો હુકમ પૂછે છે[૧૮૨] તમે ફર્માવો તે નાપાકી છે તો સ્ત્રીઓથી અલગ રહો હૈઝ દરમ્યાન અને એમનાથી નિકટતા ન કરો જ્યાં સુધી પાક ન થઈ જાય, પછી જ્યારે પાક થઈ જાય ત્યારે એમની પાસે જાવ જ્યાંથી તમને અલ્લાહે હુકમ આપ્યો, બેશક ! અલ્લાહ પસંદ કરે છે ખૂબ તવબહ કરનારાઓને અને પસંદ કરે છે સ્વચ્છ રહેનારાઓ (૨૨૨) તમારી સ્ત્રીઓ તમારા માટે ખેતી છે. તો પોતાની ખેતીમાં જે રીતે ઈચ્છો આવો[૧૮૩] અને પોતાના ભલાનું કામ પ્રથમ કરો[૧૮૪] અને અલ્લાહથી ડરતા રહો અને જાણી રાખો કે તમારે તેને મળવાનું છે અને અય*

*મહબૂબ! ઈમાનવાળાઓને ખુશખબર આપો (૨૨૩) અને અલ્લાહને પોતાના સોગંદોનું નિશાન ન બનાવી લો[૧૮૫] કે એહસાન અને પરહેઝગારી અને લોકોમાં સુલેહ કરવાની કસમ ખાઈ લો, અને અલ્લાહ સાંભળે જાણે છે (૨૨૪) અલ્લાહ તમને નથી પકડતો તે કસમોમાં જે વગર ઈરાદે જબાનથી નીકળી જાય. હા ! તેના પર પકડ કરે છે જે કામ તમારા દિલોએ કર્યું[૧૮૬] અને અલ્લાહ માફ કરનાર ધીરજવાન છે (૨૨૫)*

## :: સમજૂતી ::

**૧૭૮. શાને નૂઝુલ** : હઝરત મરસદ ગનવી એક બહાદુર માણસ હતા. હુઝૂર ﷺએ તેઓને એટલા માટે મક્કા મોકલ્યા કે ત્યાંથી કોઈ યુક્તિ કરીને બધા મુસલમાનોને કાઢી લાવે. ત્યાં ઈનાક નામની મુશ્રિક સ્ત્રી હતી જે જહાલતના સમયમાં એમની સાથે પ્રેમમાં હતી. રૂપાળી અને ધનવાન હતી. જ્યારે તેણીને એમના આગમનની ખબર થઈ ત્યારે એમની પાસે આવી અને સમાગમની ઈચ્છા દર્શાવી. હઝરત મરસદે ખુદાના ખૌફથી એનો ઈન્કાર કર્યો અને કહ્યું કે, ઈસ્લામ આ બાબતની રજા આપતો નથી. ત્યારે તેણીએ નિકાહની ઈચ્છા દર્શાવી, આપે જવાબ આપ્યો કે એ વાત પણ હુઝૂર ﷺની આજ્ઞા પર આધારિત છે. પોતાનું કામ પતાવીને જ્યારે તેઓ હુઝૂરની સેવામાં હાજર થયા ત્યારે વિગત દર્શાવીને નિકાહ વિશે પૂછયું, ત્યારે આ આયત ઉતરી. *(તફસીરે અહમદી)* અમુક આલિમોએ કહ્યું કે, જે હુઝૂર ﷺ સાથે કુફ્ર કરે તો મુશ્રિક છે, ભલે તે ખુદાને એક માનતો હોય અને તવહીદનો દાવેદાર હોય. *(ખાઝિન)*

**૧૭૯. શાને નુઝૂલ** : એક દિવસ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ કોઈ ભૂલસર પોતાની લોંડીને તમાચો માર્યો, પછી હુઝૂરની સેવામાં હાજર થઈને હકીકત કહી જણાવી. હુઝૂર ﷺએ તેની હાલત વિશે પૂછપરછ કરી. તેમણે કહ્યું કે તેણી ખુદાની વહદાનિયત અને આપની રિસાલતની ગવાહી આપે છે, રમઝાનના રોઝા રાખે છે, ખૂબ વુઝૂ કરે છે અને નમાઝ પઢે છે. હુઝૂરે ફર્માવ્યું, તેણી મો'મિના છે. ત્યારે તેમણે કહ્યું કે, તે જાતેપાકની સોગંદ જેણે આપને સાચા નબી બનાવીને મોકલ્યા છે, હું તેણીને આઝાદ કરીને તેણી સાથે નિકાહ કરી લઈશ. પછી તેમણે એવું જ કર્યું, ત્યારે લોકો તેમને મ્હેણાં મારવા લાગ્યા કે એક કાળી કલોટી લોંડી સાથે નિકાહ કર્યા ! તમારા માટે ફલાણી સૌંદર્યવાન, માલદાર, આઝાદ સ્ત્રી હાજર છે. જે સ્ત્રી વિશે તેમને કહેવામાં આવ્યું હતું તે મુશ્રિકા હતી. ત્યારે આ આયત ઉતરી કે "વ–લ–અ–મ–તુમ..." અર્થાત મુસલમાન લોંડી મુશ્રિકા કરતાં બેહતર છે, ભલે પછી મુશ્રિકા આઝાદ અને સૌંદર્યવાન હોવાના કારણે સારી લાગતી હોય.

**૧૮૦.** આ સંબોધન ઔરતના વાલીઓને છે.

**મસ્અલો** : મુસલમાન ઔરતનાં લગ્ન કાફિર, મુશ્રિક સાથે **હરામ** છે.

**૧૮૧.** માટે એમનાથી બચવું જરૂરી અને એમની સાથે **મિત્રતા કે સગપણ નાજાઈઝ** છે.

**૧૮૨. શાને નુઝૂલ** : અરબસ્તાનના લોકો યહૂદીઓ અને અગ્નિપૂજકોની જેમ હૈઝવાળી સ્ત્રીથી ખૂબ ઘૃણા કરતા હતા, સાથે રહેવું, ખાવું, પીવું તેમને અણગમતુ લાગતું હતું અને એટલી હદે પહોંચી ગયા હતા કે તેણીઓ સાથે વાત કરવી અને એમના તરફ જોવું પણ હરામ સમજતા હતા. જ્યારે ખ્રિસ્તીઓ એનાથી વિરૂધ્ધ હૈઝ દરમ્યાન સ્ત્રીઓ સાથે ખૂબ હેતથી મગ્ન રહેતા અને તેણીઓ સાથેના મેળ મિલાપના દિવસો કરતાં પણ આગળ વધી જતા. ત્યારે મુસલમાનોએ હુઝૂરને હૈઝનો હુકમ પૂછયો. જેના પર આ આયત ઉતરી અને અનાવશ્યક પરહેઝ તથા વ્યવહારમાં અતિશયોક્તિ બન્નેથી રોકવામાં આવ્યા, અને સાફ ફર્માવવામાં આવ્યું કે **હૈઝ દરમ્યાન સ્ત્રી સાથે સંભોગ જાઈઝ નથી.**

**૧૮૩.** અર્થાત સ્ત્રી સમાગમમાં ઔલાદ પ્રાપ્તિની

નિય્યત કરો, માત્ર વાસનાને સંતોષવાનો ઈરાદો ન કરો.

**૧૮૪.** એટલે કે નેક કામો અથવા સંભોગ અગાઉ બિસ્મિલ્લાહ પઢવી.

**૧૮૫.** હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ પોતાના બનેવી નુઅમાન બિન બશીરના ઘરે આવવા જવા અને તેમની સાથે વાતચીત કરવા અને એમના હરીફો સાથે એમની સુલેહ કરાવવાથી કસમ ખાઈ લીધી હતી. જ્યારે તેમને આ બાબતો માટે કહેવામાં આવતું ત્યારે તે કહેતા કે હું એના માટે કસમ ખાય ચૂક્યો છું એટલે એ કામ કરી શકતો જ નથી, એ વિશે આયત ઉતરી અને નેક કામ કરવાથી કસમ ખાઈ લેવાનું મના કરવામાં આવ્યું.

**મસ્અલો** : કોઈ માણસ નેકીનું કામ ન કરવાની કસમ ખાઈ લે તો તેણે કસમ પૂરી ન કરવી જોઈએ અને તે નેક કામ કરવું જોઈએ અને કસમનો કફ્ફારો આપી દે. મુસ્લિમ શરીફની હદીષમાં છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જે માણસે કોઈ કામ પર કસમ ખાઈ લીધી પછી જાણવા મળ્યું કે ભલાઈ અને સારાપણુ એના વિરૂધ્ધમાં છે, તો તેણે પેલું ભલાઈનું કામ કરવું જોઈએ, અને કસમનો કફ્ફારો આપી દેવો જોઈએ.

**મસ્અલો** : અમુક તફસીરકારોએ એવું પણ કહ્યું કે આ આયતથી વાત વાત પર કસમ ખાવાની મનાઈ સાબિત થાય છે.

**મસ્અલો** : કસમ ત્રણ જાતની હોય છે : (૧) લગ્વ (૨) ગુમુસ (૩) મુનઅકિદ. લગ્વ તે છે કે કોઈ બની ગયેલી બાબત પર તેને સત્ય સમજીને કસમ ખાય અને વાસ્તવિક્તા એનાથી વિરૂધ્ધ હોય, એ માફ છે અને એના પર કફ્ફારો પણ નથી. ગુમુસ તે છે કે કોઈ બનેલી બાબત પર જાણી જોઈને જૂઠી કસમ ખાઈ, એમાં ગુનેહગાર થશે. મુનઅકિદ તે છે કે કોઈ ભવિષ્યના કામ માટે ઈરાદો કરીને ખાય, આ કસમને જો તોડશે તો ગુનેહગાર થશે અને કફ્ફારો પણ આપવો પડશે.

પેજ નં. ૪૪ નું ચાલુ...

પઢવામાં આવે છે. ઈ.સ. ૧૯૯૦માં મુસ્લિમોએ એક જબરસ્ત દેખોવો કરીને દુકાનોમાંથી ઈસ્લામ વિરૂધ્ધ સાહિત્ય હટાવી દીધું.

ચીનની કુલ વસ્તીમાંથી બે મિલિયન જેટલી મુસ્લિમ વસ્તી છે જેમાંના ૫૦% મુસ્લિમો જે ચીની છે. આ લાકો HUT કહેવાય છે. જેઓ આખા ચીનમાં ફેલાયેલા છે. બીજા નંબરે તુર્ક મુસ્લિમો છે જેઓ ઘણી શાખાઓમાં વહેંચાયેલા છે. ઔલીગર, અફઝાક, કુર્દ અને તાતાર વગેરે, તેઓ મુખ્યત્વે સેકીયાંગમાં વધારે રહે છે. તેમાંના અમુક અરબી નસ્લમાંથી છે અને તેઓ વધારે પડતા બૈજીંગની આસપાસના વિસ્તારોમાં જોવા મળે છે.

એક અહેવાલ મુજબ હમણાની ચીની સરકારે સીધે સીધી મુસલમાનોની ધાર્મિક સ્વતંત્રતા ઉપર તરાપ મારતાં રમઝાનુલ મુબારકમાં 'ઝનઝીયાંગ' વિસ્તારમાં મુસલમાનો ઉપર રોઝા, બાજમાત નમાઝ, તરાવીહ, ઈફતાર વગેરે પર પાબંદી લગાડી દીધી છે. અહેવાલમાં જણાવ્યાનુસાર સરકારી કર્મચારી ઉપર ઈબાદત પર પાબંદી, સરકારી કચેરીમાં ફરજિયાત ભોજન, મુસ્લિમ વિસ્તારમાં બળજબરીપૂર્વક રેસ્ટોરન્ટ ખોલાવવામાં આવ્યા. આમ ઝનઝીયાંગ વિસ્તારનાં મુસ્લિમોનું જીવન દુષ્કર બનાવી નાખ્યું છે.

વર્લ્ડ ઈયેગર કોંગ્રેસે આ વાત સ્પષ્ટ કરી છે કે રમઝાનુલ મુબારક દરમ્યાન સરકારે સ્થાનિક મુસ્લિમો ઉપર મુશ્કેલીઓના પહાડ તોડયા છે અને રમઝાનુલ મુબારક પહેલાં મુસ્લિમ કર્મચારીઓ પાસેથી સોગંદનામુ લીધુ હતું, જેમાં રોઝા–નમાઝથી દૂર રહેવું, ઈબાદત ન કરવી અને બપોરનું ભોજન ફરજિયાત ખાવું શરતો લખાવી, અને જેમણે ઈન્કાર કર્યો તેમને વાર્ષિક બોનસથી વંચિત રાખી દેવામાં આવ્યા.

*(અઝ : અન્વારૂલ હક્ક બુખારી–મુન્દરા, ફારૂક સાપ્તાહિક, ૧૨–૨–૨૦૧૬)*

**(હદીષ)** : એમના (ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما)થી જ રિવાયત છે, ફર્માવે છે કે હઝરત મૈમૂનાની લોંડીને બકરી સદકો આપવામાં આવી તે મરી ગઈ. હુઝૂરે અકરમ ﷺ એની નજીકથી પસાર થયા તો ફર્માવ્યું કે તમે એનુ ચામડુ કેમ ઉતારી ન લીધુ ? તમે એને પકવી લેત અને ફાયદો ઉઠાવત. લોકોએ અર્ઝ કરી કે તે તો મુરદાર છે ! ફર્માવ્યું કે તેને ફક્ત ખાવું હરામ છે[૧]. *(મુસ્લિમ, બુખારી)*

હુઝૂર ﷺના બીવી સૌદા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે અમારી બકરી મૃત્યુ પામી. અમે એનુ ચામડુ પકાવી લીધું પછી અમે એમાં નબીઝ બનાવતાં રહ્યાં ત્યાં સુધી કે પૂરાણી મશક બની ગઈ[૨]. *(બુખારી)*

(બીજા વિભાગ) : હઝરત લુબાબા બિન્તે હારિષથી રિવાયત છે[૩] ફર્માવે છે કે હઝરત હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہما નબી ﷺની ગોદમાં હતા એવામાં આપનાં કપડાં પર પેશાબ કરી આપ્યો[૪]. મેં અર્ઝ કરી કે બીજા કપડાં પહેરી લો, તમારું તેહબંદ મને આપી દો કે ધોઈ નાખું. ફર્માવ્યું, છોકરીના પેશાબને ધોવામાં આવે છે, અને છોકરાના પેશાબ પરથી પાણી વહાવી દેવામાં આવે છે[૫]. (અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ) તથા અબૂ દાઊદ અને નિસાઈની રિવાયતમાં અબી સમઅથી છે, ફર્માવે છે કે છોકરીના પેશાબને ધોવામાં આવે છે અને છોકરાના પેશાબ પર છાંટા મારવામાં આવે છે[૬].

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પોતાના જોડાથી લાગેલી નાપાકીને ઘસે તો માટી એના માટે પાકી છે[૭]. *(અબૂ દાઊદ)* અને ઈબ્ને માજહની રિવાયતમાં એ જ અર્થ છે.

હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે કે તેમને કોઈ સ્ત્રીએ કહ્યું, મારો દામન લાંબો છે અને હું ગંદી જગાએ ચાલુ છું. આપ બોલ્યાં કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એને બાદમાં આવનારી જમીન પાક કરી નાખશે[૮]. *(માલિક, અહમદ, તિર્મિઝી)* અબૂ દાઊદ, દારમી આ બંનેવે કહ્યું કે એ સ્ત્રી ઈબ્રાહીમ ઈબ્ને અબ્દુર્રહમાન ઈબ્ને ઔફની મા હતાં[૯].

હઝરત મિક્દામ ઈબ્ને મઅ્દીકરબથી રિવાયત છે[૧૦] ફર્માવે છે કે નબી ﷺએ ફાડી ખાનાર જાનવરો (દરિન્દાઓ)નું ચામડુ પહેરવા અને એના પર સવાર થવાથી મના ફર્માવ્યું[૧૧]. *(અબૂ દાઊદ, નિસાઈ)*

હઝરત અબી મલીહ બિન ઓસામાથી રિવાયત છે. તે પોતાના પિતાથી[૧૨] તે નબી ﷺથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ દરિન્દાઓના ચામડાથી મના ફર્માવ્યું[૧૩]. *(અહમદ, અબૂ દાઊદ, નિસાઈ)* અને તિર્મિઝી તથા દારમીએ એટલું વધાર્યુ કે બિછાવવામાં આવે.

## -:: સ....મ....જૂ....તી.... ::-

૧. આ પરથી જાણવા મળ્યું કે મુરદાર જાનવરોનાં ચામડાં પાકવાથી પાક થઈ જાય છે, ત્યાં સુધી કે વાળ, સૂકાં હાડકાં, પઠ્ઠા પાક છે. ખાવા સિવાય અન્ય કામમાં લાવી શકાય છે. જુઓ હાથીદાંત તથા મરેલી ભેંસોના શિંગડાં વગેરેની

કાંસકીઓ તથા બંગડીઓ બનાવવામાં આવે. હુઝૂર ﷺએ હઝરત ફાતિમા رضی اللہ عنہاને હાથીદાંતની બંગડીઓ પહેરાવી.

**૨.** એના પરથી જાણવા મળ્યું કે મુરદારનું ચામડુ જો સંપૂર્ણપણે પકાવી લેવામાં આવે તો ભીનુ થવાથી પણ નાપાક થશે નહીં. હા ! જો કેવળ તડકાથી પકાવવામાં આવ્યું છે તો ભીનુ થવાથી દુર્ગંધ પણ આપશે અને નાપાક પણ થઈ જશે.

**૩.** આપની કુન્નિયત ઉમ્મે ફઝ્લ છે. ક઼બીલા બની આમિરથી છે. હઝરત મૈમૂનાની હમશીરા (બહેન) અને સૈયદના અબ્બાસનાં પત્ની છે. હઝરત અબ્બાસની મોટાભાગની ઔલાદ આપનાથી જ છે. બીબી ખદીજા પછી સૌ પ્રથમ સ્ત્રીઓમાં આપ ઈસ્લામ લાવ્યાં. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને ફઝ્લ ઈબ્ને અબ્બાસ જેવા ઈસ્લામના શાહઝાદાઓનાં વાલિદા (મા) છે.

**૪.** ઉશ્શાક઼ કહે છે કે નાનાની ગોદમાં પેશાબ કરવો સુન્નતે હુસૈન છે, અને નવાસાઓ થકી પોતાનાં કપડાં પર પેશાબ કરાવવો સુન્નતે રસૂલુલ્લાહ છે. સાંભળ્યું છે કે હઝરત મુજદ્દિદે અલ્ફેષાની સરહિંદી رحمۃ اللہ علیہએ વસિયત કરી હતી કે મારા બાદ મારો એક નવાસો થશે, તે બાળક થકી મારી ક઼બ્ર પર પેશાબ કરાવી દેવામાં આવે પછી ક઼બ્ર ધોઈ નાખવામાં આવે. કેમ કે સર્વ સુન્નતો પર મેં અમલ કર્યો પણ નવાસા થકી પેશાબ કરાવી લેવા વાળી સુન્નત અદા નથી થઈ શકી, તો એ સુન્નત મારી ક઼બ્ર પર અદા કરાવી લેવામાં આવે. સુબ્હાનલ્લાહ ! ઈશ્ક઼નો ફત્વો કાંઈ ઔર જ છે !

**૫.** કેમ કે દૂધ પીતી બાળકીનો પેશાબ વધુ બદ્‌બૂદાર હોય છે તેમજ કપડા પર અધિક ફેલાય છે એટલા માટે થોડા પાણીથી ધોવાતો નથી. છોકરાનો પેશાબ એથી વિરુદ્ધ છે. હદીષ ઈમામે આ'ઝમની વિરુદ્ધ નથી.

**૬.** **يُرَشُّ** હઝરત અબૂ સમઅનો પોતાનો ક઼ૌલ છે ન કે હુઝૂર ﷺનું ફર્માન. તે પોતાના ખયાલમાં **يَنْضَحُ**નો અર્થ ઘડી રહ્યા છે. રજૂ કરી ચૂક્યા છીએ કે **نَضَحَ**નો અર્થ પાણી વહાવવું છે, ન કે છાંટા મારવું. યાદ રાખશો કે અબૂ સમઅનું નામ અયાઝ છે અને આપ હુઝૂર ﷺના આઝાદ કરેલા ગુલામ તથા ખાદિમ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે નાના છોકરાઓને સામાન્યતઃ બાપ પોતાની સાથે રાખે છે અને મજલિસોમાં લઈ જાય છે એટલા માટે એમનો પેશાબ ધોવામાં આસાની કરવામાં આવી. છોકરીઓ મોટાભાગે માની ગોદમાં રહે છે એટલા માટે એમાં નરમીની જરૂરત ન હતી. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૭.** અહીં નાપાકીથી સૂકી નાપાકી મુરાદ છે. એટલે કે જો જોડા અથવા ચામડાના મોજા સાથે સૂકી નાપાકી લાગી જાય તો અધિક ચાલવાના કારણે તે અલગ થઈ જશે. તેમજ જો ભીની નાપાકી પણ જોડા વગેરેમાં લાગીને સૂકાય જાય તે પણ જમીનમાં રગળાઈને પાક થઈ જાય છે, પણ ભીની નાપાકી જ્યાં સુધી કે ભીની રહેશે પાક નથી થઈ શક્તી તેમજ ગૈરુલ (જે નજાસત કોઈ ચીજમાં પ્રવેશી જાય) વાળી નજાસત જેમ કે પેશાબ અથવા શરાબ જો જોડા કે મોજામાં લાગીને સૂકાય જાય તો ધોયા વિના પાક થશે નહીં. આ હદીષ મુજમલ છે, એની વિગત ફ઼િક઼્હની કિતાબોથી માલૂમ કરો.

**૮.** આ હદીષ મુહદ્દિષોની નજીક સહીહ નથી કેમ કે ઈબ્રાહીમનાં ઉમ્મે વલદ (પુત્રવાળી બાંદી) નામાલૂમ છે. ઉમ્મતના ઉલમાનો એના પર ઈજમાઅ છે કે નાપાક કપડુ ધોયા વિના પાક નથી થઈ શકતુ, કેમ કે આ હદીષ સેહત (સહીહ પુરવાર થવા) સુધી પહોંચતી જ નથી, તેમજ ઉમ્મતનો ઈજમાઅ પણ એની વિરુદ્ધ છે, જેથી હદીષમાં તાવીલની જરૂરત

નથી. અને શક્ય છે કે આ હદીષમાં સૂકી નાપાકી મુરાદ હોય, એટલે કે જો કપડા સાથે સૂકુ ગોબર વગેરે લાગી ગયું તો આગળ જતાં અલગ થઈ જશે, કપડુ પાક થઈ જશે.

**૯.** એમનું નામ હુમૈદા હતું. તેમની જિંદગીના હાલાત વિશે માહિતી નથી.

**૧૦.** મશહૂર સહાબી છે. શામવાળાઓમાંથી છે. કબીલા બનૂ કંદાથી છે. શામીઓનું પ્રતિનિધિમંડળ (વફદ) ઈસ્લામ લાવવાના માટે જે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયું, એમાં આપ પણ હતા. હમ્સમાં વસવાટ રહ્યો, હિ.સ. ૮૭માં શામમાં વફાત પામ્યા.

**૧૧.** એટલા માટે નથી કે તે નાપાક છે બલ્કે એટલા માટે કે એનાથી ઘમંડ વગેરે પેદા થાય છે અને એ તન્ઝીહી મનાઈ છે. દરિન્દાઓના ચામડા પર સવાર થવું, બેસવું, તેનું ચામડુ પહેરવું વગેરે સૌ મકરૂહ છે અને તક્વાની વિરુદ્ધ છે.

**૧૨.** આપનું નામ આમિર ઈબ્ને ઓસામા ઈબ્ને ઉમૈર છે. હુઝલી છે. મહાન શાનવાળા મુજાહિદ છે. આપના પિતા ઓસામા સહાબી છે.

**૧૩.** એની સમજૂતી (શરહ) પહેલી હદીષમાં વર્ણન થઈ ચૂકી, એટલે કે એના પર બેસવા, સવાર થવા, પહેરવાથી મના ફર્માવ્યું, અને એ મનાઈ તન્ઝીહી છે.

## ગ્રાહકો તથા ચાહકોની ડેલીએથી.....

**અલીયાબાડા :** થી અમારા વડીલ, નિઃસ્વાર્થ સપોર્ટર જનાબ દાઉદભાઈ લખે છે કે : આપના બે અંકો જાન્યુ–ફેબ્રુ. ૨૦૧૬ વાંચેલ તેમાં "મુકર જાને કા કાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ" એ લખાણ નબી વલીના ગુસ્તાખો (વહાબી દેવબંદીઓ)એ નબી પાક علیہ الصلوٰۃ والسلامની શાનમાં ગુસ્તાખી કરનારા વિરુદ્ધ રેલીઓ કાઢી આવેદનપત્રો આપ્યાં તેના સામે લખીને ધોકાબાઝોને તમે ઉઘાડા પાડયા છે, એ બદલ મુબારકબાદ ! સુન્નીઓએ આવા પબ્લિકને ઉલ્લુ બનાવનારા ઢોંગીઓથી ચેતવું જોઈએ. તેમજ ફેબ્રુઆરી અંકમાં "ફેસબુક" વિશેના લેખમાં સરસ ખુલાસો કર્યો છે. લોકોએ સમજીને બોધ લેવો જોઈએ, તેમજ દાઢી રાખવા બાબત સુપ્રિમ કોર્ટનો ફેંસલો કે કોઈ રોકી ન શકે, એ જાણી ખુશી થઈ. તેમજ સર્વ લેખો આપના વાંચવા લાયક, અનુસરવા લાયક હોય છે. આપ ડંકાની ચોટ પર હક્ક઼ વાત લખી દો છો, ખરેખર આપ મુજાહિદે ગુજરાત છો અને આપને એ લખવાનો હક્ક઼ છે. ખુદાપાક પ્યારા રસૂલ ﷺ તથા ગૌષ પાક رضی اللہ عنہ તથા ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہના વસીલાથી આપને તંદુરસ્તી સાથે લાંબી જિંદગી આપીને કૌમે મુસ્લિમની ખિદમતોનો મોકો આપતો રહે. (આમીન)

*–દાઉદ નૂરમુહમ્મદ રઝવી (અલીયાબાડા, જિ. જામનગર*

**અહમદાબાદ :** થી કુરૈશી ખલીલ અહમદ સાહબ જણાવે છે : મોહતરમ આલી જનાબ શબ્બીર અલીભાઈ સાહેબ, સલામ મસ્નૂન બાદ આપના તરફથી કિતાબ "બુખારી શરીફ" (ભાગ : ૬) તા. ૧/૪/૨૦૧૬ના રોજ તથા "બરકાતે ખ્વાજા" (માસિક) એપ્રિલ–૨૦૧૬ અંક મળ્યો, તે બદલ આપ તથા આપના સભ્યો (સાથીઓ)ને ખૂબ ખૂબ મુબારકબાદ આપુ છું. આવી અનમોલ કિતાબ "બુખારી શરીફ"ને પ્રકાશિત કરીને ગુજરાતના સુન્નીઓ ઉપર એહસાન કર્યું છે. અલ્લાહ તઆલા હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامના સદક઼ામાં આપ સાહબ અને આપના તમામ સાથીઓની ઉંમરમાં, ઈલ્મમાં બરકત અતા કરે અને તંદુરસ્તી સાથે વધુને વધુ અરબી કિતાબોને ગુજરાતીમાં ભાષાંતર (અનુવાદ) કરવાની તૌફીકે઼ રફીક અતા કરે અને આપની દીની ખિદમતોને ક઼બૂલ મક઼બૂલ ફર્માવે અને દારૈનની નેઅમતોથી માલામાલ ફર્માવે. (આમીન)

*–કુરૈશી ખલીલ અહમદ (રાયખડ, અહમદાબાદ)*

**અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત**

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## الْبَرُّ، الْمُحْسِنُ
## અલ્ બર્રુ-અલ્ મુહસિન

**(ઘણો જ કરમ કરનાર, ઘણો જ એહસાન કરનાર)**

**સમજૂતી** : જેટલી ખૂબીઓ જેટલા એહસાનો, જેટલી બેહતરીઓ કાએનાતમાં હોઈ શકે છે, દરેકનો શ્રોત તે જ છે.

**દર્સ તથા સબક઼** : બંદો પોતાના મા બાપ, ઉસ્તાદો અને શૈખોનું જેટલુ આજ્ઞાપાલન કરશે તેટલો જ ભલાઈની સિફતોનો મઝહર બનશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ **البَرُّ "અલ્ બર્રુ"**ની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરનાર સઆદત તથા ખુશનસીબીથી માલામાલ થશે. જે કોઈ બાળક માટે આનો વિર્દ કરવામાં આવે તો અલ્લાહ તઆલા તેને યુવાવસ્થાની ઉંમર સુધી પહોંચાડશે અને નેક નસીબીઓ અપર્ણ કરશે.

## અત્તવ્વાબુ التَّوَّابُ

**(ઘણી જ તૌબા ક઼બૂલ ફર્માવનાર)**

**સમજૂતી** : તે બંદાઓ માટે વારંવાર તૌબાના સબબો પૂરા પાડે છે. બંદાઓ માટે પોતાની નિશાનીઓ જાહેર ફર્માવે છે. તેમને પોતાની આગાહીઓ આપે છે. તેમને પોતાની ચેતવણીઓથી પરિચિત કરે છે, ત્યાં સુધી કે બંદાઓ હલાક઼ કરનાર ગુનાહોથી આગાહ થઈ જાય છે. ત્યાર પછી તૌબાની તૌફીક઼ પામે છે અને તવ્વાબ તેમની તૌબા ક઼બૂલ ફર્માવી લે છે.

**દર્સ તથા સબક઼** : જે બંદો પોતાની હેઠળના લોકો, દોસ્તો, અને પરિચિતનાં બહાનાંઓ વારંવાર માન્ય રાખે છે તો સમજો કે તેમાં સિફતે તવ્વાબની એક ઝલક પેદા થાય છે, અને તે ખૂબી તેના માટે દરેક જગાએ કામયાબીનો દસ્તાવેજ બની જાય છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામના વિર્દથી જુલ્મો સિતમ દૂર ભાગે છે અને તૌબાની તૌફીક઼ પ્રાપ્ત થાય છે. **يَاتَوَّابُ "યા તવ્વાબુ"** જે શખ્સ ઈશ્રાકની નમાઝ બાદ ૩૬૦ વાર **يَاتَوَّابُ "યા તવ્વાબુ"**નો વિર્દ કરશે તો તેની તૌબા ક઼બૂલ થશે, અને કોઈ મઝલૂમ ૧૦ વાર કોઈ જાલિમ પર પઢશે તો તેના જુલ્મથી મુક્તિ પામશે.

## અલ્ મુન્તક઼િમ الْمُنْتَقِمُ

**(દોષનો બદલો લેનાર)**

**સમજૂતી** : તે મોટા મોટા જાલિમો, અત્યાચારીઓની પીઠ તોડનાર, દોષીઓ અને નાફર્માનોને સખ્ત સજા આપનારો છે. હા ! પરંતુ પ્રથમ ડરાવીને, દલીલ સંપૂર્ણ કરીને, પૂરેપૂરી મોહલત આપ્યા પછી સજા કરે છે. આ બધા પછી તેની પકડ અને બદલો ઘણો સખ્ત છે.

**દર્સ તથા સબક઼ :** બંદાનો તે બદલો પ્રશંસાપાત્ર રહેશે જે અલ્લાહના દુશ્મનોથી લેશે, અને સૌથી મોટા દુશ્મન પોતાના નફ્સથી લે. જો તેનું નફ્સ ગુનાહોની દા'વત આપે અને ઈબાદતમાં રૂકાવટ પેદા કરે તો તેનાથી બદલો લેવો હક઼ીક઼તમાં પ્રશંસાપાત્ર થશે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જો કોઈ શખ્સ પોતાના દુશ્મનથી બુરાઈનો બદલો લેવા પર શક્તિમાન ન હોય તો يَامُنْتَقِمُ **''યા મુન્તક઼િમ''**નો વિર્દ કરશે તો અલ્લાહ તેના દુશ્મનથી બદલો લેશે.

## અલ્ અફુવ્વુ اَلْعَفُوُّ

**(અતિશય માફ કરનાર)**

**સમજૂતી :** જે બુરાઈઓને ખત્મ કરે છે, ગુનાહોને દરગુઝર કરે છે, તે الغفور **''અલ ગફૂર''** સમાન છે. પરંતુ આ મુબારક નામ તેનાથી વધારે મતલબ વધારે છે. ગફૂરનો મતલબ છે છુપાવનાર અને عَفُو **''અફુવ્વ''**નો મતલબ છે, મિટાવી દેનાર. અને મિટાવી દેવું ખરેખર વધારે ઉમદા છે.

**દર્સ તથા સબક઼ :** બંદા માટે આ મુબારક નામમાં સબક઼ એ છે કે તે પોતાના પર જુલ્મ કરનારને માફ કરીને તેની સાથે ભલાઈ કરે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જે શખ્સ يَاعَفُوُّ **''યા અફુવ્વુ''** અધિક વિર્દ કરે છે તેના માટે રઝાએ ઈલાહીના દરવાજા ખુલી જાય છે.

## અર્રઊફ اَلرَّؤُوفُ

**(ઘણો જ મહેરબાન)**

**સમજૂતી :** તે રાફતવાળો છે. રહ્મતનો અર્થ પણ મહેરબાની છે, પરંતુ રાફત અતિશય મહેરબાનીને કહે છે. રહીમનો અર્થ પણ મહેરબાન છે, પરંતુ રઊફનો અર્થ ઘણી જ મહેરબાની છે. વળી આ મુબાલિગાનો સેગા (અતિશયોક્તિ સૂચક) છે જેથી તેના અર્થમાં અતિશયોક્તિ આવી છે.

**દર્સ તથા સબક઼ :** આ મુબારક નામમાં બંદાનો હિસ્સો એ છે કે તે પોતાના પર જુલ્મ કરનારને માફ કરી, બદ્સુલૂકી કરનાર સાથે પણ સદ્વર્તનથી વર્તે.

અલ્લાહ તઆલા ફર્માવે છે કે :–

وَلْيَعْفُوا وَلْيَصْفَحُوْا أَلَاتُحِبُّونَ أَنْ يَغْفِرَ اللّٰهُ لَكُمْ وَ اللّٰهُ غَفُوْرٌ رَحِيْمٌ

**તર્જુમા :** ''જોઈએ કે એ લોકો માફી તથા દરગુઝરથી કામ લે, શું તમો એ પસંદ નથી કરતા કે અલ્લાહ તઆલા તમને બખ્શી આપે, અને અલ્લાહ ઘણો જ બખ્શનાર અને અતિશય મહેરબાન છે. *(સૂરએ નૂર, આ. નં. ૨૨)*

એ જ પ્રમાણે બંદો જો માફી તથા દરગુઝર કરશે તો અલ્લાહ તઆલા તેની સાથે એનાથી વિશેષ માફી તથા દરગુઝરનો મામલો કરશે, એટલા માટે કે તે તો અકરમુલ અકરમીન અને અર્હમુર્રાહિમીન છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** ગુસ્સાના સમયે જે માણસ يَارَؤُوفُ **''યા રઊફુ''** ૧૦ વાર અને ૧૦ વાર દુરૂદ શરીફ પઢશે તેનો ગુસ્સો ખત્મ થશે.

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા**
**મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

**સબસે અવલા વ આ'લા હમારા નબી** صلی اللہ علیہ وسلم
**સબસે બાલા વ બાલા હમારા નબી** صلی اللہ علیہ وسلم

*(અવલા = સૌથી બેહતર, આ'લા = સૌથી ઉચ્ચ, બાલા = ઊંચા, વાલા = ઉચ્ચ મર્તબાવાળા)*

**અર્થાત :** સર્વ મખ્લૂક઼ કરતાં અફઝલ તથા આ'લા અને બુલંદો બાલા આપણા આક઼ા તથા મૌલા હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ઝાતે બાબરકત છે. જ્યારે નબીઓ તથા રસૂલોમાં આપના જેવો કોઈ નથી તો અન્ય કોણ થઈ શકે છે ? શૈતાન સિવાય કોણ બરાબરીનો દાવો કરી શકે છે ?! જો કે આપ صلی اللہ علیہ وسلمએ આ પ્રમાણે ફર્માવીને શૈતાનનો માર્ગ પણ બંધ કરી આપ્યો કે **فان الشیطان لا یتمثل بی** "શૈતાન પણ મારી જેમ નથી બની શકતો, મારું સ્વરૂપ નથી ધારણ કરી શકતો." જેથી હવે તો કોઈ શૈતાનથી પણ વધીને મલ્ઊન હશે જે હુઝૂર صلی اللہ علیہ وسلمને પોતાના જેવા કહે અથવા સમજે.

આપ صلی اللہ علیہ وسلم એ લેહાઝથી પણ તમામ અંબિયાએ કિરામ તથા મુરસલીને એઝામથી અફઝલ છે કે આપની નબુવ્વત સૌથી પ્રથમ છે. આપે ઈર્શાદ ફર્માવ્યો કે, હું એ સમયે પણ નબી હતો જ્યારે કે **ادم بین الماء والطین** હજી આદમ علیہ السلامનો ગારો તૈયાર થઈ રહ્યો હતો.

ઉલૂલ અઝ્મ પયગંબર હઝરત મૂસા علیہ السلامએ રબ તઆલાના દીદારની ખ્વાહિશ જાહેર કરી તો રબ તઆલાએ ફર્માવ્યું, "લન્તરાની" તમે નથી જોઈ શક્તા. પછી પહાડ પર પોતાની તજલ્લી જાહેર કરી તો પહાડ રજકણ રજકણ થઈ ગયો, અને મૂસા علیہ السلام બહોશ થઈ ગયા. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمને ઊંઘમાંથી ઉઠાડીને મેઅરાજમાં લામકાં બોલાવીને રબે પોતાના દીદાર અતા કર્યા. આ છે શાને મુસ્તફા ! صلی اللہ علیہ وسلم

હઝરત મૂસા علیہ السلامએ પથ્થર પર અસા માર્યો તો પાણીના ઝરણા વહેવા માંડયાં, જ્યારે આપ صلی اللہ علیہ وسلمની આંગળીઓએથી પાણીના ઝરણાં વહ્યાં અને હજારો સહાબાએ પાણી પીધુ. વગેરે.....અનેક બનાવો આપ صلی اللہ علیہ وسلمની સૌ અંબિયામાં ઉચ્ચતાને દર્શાવે છે.

**અપને મૌલાકા પ્યારા હમારા નબી** صلی اللہ علیہ وسلم
**દોનોં આલમ કા દુલ્હા હમારા નબી** صلی اللہ علیہ وسلم

**અર્થાત :** આપણા આક઼ા વ મૌલા صلی اللہ علیہ وسلم પોતાના રબને ઘણા જ પ્યારા છે, એટલા માટે આપના સિવાય હબીબુલ્લાહ કોઈ નથી. આપનું ફર્માન છે કે (ભાવાર્થ) કોઈ કલીમુલ્લાહ, કોઈ સફીયુલ્લાહ, કોઈ ઝબીહુલ્લાહ થયું **الا وانا حبیب اللہ ولا فخر** અને હું હબીબુલ્લાહ છું અને કોઈ ગર્વ નથી. એમ સમજો કે આપ એવા દુલ્હા છો કે બંનેવ જહાન આપના બારાતી છે.

**બઝ્મે આખિરકા શમ્એ ફરોઝાં હુવા**
**નૂરે અવ્વલકા જલ્વા હમારા નબી ﷺ**
*(બઝમે આખિર = અંતિમ મેહફિલ, શમ્એ ફરોઝાં = રોશન શમ્અ)*

**અર્થાત :** આપણા આકા તથા મૌલા ﷺ દુનિયાની મેહફિલમાં સૌથી છેલ્લે તશરીફ લાવ્યા અને આખેરતમાં મેદાને મેહશરમાં સર્વ જહાનની મેહફિલ રચાશે ત્યાં પણ મેહફિલની શમ્અ હુઝૂર ﷺની જ ઝાત હશે. અને કેમ ન હોય કે આપ નૂરે અવ્વલ (ઝાતે ખુદાવંદી)નો જલ્વો છે. એટલે કે આપ ખાતમુન્નબીય્યીન પણ છે, મેહશરની બઝ્મના સદર પણ છે, હક્ક્ નિગર તથા હક્ક્નુમા પણ છે.

**જિસકો શાયાં હૈ અર્શે ખુદા પર જુલૂસ**
**હૈ વો સુલ્તાનેવાલા હમારા નબી ﷺ**
*(શાયાં = પાત્રતા, જુલૂસ = બેસવું, સુલ્તાનેવાલા = બુલંદ શાનવાળો બાદશાહ)*

**અર્થાત :** આપણા પ્યારા નબી ﷺ તમામ અંબિયાએ કિરામ તથા મહાન રસૂલો علیہم السلامથી અફઝલ તથા આ'લા છે અને મકામોમાં અર્શે મુઅલ્લા અફઝલ તથા આ'લા છે, જેથી હુઝૂર علیہ السلامના બેસવા માટે અર્શે મુઅલ્લા જ યોગ્ય તથા મુનાસિબ જગા ઠરી. કેમ કે અર્શે ખુદાને મહબૂબે ખુદાના કદમોનો બોસો લઈને ઈજ્જત નસીબ થઈ હશે જેથી રહમતુલ્લિલ આલમીન ﷺની રહમતના દરિયાથી એ અર્શે આ'ઝમનો હિસ્સો ઠર્યો.

ફતાવા હદીષિયહમાં છે કે જ્યારે અલ્લાહ તઆલાએ અર્શને પાણી પર રાખ્યો તો અર્શ કાંપવા લાગ્યો, તો એના પર **لا اله الا الله محمد رسول الله** લખી દેવામાં આવ્યું. એટલે અર્શ પર અલ્લાહ તઆલાએ હુઝૂર علیہ السلامના નામની મોહર લગાડી આપી, તો અર્શ કાંપતુ બંધ થઈ ગયું અને તેને સુકૂન મળી ગયું, અને ઝબાને હાલથી જાણે કહ્યું કે :–

*બુઝ ગઈ જિસ્કે આગે સભી મશ્અલે–શમ્અ વહ લે કર આયા હમારા નબી ﷺ*

નબીએ મુકર્રમ શફીએ મોઅઝ્ઝમ નૂરે મુજસ્સમ ﷺ જે દીને હક્ક્ દીને ઈસ્લામની રોશન શમ્અ લઈને આવ્યા તેની સામે પહેલાના સર્વ અંબિયાએ કિરામ علیہم السلامના દીનોની શમ્આઓ બુઝાઈ ગઈ અને આપના દીને સર્વ દીનોને મન્સૂખ કરી દીધા, હવે નજાત આ જ દીનમાં છે અને ખુદાની મઅરેફતનો ઝરીયો કેવળ રસૂલુલ્લાહ ﷺની ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) તથા મહોબ્બતમાં છે (ﷺ)

આપ ﷺએ ફર્માવ્યું, **لو كان موسىٰ حيالم يسعه الا اتباعى** "જો આજે મૂસા علیہ السلام પણ જાહેરી હયાતમાં હોત તો મારી જ પયરવી તથા ઈત્તેબાઅ કરતા." હદીષોમાં આવ્યું છે કે આપ ﷺએ ફર્માવ્યું, યહૂદી કે ઈસાઈ (અહલે કિતાબ હોવાના ગુમાનમાં ન રહે) જો મારા પર ઈમાન લાવ્યા વિના મૃત્યુ પામ્યો તો સીધો જહન્નમમાં જશે.

**જિનકે તલ્વોંકા ધોવન હૈ આબે હયાત**
**હૈ વો જાને મસીહા હમારા નબી ﷺ**
*(આબે હયાત = જીવન બખ્શનાર પાણી, મસીહા = જિંદગી બખ્શનાર)*

**અર્થાત :** સરવરે આલમ ﷺના કદમૈન શરીફૈનથી વુઝૂ વખતે પડનારુ પાણી એવું છે કે

ઈમાનવાળાઓને હયાતે જાવેદાની નસીબ થાય છે, એટલા માટે તો સહીહ બુખારીમાં આવે છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ પાણીને તબર્રુક રૂપે શરીર પર ચોપડતા, પી જતા, અને જેને ન મળતું તે અન્યોના હાથે સ્પર્શ કરીને પોતાના શરીર પર ઘસી લેતો.

આબે હયાતના બારામાં કહેવાય છે કે એ એવું પાણી છે જેને એકવાર પી લેવામાં આવે તો મૃત્યુ નથી થતું. લગભગ આ પાણી પણ એવું જ કાલ્પનિક છે જેવી રીતે પક્ષીઓમાં કાલ્પનિક પક્ષી, કે જેના બારામાં કહેવામાં આવે છે કે જેના પર તેનો પડછાયો પડી જાય તે બાદશાહ બની જાય છે ! પરંતું દષ્ટિવાળા પણ કયામતની દ્રષ્ટિ ધરાવે છે ! આશિકે રસૂલે એની ભાળ મેળવી લીધી કે જો ક્યાંકથી એ પાણી મળે છે તો હુઝૂરે પાક ﷺની બારગાહથી જ મળે છે. એ જ કારણે જે ખુશ નસીબોએ એ પાણી પી લીધું તેમના બારામાં ફર્માવી દેવામાં આવ્યું : ولا تقولوا لمن يقتل فی سبيل الله اموات بل احياء ولكن لاتشعرون "જેઓ અલ્લાહની રાહમાં કત્લ થઈ જાય તેમને મુર્દા ન કહો, બલ્કે તેઓ ઝિંદા છે પણ તમને એની સમજ નથી."

હા ! હુઝૂર ﷺનો સદકો છે કે "નેહરે હયાત"નું હદીષોમાં વર્ણન આવેલું છે કે ગુનેહગાર મુસલમાનોને સજાના માટે જહન્નમમાં રાખીને જ્યારે કાઢવામાં આવશે તો તેમનાં શરીર કોલસાની જેમ કાળાં થઈ જશે, પછી એ નહેરમાં ડૂબકી લગાડવામાં આવશે તો સજા થઈને ચમકવા માંડશે.

**અર્શો કુર્સીકી થીં આઈના બંદિયાં**
**સૂએ હક્ક જબ સિધારા હમારા નબી ﷺ**

*(આઈના બંદિયાં = રંગબેરંગી કાચ વડે ઘરને ડેકોરેટ કરવામાં આવે, સૂએ હક્ક = રબ સમક્ષ, સિધારા = રવાના થયા)*

**અર્થાત :** જ્યારે નબી અકરમ તાજદારે અરબો અજમ ﷺ શબે મેઅરાજના દુલ્હા બન્યા તો આપની ઈજ્જત અફઝાઈ તથા ઈસ્તિકબાલના માટે અલ્લાહ તઆલાએ અર્શ તથા કુર્સીને (પણ જમીન તથા આસ્માન, મકાન તથા લામકાન, જન્નત અને સર્વ જહાનની જેમ) ખૂબ જ પ્રમાણમાં સજાવી.

એક હદીષ શરીફમાં છે, "જન્નતને વરસભર રમઝાનના માટે સજાવવામાં આવે છે." (મિશ્કાત, પેજ–૧૭૪) તો જ્યારે રમઝાનને માટે જન્નતને વરસભર સજાવવામાં આવી શકે છે તો શબે અસ્રાના દુલ્હાના માટે અર્શ તથા કુર્સીને મેઅરાજમાં કેમ ન સજાવવામાં આવે ?!

**ખલ્કસે અવલિયા, અવલિયાસે રુસુલ**
**ઔર રસૂલોંસે આ'લા હમારા નબી ﷺ**

*(ખલ્ક = મખ્લૂક, રુસુલ = રસૂલો)*

**અર્થાત :** તમામ મખ્લૂકમાં ઈન્સાન અફઝલ તથા આ'લા لقد خلقنا الا نسان فی احسن تقويم, ઈન્સાનોમાં એવલિયાએ કિરામ અફઝલ તથા આ'લા الا ان اولياء الله لا خوف عليهم ولا هم يحزنون, અવલિયાએ કિરામથી અંબિયા વ મુરસલીન અફઝલ تلك الرسل فضلنا بعضهم على بعض અને સર્વ રસૂલોથી આ'લા આપણા નબી ﷺ.

**હુસ્ન ખાતા હૈ જિસ્કે નમકકી કસમ**
**વો મલીહ દિલઆરા હમારા નબી ﷺ**

*(હુસ્ન = જમાલ, ખૂબસૂરતી, મલીહ = નમકીન, જેને જોવાથી તૃપ્તિ ન થાય)*

**અર્થાત** : હુસ્ને મુસ્તફા ﷺમાં એવી નમકીની મલાહત તથા સલોનાપન હતું કે ખુદ હુસ્ન પણ એ મલાહતની કસમો ખાય છે અને તે મલાહતવાળા પ્યારા, આંખોના તારા, દિલના સહારા, આમિનાના રાજ દિલદાર, દિલોને ઈમામનનુ નૂર અતા કરીને મુનવ્વર તથા રોશન કરનારા આપણા જ નબી છે.

**ઝિક્ર સબ ફીકે જબ તક ન મઝકૂર હો**
**નમકીન હુસ્નવાલા હમારા નબી ﷺ**

*(ફીકે = મજા વિનાનાં મઝકૂર = જેનું વર્ણન કરવામાં આવે)*

**અર્થાત** : જેવી રીતે ખાણુ નમક વિના સ્વાદ વિનાનું ફીકુ હોય છે એ જ પ્રમાણે જો ખુદાનો ઝિક્ર કરી લેવામાં આવે અને મહબૂબે ખુદા ﷺનો ઝિક્ર ન કરવામાં આવે તો સર્વ ઝિક્રો ફીકા રહે છે. એમાં મીઠાશ પેદા કરવી છે તો સરકારે અબદ કરાર ﷺના શીરીં લબો તથા અંબરી ઝુલ્ફોનો ઝિક્ર પણ કરવો જ પડશે.

અને અલ્લાહ તઆલા કોઈ ઝિક્ર બલ્કે પોતાનું ઝિક્ર પણ મહબૂબના ઝિક્ર વિના કબૂલ નથી ફર્માવતો, કેમ કે એનો મહબૂબથી વાયદો છે : **ورفعنا لك ذكرك** અને આ આયતની તફસીર તેણે ખુદ જિબ્રઈલ علیہ السلامના હાથે મોકલી : **اذا ذكرت ذكرت معى** હે પ્યારા ! જ્યાં મારો ઝિક્ર થશે ત્યાં સાથે તારો પણ ઝિક્ર થશે. એ જ કારણે અઝાન, નમાઝ, ખુત્બો દરેક જગાએ ખુદાનો ઝિક્ર છે તો સાથે મુસ્તફા ﷺનો પણ ઝિક્ર છે.

*ઝિક્રે ખુદા જો ઉનસે જુદા ચાહો નજદિયો ! – વલ્લાહ ! ઝિક્રે હક્ક નહીં કુન્જી સકરકી હૈ*

**જિસકી દો બુંદ હૈં કૌષરો સલ સબીલ**
**હય વહ રહમત કા દરયા હમારા નબી ﷺ**

**અર્થાત** : આપણા આકા ﷺના રહમતના દરિયાની વિશાળતાઓનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે કે હૌઝે કૌષરને તો જાણતા હશો કે જેનાથી સર્વ કાઈનાત આદમ علیہ السلامથી લઈને કયામત સુધી (જેઓ જન્નતી હશે) પાણી પીશે, પણ એના પાણીમાં કમી આવશે નહીં. એના કિનારાઓ પર પ્યાલા આસ્માનના તારાઓથી પણ વધુ હશે. એ જ પ્રમાણે સલસબીલ પણ જન્નતનું એક મોટુ ઝરણુ છે, પરંતુ મારા આકા ﷺની રહમતનો મોજાં મારતો સમુદ્ર એટલો વિશાળ છે કે આ કૌષર તથા સલસબીલ એ સમુદ્રનાં બે ટીપાં છે.

**જૈસે સબ કા ખુદા એક હૈ વૈસે હી**
**ઈનકા ઉનકા તુમ્હારા હમારા નબી ﷺ**

**અર્થાત** : જેવી રીતે અલ્લાહ તઆલા ખુદા હોવામાં વહદહૂ લાશરીક છે, એવી જ રીતે અલ્લાહના મહબૂબ ﷺ સર્વ ખુદાઈના રસૂલ હોવામાં એક છે. તે ખુદા હોવામાં અજોડ, તો આ મુસ્તફા હોવામાં અજોડ. કોઈ રજકણ તેની ખુદાઈથી બહાર નથી, તો કોઈ રજકણ તેની મુસ્તફાઈથી બહાર નથી. તે રજ રજનો રબ છે, તો આપ ﷺ રજ રજના રસૂલ છે. અલ્લાહ હુઝૂર ﷺનો રબ છે તો હુઝૂર અલ્લાહના રસૂલ છે. **ولكن رسول الله وخاتم النبيين** એટલા માટે તો હુઝૂર પેદા થયા તો જિન્નતો, પક્ષીઓ, પથ્થરો, ઝાડો, ફરિશ્તાઓ અને સર્વ ખુદાઈએ ખુશીઓ મનાવી કે પેદા થનારો પેદા તો આ આમિનાની ગોદમાં થયો છે પણ રસૂલ તો સૌનો છે. આપે ફર્માવ્યું, હું સર્વ કાઈનાતની તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું. *(ક્રમશઃ)*



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

## રાહે સુલૂકનો મુસાફિર શું કરે ?

ત્યારબાદ ફર્માવ્યું કે સિર્રુલ્ આરિફીનમાં લખેલું જોયું છે કે ખલ્વત (એકાંત) ૪૦ દિવસની હોય છે. અને અમુકે કહ્યું છે કે ૯૦ દિવસની હોય છે. અમુકનું મંતવ્ય છે કે ૯૯ દિવસની હોય છે. પરંતુ વિશ્વસનીય તે જ છે જે શૈખ અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે. પણ તબક઼ાએ જુનૈદિયહમાં ૧૨ વરસ છે, અને બસરિયહની નજીક વીસ વરસ છે. એહલે સુલૂકના ક઼ૌલ પ્રમાણે નિશ્ચિત કરવાથી હેતુ એ છે કે નફસે અમ્મારા (ગુનાહ પ્રતિ પ્રેરતો નફસ)ને ઈબાદત રિયાઝતના સબબે પ્રભાવિત કરવામાં આવે અને નફસના કૂતરાને કેદ કરવામાં આવે. મશાઈખ તબક઼ાતના મઝહબમાં મુરાકેબા છે, જેઓ ખલ્વતમાં મુરાક઼ેબા સિવાય અન્ય કાંઈ નથી અપનાવતા. જ્યારે ખલ્વતમાં બેસવા ચાહે તો પોતાના પીરનુ કપડુ પહેરે જેથી તેની બરકતથી રોશનાઈ હાંસલ થઈ જાય કેમ કે ખિર્ક઼ો આપવાનો મતલબ એ જ છે. અમુક મશાઈખ તબક઼ાત દા.ત. ખ્વાજા ફુઝૈલ અયાઝ અને ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہما લખે છે કે પીરે જોઈએ કે પ્રથમ મુરીદના માથા પર હાથ રાખે, અને ત્યારબાદ ઝિક્રની તલ્ક઼ીન કરે. પ્રથમ : **લાઈલાહ ઈલ્લલ્લાહ**, બીજુ : **સુબ્હાનલ્લાહિ વલ્હ઼મ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.** ત્રીજુ : **યા હૈ઼યુ યા ક઼ૈયૂમ.** જો પ્રથમ ઝિક્ર અપનાવે તો નવ વાર **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે અને દસમી વાર **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** صلی اللہ علیہ وسلم કહે. ૨૧ વાર **સુબ્હાનલ્લાહ,** ૩૦ વાર **યા હૈ઼યુ યા ક઼ૈયૂમ** કહે, પરંતુ મોટા અવાજથી કહે જેથી પાસે બેસનારા એનાથી ફાયદો ઉઠાવી લાભવંત થાય. પરંતું એટલા મોટા અવાજે ન કહે કે પડોશીઓ સાંભળે.

ત્યારબાદ ફર્માવ્યું કે તબક઼ાએ જુનૈદિયામાં બાર વખત જ છે. શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે એટલા પ્રમાણમાં ઝિક્ર કરે કે તેના શરીરનો દરેક વાળ ઝબાન બની જાય. એ જ મોક઼ા પર ઝબાન મુબારકથી ફર્માવ્યું કે યહ્યા પયગંબર علیہ السلام ઝિક્ર કરતી વખતે એવા બેહોશ થઈ જતા કે જંગલની દિશા પકડતા અને શૌક઼ના ગલ્બાના કારણે કહેતા, હે મુનઝઝા ! પોતાના ઘરેથી ઈરાદો કર ! કેમ કે તારા ઝિક્રના અંદેશાથી મારુ દિલ ભરાઈ ગયુ. જો પોતે કહું અને તારો ઝિક્ર ન કરું તો હું એ જ વખતે મરી જાઉં.

ત્યારબાદ ફર્માવ્યું, શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ખ્વાજા યૂસુફ ચિશ્તી قدس سرہ શરહુલ અસ્રારમાં લખે છે કે ઝન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે શૈખ દાયણની જેમ હોય છે અને મુરીદ બાળકની જેમ. જે

વખતે બાળક ખોટી આદત અપનાવે તો તેને અન્ય કોઈ ચીજમાં વ્યસ્ત કરી આપે જેથી ખુશ થઈને તેમાં મસ્ત થઈ જાય. એ જ પ્રમાણે પીર મુરીદને ક્યારેક ઝિક્રનો હુકમ કરે અને ક્યારેક કુર્આન શરીફ પઢવાનો, જેથી કોઈ અન્ય ચીજથી તેને ચૈન પડે.

ત્યારબાદ ફર્માવ્યું કે એ પણ લખેલું જોયું છે કે દુનિયાવાળાઓથી મેલજોલ ન કરે, કેમ કે તેમની સોહબત ફક઼ીરના દિલને પરેશાન કરે છે.

એ જ મોક઼ા પર ફર્માવ્યું કે ફક઼ીરના માટે માલદારોની સોહબતથી વધીને કોઈ ચીજ નુકસાનકર્તા નથી. જ્યારે ફક઼ીર ગોશાનશીની અપનાવે છે તો તેનાં દીની તથા દુનિયવી કામો આપોઆપ બનતા ચાલ્યાં જાય છે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે પીર તથા મુરીદે દરેક સ્થિતિમાં એ જ પ્રમાણે રહેવું જોઈએ જેવુ કે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે. જો કોઈ શખ્સનો શયખ કામિલ ન હોય તો સુલૂકવાળાઓની કિતાબને નજરો સમક્ષ રાખે અને તેના પ્રમાણે કરે જેથી ઈરાદત તથા મિક઼રાઝ (કાતર)ના મુતાબિક઼ થાય.

પછી ફર્માવ્યું કે શયખ માટે વાજિબ છે કે મુરીદને રાજાઓ તથા દુનિયાવાળાઓની સોહબતથી દૂર રહેવાની વસિયત કરે જેથી ખ્યાતિ તથા સત્તાનો તલબગાર ન બને. વધુ વાત ન કહે, વિના જરૂરત કોઈ જગાએ ન જાય, કેમ કે એવું કરવાથી મૂળ હેતુથી દૂર રહી જશે, એટલા માટે કે દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોની જડ હોય છે.

એ જ મોક઼ા પર ફર્માવ્યું કે સજ્જાદાથી દૂર ન થાય પણ જરૂરતના સમયે, એટલા માટે કે અસ્હાબે તરીક઼તે ફર્માવ્યું છે કે જ્યારે કોઈ દાનિશમંદ દરરોજ દુનિયાની તલબના માટે ફરે અને હલાલ તથા હરામના ઈલ્મોને બયાન કરતો રહે, અને સૂફી કૂચાઓ તથા બજારોમાં ફરે તો સુલૂક તથા મુજાહિદા કોણ કરશે ?

ત્યારબાદ ફર્માવ્યું કે અબૂ બક્ર શિબ્લી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ક઼બૂલિયત રાહ પર ચાલાવાવાળાઓની નિશાની એ છે કે ભલે ગમે તે થાય જુમેરાત ઉભા રહીને પસાર કરે, ચાહે ઝિક્રમાં, ચાહે તિલાવતમાં, ચાહે નમાઝમાં, પરંતુ અફઝલ એ જ છે કે નમાઝમાં રાત પસાર કરે. એ જ મેઅરાજની સિફત છે કે **અસ્સલાતુ મેઅરાજુલ મો'મિનીન** (નમાઝ મો'મિનની મેઅરાજ છે).

ત્યારબાદ ફર્માવ્યું કે સુલૂકવાળાઓએ કહ્યું છે કે સૂલુકનો અસ્લ (મૂળ) રિયાઝત છે અને તેનું ફળ ઈરાદત. મતલબ એ છે કે બંદો પોતાની જાતને દુનિયાવાળાઓ, માલદારો અને બાદશાહોની સોહબતથી અને નફસની ઈચ્છાઓથી દૂર રાખે અને નેક લોકોની સોહબત અપનાવે. જેમ કે પયગંબરે ખુદા علیہ السلام ફર્માવે છે : નેકોની સાહેબત નૂર છે અને દુનિયાવાળાઓ માટે રહમત છે. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## સેહત (તંદુરસ્તી) માટે દુઆની અપીલ

પીરે તરીક઼ત **હઝરત મૌલાના સૈયદ ક઼મરૂદ્દીનબાવા કારંટવી અશરફી દરિયાઈ** مدظلہ العالی તબીયત નાદુરુસ્ત થતાં બોડેલી ખાતે હોસ્પિટલમાં દાખલ થયા હતા. તા. ૨૭–૩–૨૦૧૬ રવિવારે નાચીઝ પોતે હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) તથા હઝરત મુફતી નિઝામુદીન રઝવી (મુબારકપુર) સાથે આપની અયાદતપુર્સી માટે ગયેલ. ત્યારે હઝરત ખૂબ કમઝોર હાલતમાં જણાતા હતા. હાલ હોસ્પિટલથી રજા આપવામાં આવી છે. અલ્લાહ તઆલા તેના પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلم ના સદક઼ામાં હઝરતને શિફાએ કામિલા આઝિલા અતા કરે. આપનો સાયો તાદેર સુન્નીઓ પર રહે એવી દુઆ છે. સર્વ સુન્ની ભાઈ બહેનોને દુઆ કરવા માટે અપીલ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

### મોહસરનું બયાન

જેણે હજ્જ અથવા ઉમરહનું એહરામ બાંધ્યું અને કોઈ કારણસર પૂરું ન કરી શકયો તેને મોહસર કહે છે. જે કારણોથી હજ યા ઉમરહ ન કરી શકે તે આ પ્રમાણે છે : **(૧)** દુશ્મન **(૨)** ફાડી ખાનાર જાનવર **(૩)** રોગ, બિમારી એવી કે સફર કરવાથી કે પછી સવારી કરવાથી વધી જવાનો અંદેશો હોય (વધી જાય એમ હોય) **(૪)** હાથ, પગ ભાંગી જવો **(૫)** કૈદ **(૬)** ઔરત કે મુહરિમ કે પતિ સાથે જઈ રહી હતી તેમનો ઈન્તેકાલ થઈ જવો **(૭)** ઈદ્દત, ખર્ચ કે સવારીનું પૂરું થઈ જવું, પતિ નફ્લ હજમાં ઔરતને મના કરી દે.

મોહસર માટે હુકમ એ છે કે જ્યાં સુધી મક્કા મોઅઝ્ઝમામાં જઈને તવાફ તથા સઈ તેમજ માથુ ન મૂંડાવી લે ત્યાં સુધી તે એહરામ ખોલી શકતો નથી. જો એનાથી પહેલાં એહરામ ખોલવા ઈચ્છે તો હરમમાં કુર્બાની મોકલી આપે. જ્યારે કુર્બાની થઈ જશે ત્યારે એહરામ ખૂલી જશે અથવા કુર્બાનીની કિંમત મોકલી આપે જેથી ત્યાં જાનવર ખરીદી કુર્બાની (ઝબહ) કરી દેવામાં આવે. એમાં જરૂરી એ છે કે જેની સાથે કુર્બાનીની કિંમત મોકલે તેની સાથે કુર્બાનીનો દિવસ, ઝબહ કરવાનો સમય વગેરે નક્કી કરી લે. તે (નક્કી કરેલો) સમય પસાર થઈ ગયા પછી એહરામ ખોલી નાખે. જો નક્કી કરેલા સમયે કુર્બાની થઈ ગઈ અથવા એનાથી પહેલાં થઈ ગઈ તો ઠીક છે પરંતુ નક્કી કરેલા સમય પછી થઈ અને તેને ખબર પડે તો દમ આપવો, એટલા માટે કે ઝબહ કરતા પહેલાં (કુર્બાની પહેલાં) એહરામ ખોલી નાખવામાં આવ્યું હતું. મોહસરે એહરામ ખોલતાં પહેલાં માથુ મૂંડાવવું શર્ત નથી પણ બેહતર છે (માથુ મૂંડાવ્યા પછી એહરામ ખોલવું બેહતર છે) *(હિંદિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : મોહસર જો મુફરિદ હોય (અર્થાત ફકત હજ અથવા ફકત ઉમરહનું એહરામ બાંધેલું છે) તો એક કુર્બાની મોકલે અને જો કારિન હોય તો બે કુર્બાની મોકલે. *(દુર્રે મુખ્તાર, બહાર)* એ કુર્બાની માટે હરમ શર્ત છે. હરમની બહાર થઈ શકતી નથી. તારીખની કોઈ શર્ત નથી.

**મસ્અલા** : કારિને પોતાની ગણતરી (ખ્યાલ) મુજબ બે કુર્બાનીની કિંમત (રકમ) મોકલી અને ત્યાં એ રકમમાંથી એક જ કુર્બાની મળી, તેને ઝબહ્ કરી દીધી (મોકલેલી રકમમાંથી બે ને બદલે એક જ કુર્બાની થઈ શકી) તો એ પૂરતી નથી. *(રદ્દલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : કારિને ઉમરહનો તવાફ કર્યો અને અરફાતના રોકાણ પહેલાં જ મોહસર થઈ ગયો તો એક કુર્બાની મોકલે અને હજના બદલામાં એક હજ અને એક ઉમરહ કરે. બીજો ઉમરહ એણે કરવાનો નથી. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : જે કારણોથી એ રોકાઈ ગયો હતો તે કારણ દૂર થઈ ગયું અને એટલો વખત બાકી રહ્યો છે કે હજ અને કુર્બાની બન્ને કરી શકાશે તો જવું ફર્ઝ છે અને ગયા પછી જો હજ મળી

ગઈ (થઈ ગઈ) તો ઠીક છે નહીંતર ફકત ઉમરહ કરીને એહરામ ખોલી નાખે અને કુર્બાનીનું જાનવર જે મોકલ્યું હતું તે મળી ગયું તો જેવું ચાહે કરે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા :** અરફાતના રોકાણ પછી એહસાર થઈ શકતો નથી અને જો મક્કામાં જ છે પરંતુ તવાફ અને અરફાતના રોકાણ બન્ને પોતાના કાબૂ બહાર હોય (બન્ને અદા કરી શકે એમ ન હોય) તો મોહસર ગણાશે અને બન્નેમાંથી ગમે તે એક કાબૂમાં છે (કરી શકે એમ છે) તો મોહસર ગણાશે નહીં. *(હિંદિયા, બહાર વગેરે)*

**મસ્અલા :** મોહસરે કુર્બાની મોકલ્યા પછી એહરામ ખોલી નાખ્યા બાદ જો એ એની કઝા કરવા ઈચ્છતો હોય તો જો એણે ફકત હજનો એહરામ બાંધેલો હતો તો એક હજ અને એક ઉમરહ કરે અને જો કિરાનનું એહરામ બાંધેલું હતું તો એક હજ અને બે ઉમરહ કરે. કઝા કરવામાં એને અખત્યાર છે કે કિરાન કરે પછી એક ઉમરહ કરે અથવા ત્રણે અલગ અલગ કરે. જો ઉમરહનું એહરામ બાંધેલું હતું તો ફકત એક ઉમરહ કરવો પડશે. *(હિંદિયા, બહાર વગેરે)*

## હજ્જ જતી રહેવાનું બયાન (ન થવી)

જેની હજ ન થઈ એટલે કે અરફાતમાં રોકાણ ન થયું તો તવાફ તથા સઈ કરી માથું મૂંડાવી અથવા તો બાલ કતરાવી એહરામ ખોલી નાખે અને આગામી વર્ષે હજ કરે. એના પર દમ વાજિબ નથી. *(હિદાયા, જૌહરા, નૈયરા, બહાર)*

**મસ્અલા :** કારિનની હજ જતી રહી (ન થઈ) તો ઉમરહ માટે સઈ, તવાફ કરે. પછીથી બીજો એક વધારાનો તવાફ અને સઈ કરી માથુ મૂંડાવે અને દમે કિરાન ન થયો (૧૦મી ઝિલ્હજ્જના કુર્બાની ન થઈ) અને પહેલો તવાફ કે જેને (કર્યા પછી) એહરામ ખોલવામાં આવશે તેને (તવાફને) શરૂ કરતાં જ લબ્બૈક કહેવાનું છોડી દેવું અને આગામી વર્ષે હજની કઝા કરવી, ઉમરહની કઝા કરવાની નથી. કેમ કે ઉમરહ તો થઈ ચૂકયો છે. *(મનસક, હિંદિયા, બહાર)*

**મસ્અલા :** તમત્તુઅ કુર્બાનીનું જાનવર લાવ્યો હતો અને તમત્તુઅ બાતિલ થઈ ગયો તો જાનવરને જે ચાહે તે કરે.

**મસ્અલા :** ઉમરહ રદ થઈ શકતો નથી. એટલા માટે કે એનો વખત પૂરી ઉંમર સુધીનો છે. અલબત્ત પાંચ દિવસોમાં મકરૂહ છે. એટલે કે ૯મી થી ૧૩મી ઝિલ્હજ્જ સુધીના પાંચ દિવસોમાં મકરૂહ છે. (હિંદિયા વગેરે)

**મસ્અલા :** જેની હજ જતી રહી તેના પર તવાફે સદર નથી.

**મસ્અલા :** જેની હજ જતી રહી એણે સઈ કરી એહરામ ન ખોલ્યું અને એ જ એહરામમાં બીજા વર્ષે હજ અદા કરી તો એ હજ સહીહ ગણાશે નહીં. *(મનસક, બહાર)*

**ચાલો ભરૂચ !** **દારૂલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** (ઠે. બાબા રયહાન દરગાહ પાસે, વેજલપુર રેલ્વે સ્ટેશન પાસે)ની દસ્તારબંદીમાં **તા. ૧૪–૫–૨૦૧૬** શનિવારે **ઈશા બાદ** ખતીબે બાકમાલ હઝરત **મૌલાના સૈયદ અમીન અલી કાદરી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) ઈમાન અફરોઝ ખિતાબ ફર્માવશે.

**ચાલો થામ !** દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ ખાતે **તા. ૧૫–૫–૨૦૧૬** રવિવારે **સવારે નવ વાગ્યે** દસ્તારબંદીના જલ્સામાં પણ હઝરત **મૌલાના સૈયદ અમીન અલી કાદરી** નૂરાની બયાન ફર્માવશે. બંનેવ પ્રોગ્રામોમાં હાજરી આપી ઈલ્મી ફયઝાનથી માલામાલ થશો.

# ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ

—કાર્યાલય

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : "ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, "જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **"લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ"** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.

❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.

❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.

❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.

❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.

❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.

❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.

❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.

❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને "સલાતુલ ખૈર" કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, "જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

# ફિક્‌હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ :** મુહક્કિકે મસાઈલે જદીદા **(હપ્તો : ૯)**
**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી : જામિઆ અશરફિયા—મુબારકપુર)*

**:: અનુવાદક ::**
**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

## દારુલ કુઝાતના ફરાઈઝ તથા મસાઈલ

بسم اللہ الرحمٰن الرحیم

الٰی سادۃ علماء الاسلام

ગયા વર્ષે દારુલ કુઝાતની સ્થાપના ના સંબંધે મશ્હૂર ઓલમાએ એહલે સુન્નત સમક્ષ એક ઈસ્તિફતા (ફત્વા જાણવા સવાલ) રજૂ કરવામાં આવ્યો જેના જવાબનો ખુલાસો નીચે મુજબ છે :

**(૧)** આજે હિંદુસ્તાનમાં આપણા એ મામલાઓના ફેંસલા માટે જેમાં ''મુસલમાન હાકેમ'' (બાદશાહ) હોવાની શરત છે. જમ્હૂર મુસલમાનોને શરીઅતની દ્રષ્ટિએ એ અધિકાર પહોંચે છે કે તે કોઈ બાશરઅ આલિમને પોતાના કાઝી તરીકે નિયુક્ત કરી લે. આવા કાઝીનો ફેંસલો પોતાની ખાસ હદોમાં જાઈઝ તથા લાગુ થવા પાત્ર રહેશે. *(શામી, જામિઉલ્ ફસૂલૈન, ફતાવા રઝવિય્યહ, બહારે શરીઅત)*

**(૨)** એવી સ્ત્રી જેનો પતિ લાપતા થઈ ગયો હોય, એવી સ્ત્રી જે ભરણ પોષણના ખર્ચથી વંચિત હોય. જેનો પતિ નપૂંસક હોય, જેનો પતિ પાગલ હોય (અસ્થિર) હોય, જે સ્ત્રીને શરતી તલાક્ આપવામાં આવી હોય, વગેરે મસાઈલમાં શરીઅત તરફથી મુસલમાનોએ નિયુક્ત કરેલ કાઝી ઔરતની અરજી પર પતિ પત્નીના છુટાછેડા પણ કરાવી શકે છે, અને સખત જરૂરતના સમયે ગુમ થયેલ પતિ પર હુકમ પણ લાગુ કરી શકે છે. *(ફત્હુલ કદીર, શામી, જામિઉર્રુમૂઝ, મજમઉલ્ અન્હર)*

**(3)** મુસલમાનોએ નિયુક્ત કરેલ કાઝી વિશેષ શરતો તથા નક્કી કરેલ શરતોના આધારે બન્ને પક્ષોના બયાનો સાંભળ્યા પછી પોતાની યોગ્ય દ્રષ્ટિ મુજબ કેસોનો ફેંસલો પણ કરી શકે છે, અને શરીઅતમાં તેનો ફેંસલો સ્વીકાર્ય તથા લાગુ થશે. *(શામી, વગેરે)*

ઉપરોક્ત જવાબોનું જે ઓલમાએ એહલે સુન્નતે સમર્થન કર્યું તથા જવાબોને ભરોસાપાત્ર ઠરાવ્યા હતા તેમનાં નામો આ છે :

૧. તાજદારે એહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ
૨. સૈયદુલ ઓલમા હઝરત મૌલાના સૈયદ શાહ આલે મુસ્તફા સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ
૩. ઉસ્તાઝુલ્ ઓલમા હઝરત મૌલાના અબ્દુલ અઝીઝ સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ
૪. અમીને શરીઅત હઝરત મૌલાના રિફાકત હુસૈન સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ
૫. મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના હબીબુર્રહમાન સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ
૬. હઝરત અલ્લામા કાઝી શમ્સુદ્દીન સાહબ જોનપૂરી رحمۃ اللہ علیہ

૭. હઝરત અલ્લામા અલ્હાજ અબ્દુર્રશીદખાન સાહબ મુફતીએ નાગપૂર رحمۃ اللہ علیہ

૮. હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક઼ અમજદી મુફતીએ અશરફિયા رحمۃ اللہ علیہ

તેમજ ફૈઝુર્રસૂલ બ્રાઉન શરીફના ઉલમા હઝરાત. *(દારૂલ ક઼ઝા કે ફરાઈઝ વ મસાઈલ)*★

આ ઐતિહાસિક ફૈસલાઓને ઈમામે આ'ઝમ અબૂ હનીફા તેમજ બીજા અન્ય હન્ફી ફુક઼હા તથા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہم اجمعین ના વિરૂધ્ધ ન કહી શકાય. તો પછી આજે આ બુઝુર્ગોના નકશે ક઼દમની પૈરવીને પણ ઈખ્તેલાફ નહીં પણ ''ઈત્તેબાઅ'' (પૈરવી) સમજવી જોઈએ.

## (૪) સીપ (છીપલા)નો ચૂનો હલાલ કે હરામ ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ સીપના ચૂનાને ખાવું ફતાવા રઝવિય્યહ્‌માં તથા ફવાઈદે રઝવિય્યહ્‌માં હરામ લખ્યું છે કે, ''ફવાઈદ''ના શબ્દો આ પ્રમાણે છે : ''સીપનો ચૂનો હરામ છે. જે પાનમાં તે ચૂનો લાગ્યો હોય તેનું ખાવું **હરામ** છે.'' *(ફવાઈદે રઝવિય્યહ્‌, ફતાવા રઝવિય્યહ્‌ના હાસ્યામાં, ૧/૭૦૧)*

પરંતુ બિહારના ઉલમાએ તેને હલાલ ઠેરવ્યો છે. જેમ કે શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલહક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ લખે છે :–

''બિહારના ઉલમા સીપના ચૂનાને હલાલ જાણે છે. કેટલાક ઉલમાએ તેને હલાલ હોવાનો ફત્વો પણ લખેલો છે.'' *(ઈસ્લામ ઔર ચાંદ કા સફર, વિષય : મઅ્‌ઝિરત, પેજ : ૨૦)*

સીપ (છીપલુ) જમીનના પ્રકારમાંથી છે એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ તેને હરામ ફર્માવ્યું, પરંતુ બિહાર, ચંપારન તથા તેના આસપાસના યુ.પી.ના લોકો સીપને આગમાં જલાવીને રાખને પાણીમાં મીલાવીને ચૂનો બનાવે છે અને પાન વગેરેની સાથે તેને ખાય છે, અને તેમાં તે ઈલાકાના આમ લોકો તથા ખાસ લોકો બધા જ સપડાયેલા હતા. તે ઉમૂમે બલ્વા (અધિક્તર લોકોના અમલ)ના કારણે આ ઈલાકાઓમાં હુકમમાં નરમી તથા સહૂલત થઈ ગઈ. પરંતુ ઉત્તર પ્રદેશના (અન્ય) આમ ઈલાકાઓમાં તે સમયે ઉમૂમે બલ્વાની સ્થિતિ ન હતી એટલા માટે ત્યાં હુકમ તે જ હતો જે ફતાવા રઝવિય્યહ્‌માં લખેલ છે કે સીપનો ચૂનો હરામ છે.

બિહારના ઉલમાઓનું આ પ્રમાણે કરવું આ'લા હઝરતથી ઈખ્તિલાફ નથી, બલ્કે સંજોગોના બદલાવથી અહકામના બદલાય જવાનું ઉદાહરણ છે.

## (૫) ફોટો પડાવવો ક્યારે હરામ અને ક્યારે હલાલ ?

કોઈ વ્યક્તિનું પોતાનો ફોટો પડાવવો હરામ તથા ગુનોહ છે. આ વિષયમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ નાં કેટલાયે ફત્વાઓ છે જેમાં એક ફત્વો તો ઘણો જ તેહકીકી છે. જે ક઼ાયદેસર રીતે કિતાબી રૂપમાં ''અતાયાલ્‌ કદીર ફી અહકામિ તસ્વીર''ના નામથી

★ *ઉલમાએ એહલે સુન્નતની એકમતિવાળી ક઼રારદાદ (એગ્રિમેન્ટ)નું નામ સરળતા ખાતર આ લખનારે (લેખકે) ''દારુલ કુઝાકે ફરાઈઝ વ મસાઈલ'' રાખ્યું છે. એ ફુલ સ્કેપ સાઈઝના બાર પેજો પર આધારિત છે. આ એગ્રિમેન્ટ મને મોહિબ્બે ગિરામી હઝરત મૌલાના મુહમ્મદ અલી ફારૂક઼ી સાહબ દામ મજદહુમ મોહતમિમ યતીમખાના ઈસ્લાહુલ મુસ્લિમીન (રાયપુર, છત્તીસગઢ)ના થકી ૨૦–શવ્વાલુલ્‌ મુકર્રમ હિ.સ. ૧૪૩૪ બુધવારે અસર પહેલાં મળ્યો. અમે એના માટે મૌલાના મૌસૂફના દિલના ઊંડાણથી આભારી છીએ. ખુદાએ પાક તેમને જઝાએ ખૈર અતા ફર્માવે. અને તેમને આ ક઼રારદાદ (એગ્રિમેન્ટ) ખૂદ ક઼ાઈદે મિલ્લત, રઈસુલ ક઼લમ હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ ના હાથે મળ્યો. અમે આ સંપૂર્ણ એગ્રિમેન્ટ ફાયદાના હેતુથી ''મજલિસે શરઈકે ફૈસલે''ની પ્રસ્તાવનામાં પ્રસિધ્ધ કરી રહ્યા છીએ. –**(મુહમ્મદ નિઝામુદીન ગુફિરલહૂ)***

વારંવાર છપાય ચૂક્યો છે. આ ફત્વો મારા (મૂળ લેખકના) મુર્શિદે બરહક્ક હુઝૂર મુફતીએ આ'ઝમ તથા હુઝૂર હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہما નો પણ હતો. આ બુઝુર્ગોની શાન તો ઘણી નિરાલી હતી, તેઓ હરામ કહેતા હતા તો શક્ય હોય ત્યાં સુધી તેનાથી બચતા પણ હતા. એ જ કારણે છે કે આ બુઝુર્ગોએ હજ્જે કા'બાના સફરનો ઈરાદો ત્યાં સુધી ન કર્યો જ્યાં સુધી કે તેમને ફોટો વિના હજ્જ કરવાની પરવાનગી ન મળી ગઈ.

સાચુ ફર્માવ્યું છે કોઈએ :–

*જો હો ઝૌક઼ે યક઼ીં પૈદા તો કટ જાતી હૈં ઝંજીરેં*

પરંતુ બાદમાં હઝરત મૌલાના મુફતી અજમલ શાહ સંભલી رحمۃ اللہ علیہ એ **ફર્ઝ હજ્જ માટે ફોટો પડાવવાની ઈજાઝત** આપી. આ વિષય પર તેમનો વિસ્તૃત ફત્વો "ફોટો કા જવાઝ દર હક્કે આઝિમાને હજ્જ" કેટલીયેવાર છપાય ચૂક્યો છે.

પછી જયારે હિ.સ. ૧૪૧૫ અને ઈ.સ. ૧૯૯૪માં મજલિસે શરઈ જામિઆ અશ્રફિયાના બીજા ફિક્હી સમેનિારના મોકા પર હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ એ વોટ આપવાના અધિકાર માટે ફોટોના જરૂરી હોવાના સંબંધે ચીફ ઈલેકશન કમિશનર ઓફ ઈન્ડિયા, ટી.એન. સેશનની જાહેરાત તથા તેના ફાયદાઓ અને નુકસાનોના વિષયમાં જણાવતાં "ફોટો પડાવવા"ના મસ્અલા પર બહષ તથા ચર્ચાનો પ્રસ્તાવ રજૂ કર્યો તો તે વિષય પર અલગ અલગ રીતે બહષો તથા ચર્ચા થઈ. ત્યાર પછી જરૂરતના સમયે ફોટો પડાવવાના જાઈઝ હોવાને પ્રત્યે સેમિનારનાં શરીક તમામ મુફતીઓની સહમતિ થઈ ગઈ.

તેના ઉપર એક વાંધો એ રજૂ કરવામાં આવ્યો કે અત્યારે શરઈ જરૂરત ઉપસ્થિત નથી તો જાનશીને મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝા ખાન અઝહરી مدظلہ العالی એ ફર્માવ્યું કે, "માગણીના સમયે **શરઈ જરૂરતના આધારે ફોટો પડાવવાની ઈજાઝત** છે."

ત્યાર બાદ આપે જ ફેંસલો બતાવ્યો જેના શબ્દો આ પ્રમાણે છે : જેમ કે આ સ્થિતિમાં માગણીના સમયે અનિવાર્ય સંજોગો અથવા સખત હાજત (જરૂરત) ઉપસ્થિત થઈ જશે. એટલા માટે ખાસ ઓળખ કાર્ડ માટે ફોટો પડાવવાની ઈજાઝત રહેશે.

**الضرورات تبیح المحظورات۔ والحاجۃ تنزل منزلۃ الضرورۃ۔ وما ابیح للضرورۃ یتقدر بقدرھا۔ کذا فی الا شباہ۔ واللہ تعالٰی اعلم۔**

*–મુહમ્મદ અહમદ મિસ્બાહીના ક઼લમથી.*

**ફક઼ીર મુહમ્મદ અખ્તર રઝા કાદરી અઝહરી ગુફિરલહૂ** ૨૨ રજબ, રાત્રે હિ.સ. ૧૪૧૫

**ઉલમાએ કિરામની તસ્દીક઼ો** : (૧) મુહમ્મદ શરીફુલહક્ક઼ અમજદી (સદર : ફત્વા વિભાગ જામિઆ અશ્રફિયા–મુબારકપુર) (૨) અર્શદુલ કાદરી ગુફિરલહૂ (જામિઆ નિઝામુદ્દીન ઔલિયાના સ્થાપક) (૩) ઝિયાઉલ મુસ્તફા કાદરી (સદર મુદર્રિસ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર) (૪) અબ્દુલ હફીઝ અફી અન્હૂ(સરબરાહે આ'લા જામિઆ અશ્રફિયા–મુબારકપુર) (૫) જલાલુદ્દીન અહમદ, અલ્ અમજદી (સદર ફત્વા વિભાગ, ફૈઝુર્રસૂલ, બ્રાઉન શરીફ) (૬) બહાઉલ મુસ્તફા કાદરી (ઉસ્તાઝ : દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામ, બરેલી શરીફ) (૭) શબ્બીર હસન રઝવી (મુફતી જામિઆ ઈસ્લામિયા, રોનાહી) (૮) ખ્વાજા મુઝફ્ફર હુસૈન (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરુલ હક્ક઼, ચિર્રા–મુહમ્મદપુરા) (૯) મુહમ્મદ અબ્દુલ મુબીન નોઅ્માની (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ કાદરિયા ચિરૈયા કોટ) (૧૦) મુહમ્મદ નિઝાદમુદ્દીન (નાઈબ મુફતી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર (૧૧) મુહમ્મદ અબ્દુલહક્ક઼ રઝવી (ઉસ્તાઝ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર (૧૨) મુહમ્મદ મેઅરાજ અલ્ કાદરી (સભ્ય મજલિસે શરઈ, મુબારકપુર)

(૧૩) કાઝી શમ્સુદ્દીન અશ્રફી (નાઝિમ : મુફ્તી મદની અરબિક કોલેજ–હુબ્લી) (૧૪) આબિદહુસૈન મિસ્બાહી (મુફ્તી : ફૈઝુલ ઉલૂમ–જમશેદપુર (૧૫) અખ્તરહુસૈન કાદરી (ઉસ્તાઝ : દારુલ ઉલૂમ રબ્બાનિયા–બાંદા) (૧૬) કાઝી શહીદ આલમ (મુફ્તી : મદ્રસા શમ્સુલ ઉલૂમ) (૧૭) ઝાહિદ અલી સલામી (નાઝિમ : મદ્રસા ફૈઝુલ ઉલૂમ–સંભલ)

શું આ ઉલમાએ ફતાવા રઝવિય્યહ્ તથા આ'લા હઝરત رحمۃ اللہ علیہથી ઈખ્તિલાફ કર્યો હતો ?! ના ! એમ નથી, બલ્કે સત્ય એ છે કે આ લોકોએ સંજોગોના બદલવાથી શરીઅતના હુકમમાં પરિવતનને જાહેર ફર્માવ્યું હતું.

## (૬) પેશાબના છાંટા લાગેલા કપડાથી પાણી નાપાક થશે કે નહીં ?

પેશાબના નાના (બારીક) છાંટા કપડા પર પડી જાય તો કપડુ નાપાક થશે નહીં, પરંતુ તે કપડુ થોડાક પાણીમાં પડી જાય તો પાણી નાપાક થશે કે નહીં, તેના વિશે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, (પાણી) નાપાક થઈ જશે. ત્યાર બાદ સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, નાપાક નહીં થાય. સાબિતી માટે ફતાવા રઝવિય્યહ્ના હાશિયા ફવાઈદ તથા બહારે શરીઅતની નિમ્ન લિખિત સ્પષ્ટતાઓ નિહાળો :–

ફવાઈદે રઝવિય્યહ્માં છે : નાપાક પાણીના અથવા પેશાબના સોઈના નાકા બરાબર બારીક બારીક છાંટાઓ કપડા અથવા બદન પર લાગી જાય (તો) માફ રહેશે, ભલે ને (તે છાંટાઓને) ભેગા કરવામાં આવે તો (એક) રૂપિયા (ના સિક્કા)થી વધારેની જગ્યાને રોકી લે. પરંતુ પાણી પહોંચ્યું અને વહ્યું નહીં, અથવા ગેરજારી (રોકાયેલા) પાણીમાં તે કપડુ પડી ગયું તો પાણી નાપાક થઈ જશે અને હવે તેના (પાણીની) નાપાકીથી કપડુ પણ નાપાક થઈ જશે.'' *(હાશિયા : ફતાવા રઝવિય્યહ્, ૧/૧૩૫, બાબુલ ગુસ્લ)*

અને બહારે શરીઅતમાં છે : ''પેશાબના નાના નાના બારીક છાંટા સોયના નાકા બરાબર બદન અથવા કપડા પર લાગી જાય તો કપડા તથા બદન પાક રહેશે. જે કપડા પર પેશાબના આટલા નાના બારીક છાંટાઓ લાગી જાય, જો તે કપડુ પાણીમાં પડી જાય તો પાણી પણ નાપાક નહીં થાય.'' *(બહારે શરીઅત, ભાગ : ૨, નાપાકીઓનું બયાન, મસ્અલા નં. ૨૩, ૨૪)*

નિશ્ચિત રીતે બહારે શરીઅતનો આ હુકમ ફવાઈદે રઝવિય્યહ્ના ઉપરોક્ત હુકમથી અલગ છે. તો શું તે ફતાવા રઝવિય્યહ્થી ફરી જવું છે ? અથવા સદરુશ્શરીઅહ્ જેવા બાઅદબ મુરીદ તથા શાગિર્દે પોતાના મુર્શિદે કરીમ તથા ઉસ્તાઝે જલીલથી ઈખ્તેલાફ કર્યો છે ?!

બિલ્કુલ તેમ નથી ! અહીંયાં ન ફરી જવું છે ન વિરોધ તથા ઈત્લિાફ છે.

હકીકત એ છે કે સોયના નાકા બરાબર પેશાબના છાંટા કપડામાં લાગવાથી ''ઉમૂમે બલ્વા'' (અધિક્તર લોકો તેમાં સપડાયેલ) છે. પરંતુ આવા કપડાના પાણીમાં પડી જવામાં ઉમૂમે બલ્વા નથી. એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પહેલી સ્થિતિમાં કપડાને પાક અને બીજી સ્થિતિમાં પાણીને નાપાક બતાવ્યું પરંતુ થોડાક સમય બાદ હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ લોકોની પરિસ્થિતિને નિહાળી અને મહેસૂસ કર્યું કે બીજી સ્થિતિમાં પણ ઉમૂમે બલ્વા થઈ ચૂક્યો છે, કેમ કે લોકો આવા કપડાં સામાન્ય રીતે ધોવા માટે પાણીમાં નાખી દે છે, એ પાણીની નાપાકીનો તેમને કોઈ ખ્યાલ પણ નથી હોતો. એટલા માટે આપે તેને પણ માફીના દરજામાં મૂકી તે પાણી તથા કપડાના પાક હોવાનો હુકમ આપ્યો. તો હક્ક એ છે કે **આ પ્રકારનો મતભેદ તથા વિરોધ, ફરી જવું નથી,** બલ્કે **સંજોગોના પરિવર્તનના કારણે હુકમના પરિવર્તનનું ઉદાહરણ** છે. વધુ પેજ નં. ૩૨....પર



# ❁ હાફિઝો ❁

## હિફ્ઝ શાથી ભૂલી જાય છે ?!

❑ રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અલ્લાહ તબારક તઆલાએ મનુષ્યને સુંદર મસ્તિષ્ક (ભેજુ) અપર્ણ કર્યું છે અને તે મસ્તિષ્કની સુંદરતા અંતિમ હદે પહોંચી જાય છે જ્યારે કોઈ વ્યક્તિ કુર્આને પાકને કંઠસ્થ કરીને પોતાના મસ્તિષ્કમાં સુરક્ષિત કરી લે છે. જાણે તેને એક અત્યંત સુંદર સાથી મળી જાય છે, જે ચાલતાં, ફરતાં, ઉઠતાં, બેસતાં, બીમારીમાં, તંદુરસ્તીમાં, ઘર અને સફરમાં તેની સાથે રહે છે. અને હાફિઝે કુર્આન જ્યારે ઈચ્છે કુર્આન પઢી શકે છે. અલ્લાહ તબારક વ તઆલાએ હાફિઝે કુર્આન માટે અલગ બદલો રાખ્યો છે અને તેના માતા, પિતા માટે પણ અલગ બદલો રાખ્યો છે, ત્યાં સુધી કે **એક હાફિઝે કુર્આન એવા દસ લોકોને જન્નતમાં લઈ જશે જેમના માટે જહન્નમ લખાઈ ચૂકી હશે અને તેના માતા, પિતાને નૂરાની તાજ પહેરાવવામાં આવશે.**

કુર્આને મજીદને હિફ્ઝ કરવું એક અત્યંત કઠિન કામ છે. ફજરની નમાઝ બાદ પઢવું, ઝોહરની નમાઝ બાદ પઢવું, અને ફરી મગરિબની નમાઝ બાદ પઢવું કોઈ સરળ કાર્ય નથી ! પરંતુ એક હાફિઝે કુર્આન આ સ્થિતિથી કેટલાય વરસો સુધી પસાર થાય છે. તેનો બદલો એ મળે છે કે કુર્આને પાક તેના સીનામાં સુરક્ષિત થઈ જાય છે અને હાફિઝે કુર્આનને ન કેવળ અલ્લાહ તઆલાને ત્યાં બલ્કે સમાજમાં પણ એક ઉચ્ચ અને વિશિષ્ટ મર્તબો પ્રાપ્ત થાય છે.

હું (લેખક) હેલી કોલેજ ઓફ કોમર્સમાં આસિસ્ટન્ટ પ્રોફેસર છું અને મારી જવાબદારીમાં એ કામ પણ છે કે હું હુફ્ફાઝે કિરામની ટેસ્ટ પણ લઉં છું. પાછલા ૧૫ વરસ દરમિયાન મેં આશરે ૮૦ બાળકોની ટેસ્ટ લીધી જેમનામાં મુશ્કિલથી ૧૫ સફળ થયા. જેનો અર્થ એ છે કે ૧૦૦ હુફ્ફાઝે કુર્આનમાંથી ૧૮ને કુર્આન યાદ હોય છે, બાકી ૮૨ ભૂલી ચૂક્યા હોય છે. નોંધનીય વાત એ છે કે સૌ હાફિઝ હોય છે તેમના લબો લહેજા અને ઉચ્ચારથી એ ગુમાન થાય છે કે તેમણે કુર્આન હિફ્ઝ કર્યું છે, તે સૌએ સખત મહેનત કરી હોય છે. પરંતુ કોઈપણ કારણ અથવા સુસ્તીના કારણે તેઓ કુર્આન ભૂલી ચૂક્યા હોય છે.

તે કારણો વિચારપાત્ર છે જેમના લીધે એક હાફિઝે કુર્આન પોતાની સખત મહેનતથી યાદ કરેલ કુર્આનને ભૂલી જાય છે એ કારણો જોઈએ.

હાફિઝે કુર્આનના કુર્આન યાદ રાખવામાં ચાર કારણો હોય છે : પોતે હાફિઝે કુર્આન તેના ઉસ્તાદો, તેના માતા, પિતા અને સમાજ. આપણે ત્યાં સામાન્યતઃ હાફિઝે કુર્આન પાંચમાં ધોરણ પછી હિફ્ઝ કરવાનું શરૂ કરે છે અને તેની વય ત્યારે લગભગ ૧૦–૧૧ વરસ હોય છે. સામાન્યતઃ બે અઢી વરસમાં તે કુર્આન હિફ્ઝ કરી લે છે. ત્યારે તેની વય ૧૨–૧૩ વરસની હોય છે. આ વયનો બાળક એટલો સમજદાર નથી હોતો કે તે હિફ્ઝે કુર્આનના મહત્વથી વાકેફ હોય. તે એ વાત પર ઘણો ખુશ હોય છે કે તેણે કુર્આન હિફ્ઝ કરી લીધું છે અને લોકો તેને હાફિઝે કુર્આન કહેવા લાગ્યા છે. આ કારણસર હું હાફિઝે કુર્આન બાળકને નિર્દોષ ઠરાવું છું, કેમ કે એ જ મોટી હિમ્મત છે કે તેણે સખત મહેનત કરી અને પોતાનું લક્ષ્ય પામી લીધું.

મદ્રસાના જિમ્મેદારો અને ઉસ્તાદો બે વિનંતી છે : **પ્રથમ** : એ કે તેઓ બાળકથી સબક્ અને મંઝિલ કાયદેસર સાંભળે અને તેમાં કોઈ પ્રકારની સુસ્તી ન કરે, અને બાળકને અન્ય કોઈ કામમાં ઓછામાં ઓછો ઉલઝાવે. જેમ કે કોઈના ઘરે અથવા કબ્ર પર કુર્આને પાક પઢવા જવું (કુર્આન ખ્વાની વગેરે). આ

અનુભવની વાત છે કે એકવાર રૂટિનથી નીકળ્યા પછી હાફિઝને ફરી રૂટિન પર આવવામાં મુશ્કેલી થાય છે, અને વળી શયતાનના હુમ્લા પણ સતત થતા રહે છે. ઉસ્તાદો હિફ્ઝ સંપૂર્ણ થયા બાદ થોડોક સમય કેવળ હાફિઝે કુર્આનને મંઝિલ યાદ કરવામાં લગાડે, અને તેને ત્યાં સુધી મદ્રસાથી ફારિગ ન કરે જ્યાં સુધી તેની મંઝિલ સારી રીતે યાદ ન થઈ જાય. શક્ય હોય તો ફારિગ થયા પછી પણ મંઝિલ સાંભળતા રહે.

બીજુ એ કે ઉસ્તાદો હિફ્ઝ દરમિયાન શારીરિક સજા આપવાથી બને શકે ત્યાં સુધી બચે. હાફિઝે કુર્આનના સખત રાત દિવસ એ વાતનો તકાદો કરે છે કે તેની હોસ્લા અફઝાઈ (પ્રોત્સાહન) કરવામાં આવે. શારીરિક સજા હાફિઝે કુર્આનને તેના મક્સદથી હટાવી દે છે અને તેને બગાવત પર ઉકસાવે છે.

હાફિઝે કુર્આનના હિફ્ઝને યાદ રાખવા અથવા ભૂલવામાં તેના માતા, પિતાનો મોટો હાથ છે. ઉસ્તાદે હાફિઝને હિફ્ઝ કરાવી દીધું અને તેની મંઝિલ યાદ કરાવી તેના માતા, પિતાના હવાલે કરી દીધો, હવે માતા, પિતાનું કામ શરૂ થયું.

જ્યારે બાળક કુર્આને પાક હિફ્ઝ કરી લે છે તો માતા, પિતાની એ ખ્વાહિશ અને કોશિશ હોય છે કે તેને વહેલામાં વહેલી તકે ફરી સ્કૂલમાં દાખલ કરી દેવામાં આવે જેથી બાળક પાછળ ન રહી જાય. જોવામાં તો માતા, પિતાની આ ઈચ્છા યોગ્ય લાગે છે પરંતુ યાદ રહે કે ત્રીસ સિપારા યાદ કરી લેવા એ હિફ્ઝના કામોમાંથી એક કામ છે, હજુ બીજુ એને તેનાથી પણ અગત્યનું કામ બાકી છે અને તે છે મંઝિલને પાકી કરવી. આપણે ત્યાં ભૂલી જનાર હુફ્ફાઝે કિરામમાં અધિક સંખ્યા તે હુફ્ફાઝની જ છે જે ત્રીસ સિપારા હિફ્ઝ કરીને મદ્રસો છોડી દે છે અને મંઝિલ પાકી નથી કરતા. માતા પિતાએ જોઈએ કે ત્રીસ સિપારા હિફ્ઝ કર્યા બાદ બાળકને સ્કૂલમાં દાખલ કરવાના બદલે તેની મંઝિલ પાકી કરવા પર જરૂર ધ્યાન આપે અને કમ સે કમ ૬ મહિના તેની મંઝિલ પાકી કરવા માટે રાખે. મંઝિલ પાકી થયા બાદ એ વાતની ખાસ આશા છે કે બાળકને તેની મંઝિલ યાદ રહેશે.

સૌથી કઠિન અને મહત્વનું કામ હવે શરૂ થશે. હાફિઝને દુનિયવી કામો પણ નિપટાવવાનાં છે અને પોતાના હિફ્ઝને પણ બાકી રાખવાનું છે. આ જ એ સ્થિતિ છે જ્યાં વધુ પડતા હુફ્ફાઝ નિષ્ફળ થઈ જાય છે અને પોતાનું હિફ્ઝ ભૂલાવી બેસે છે.

મંઝિલ પાકી થયા બાદ માતા, પિતા બાળકને સ્કૂલમાં દાખલ કરાવી શકે છે, પરંતુ એ વાત યાદ રાખે કે મંઝિલ ત્યાં સુધી પાકી રહેશે જ્યાં સુધી હાફિઝ તેને પઢતો રહેશે. હાફિઝ બાળકની સમજ તો વયના આધારે હમણા એટલી પાકી નહીં હોય અને આ ઘણી મોટી કામ્યાબીના મહત્વથી પોતે એટલો વાકેફ નહીં હોય એટલા માટે **માતા, પિતાની એ જવાબદારી છે કે રોજ હાફિઝથી એક સિપારો ગેપ વિના સાંભળે અને તેમાં કોઈ પ્રકારની સુસ્તી ન કરે** અને શક્ય હોય તો હાફિઝનો સંબંધ મદ્રસાથી જોડાયેલ રાખે અને તેને રોજ મદ્રસે મોકલે જેથી તે ત્યાં પોતાની મંઝિલ સંભળાવી શકે. અથવા તેની મંઝિલ સાંભળવા માટે કોઈ હાફિઝ અથવા કારી સાહબની વ્યવસ્થા કરે, અને એ વાતનું ધ્યાન રાખે કે તેની મંઝિલ ગેપ વગર સાંભળવામાં આવે. આજકાલ હુફ્ફાઝે કિરામની સંખ્યા ઘણી અધિક છે અને દરેક ગલીમાં હુફ્ફાઝ મળી જાય છે. હાફિઝે કુર્આનની મંઝિલને સારી રીતે યાદ રાખવાનો તરીકો એ પણ હોય શકે છે કે હાફિઝની વયનો અન્ય કોઈ હાફિઝ મહોલ્લામાં શોધવામાં આવે અને માતા, પિતા એ વાતને નિશ્ચિત બનાવે કે બંનેવ હાફિઝ રોજ એકબીજાને ઓછામાં ઓછો એક સિપારો જરૂર સંભળાવે. મંઝિલને યાદ રાખવાનો આ એક અસરકારક તરીકો છે. માતા પિતાની જ એ જવાબદારી છે કે તેઓ હાફિઝની મંઝિલ સાંભળવાની સારી વ્યવસ્થા કરે.

હુફ્ફાઝની મંઝિલ યાદ રાખવામાં સમાજની પણ મહત્વની ભૂમિકા છે, ગલી, મહોલ્લામાં મસ્જિદો પણ છે અને હુફ્ફાઝ પણ. જરૂરત એ વાતની છે કે મસ્જિદોમાં અમુક અમુક સમયે હુફ્ફાઝની મંઝિલ સંભળાવવાની સ્પર્ધા આયોજિત કરવામાં આવે અને હુફ્ફાઝે કિરામની હોસ્લા

અફઝાઈ માટે તેમને ઈન્આમો અને સનદો આપવામાં આવે. રમઝાનના મહિનામાં એ કોશિશ કરવામાં આવે કે એકથી વધુ હુફ્ફાઝે કિરામને મંઝિલ સંભળાવવા અને સાંભળવાની તક આપવામાં આવે. તરાવીહમાં કુર્આને પાક સાંભળવું અને સંભળાવવું હકીકતમાં હુફ્ફાઝની મંઝિલનું ઈમ્તિહાન હોય છે. તરાવીહમાં કુર્આને પાક સંભળાવવા અને સાંભળવાવાળાઓએ હુફ્ફાઝ પર વાંધા ઉઠાવવાના બદલે તેમને પ્રોત્સાહન આપવું જોઈએ.

હુફ્ફાઝે કિરામને પણ જોઈએ કે પોતાના હિફ્ઝનું મહત્વ જાણે અને કોઈની આશા રાખ્યા વગર પોતે પોતાની મંઝિલની ચિંતા કરે અને રોજ કુર્આન સંભળાવવાની વ્યવસ્થા પોતે કરે. કુર્આનના હિફ્ઝની હિફાઝત કરવા પર અલ્લાહ તઆલા હુફ્ફાઝને દુનિયા તથા આખેરતમાં કામયાબ ફર્માવશે.

હાફિઝે કુર્આનની એક જવાબદારી એ છે કે તે પોતાના સીનામાં કુર્આનની અઝમતને બેસાડે અને તેની પવિત્રતાથી આગાહ રહે. એટલે કે ગુનાહનાં કામો અને બુરી સંગતથી દૂર રહે. વિશેષ રીતે પોતાની ઝબાનને બેહૂદા વાતોથી સુરક્ષિત રાખે, કારણ કે આ તે ઝબાન છે જે કુર્આને પાકની તિલાવત કરે છે. પોતાની નજરોની હિફાઝત કરે, હમેશાં સાચુ બોલે અને પોતાના અખ્લાક઼ને કુર્આનની તા'લીમાત અનુસાર સુશોભિત કરે, એવું ન હોય કે હાફિઝે કુર્આનના અમલ અને ચરિત્ર તેના હિફ્ઝે કુર્આનની તૌહીન કરી રહ્યાં હોય. *(માહનામા મીષાક઼, ડિસે–૨૦૧૫, માહનામા નૂરુલ હબીબ, ફેબ્રુ–૨૦૧૬)*

અત્રે એક વાત એ પણ ગંભીરપણે નોંધવા જેવી છે કે જેવી રીતે ''હાફિઝે કુર્આન''ની ફઝીલત મહાન છે તેવી જ રીતે કુર્આન ભૂલી જનાર માટે કેટલીક ભયાનક ચેતવણીઓ હદીષમાં આવી છે તેને પણ દિલના કાનથી સાંભળી લો ! :–

''હઝરત સઅદ ઈબ્ને ઓબાદા رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કુર્આને કરીમ પઢીને ભૂલી જાય તે કયામતના દિવસે અલ્લાહ તઆલાને એ હાલમાં મળશે કે એના હાથ કપાયેલા હશે. *(મિશ્કાત શરીફ, ભાગ–૨, હદીષ–૭૧૬, ફઝાઈલે કુર્આનકા બયાન)*

આ ઉપરાંત પણ બીજી ચેતવણીરૂપ રિવાયતો છે કે કોઢી ઉઠશે, અડધુ ધડ નહીં હોય એવી હાલતમાં ઉઠશે...વગેરે તો કુર્આનને હિફ્ઝ કરી ભૂલી ન જવાય માટે સતત પઢતા રહેવું જોઈએ.

પેજ નં. ૨૯ નું ચાલુ...

અને આ'લા હઝરતના જાહેરી હુકમના વિરુધ્ધ સદરુશ્શરીઅહ્નો આ હુકમ પણ માત્ર એક થોડાક સમય (બહારે શરીઅત ઉપર તસ્દીક લખવાના પહેલા સુધી) માટે છે. કેમ કે બહારે શરીઅત, ભાગ–૨ પર આ'લા હઝરત رحمۃ اللہ علیہની તસ્દીક઼ે જલીલ છે, જે બહારે શરીઅતના ઉપરોક્ત હુકમથી સંમતિ તથા તેની તરફદારી છે. જેથી હવે આ'લા હઝરત رحمۃ اللہ علیہનો મહઝબ પણ તે જ થઈ ગયો જે બહારે શરીઅતમાં છે.

અને શરૂઆત (પ્રારંભ)માં તે વર્ણવી ચૂકયા છીએ કે જરૂરત, હાજત વગેરે સાતેવ શરઈ આધારોના કારણે જે હુકમ બદલાય છે તે સાહિબે મઝહબથી ઈખ્તિલાફ નથી. કેમ કે જો સાહિબે મઝહબ તે ''શરઈ આધાર''ના ઉપસ્થિત થવાના સમય સુધી મૌજૂદ હોત તો તે પણ એ જ હુકમ આપતા જે અત્યારે આપવામાં આવી રહ્યો છે. તેની સ્પષ્ટ સાબિતી આ'લા હઝરત رحمۃ اللہ علیہની આ તસ્દીક઼ છે કે ઉમૂમે બલ્વા ન હોવાના કારણે આપે પાણીના નાપાક હોવાનો હુકમ આપ્યો હતો અને પછી જયારે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ ઉમૂમે બલ્વાના ઉપસ્થિત થઈ જવાના કારણે પાકીનો હુકમ આપ્યો અને હુસ્ને ઈત્તેફાક઼ કે હજુ તે સમયે આ'લા હઝરત رحمۃ اللہ علیہ બાહયાત હતા, આપે તેનાથી સમંતિ દર્શાવી આપી.

**હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ તથા આ'લા હઝરત رحمۃ اللہ علیہનો આ અમલ બાદવાળાઓ માટે દર્સે ઈબ્રત છે.** તેમનાથી અક઼ીદત ધરાવનારાઓએ પણ આ જ રવિશ તથા માર્ગ અપનાવવો જોઈએ. ...*(ક્રમશઃ)*

# મદ્રસાઓમાં તલબાના અખ્લાક઼ી ધોરણનું ધોવાણ !

(હપ્તો : ૨)

અઝ : **મૌલાના અબ્દુલ મુબીન નોઅમાની મિસ્બાહી**

અનુવાદક : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

## ★ મદ્રસાઓની ખામીઓ અને તેના ઈલાજ ★

**(૬)** એ પણ હક઼ીક઼ત છે જેને નકારી શકાય નહીં કે તર્બિયત વિનાની તાલીમ લગભગ બેકાર છે બલ્કે ઘણીવાર તો હાનિકારક હોય છે. એક સામાન્ય વ્યક્તિ બદ અમલીનો શિકાર હોય તો તેનું નુકસાન તેના સુધી જ સીમિત રહે છે, પરંતુ જ્યારે કોઈ આલિમ બદઅમલીમાં સપડાય છે તો તેની આ બુરાઈ ફેલાતી જાય છે, એટલે કે આમ લોકોને પણ તેના કારણે બદઅમલી કરવાનું ઉત્તેજન મળે છે. અને સ્પષ્ટ છે કે જેના કારણે બુરાઈઓ ફેલાય તે પણ ગુનાહમાં શરીક સમજવામાં આવશે. માટે મદ્રસાના તલબાને (જે ભવિષ્યમાં આલિમ, હાફિઝ, મુદર્રિસ, ઈમામ, મુક઼ર્રિર વગેરે બનશે) તર્બિયતથી સજ્જ કરવાની જરૂરત છે. અને એ પણ હક઼ીક઼ત છે કે બચપનની આદતો આગળ પણ બાકી રહે છે. અને સામાન્ય રીતે આવું જ થાય છે (કે બચપનની આદતો ઘડપણ સુધી બાકી રહે છે) માટે જે બચપનમાં નમાઝનો પાબંદ થઈ જશે તો આગળના જીવનમાં આપોઆપ જ નમાઝ નહીં છોડે, અને જે બચપનમાં નમાઝની પાબંદીથી આઝાદ રહ્યો તો બાદમાં પાબંદ થવું અશક્ય નહિં તો મુશ્કેલ જરૂર છે. અફસોસ કે અધિકતમ મદ્રસાઓમાં નમાઝની પાબંદી કરવાની યોગ્ય વ્યવસ્થા નથી જ્યારે આ તરફ ભરપૂર ધ્યાન આપવાની જરૂરત છે.

એ જ રીતે જ્યાં સુધી જાન પહેચાન ન હોય ત્યાં સુધી તલ્બા કોઈને સલામ નથી કરતા, ભલે સામે આલિમ, મૌલાના, હોય અથવા પરહેઝગાર મુસલમાન, જ્યારે કે હદીષ શરીફમાં છે : સલામ તેને પણ કરો જેને ઓળખતા હોય અને તેને પણ કરો જેને ઓળખતા ન હોય. (બુખારી શરીફ) અને કોઈને સલામ ન કરવું ઘમંડી હોવાની નિશાની છે, તેનાથી બચવું પણ જરૂરી છે. જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે : જે વ્યક્તિ પહેલા સલામ કરે છે તે તક઼બ્બુરથી મુક્ત છે. *(બહારે શરીઅત, ૧૬/૪૪૫)*

તક઼બ્બુરની કુર્આન તથા હદીષમાં ઘણી જ નિંદા વર્ણન થઈ છે. તો જ્યારે તલ્બા તાલીમના ગાળામાં જ તક઼બ્બુરના શિકાર થઈ જાય તો બાદમાં અધિક તક઼બ્બુરવાળા થશે. તો તેઓ ક઼ૌમની ઈસ્લાહ શું કરી શકશે ?! એટલા માટે જ હદીષોમાં તવાઝોઅ (આજીજી-નમ્રતા)ની ફઝીલત બયાન કરવામાં આવેલી છે. એક હદીષમાં છે : "જે અલ્લાહને માટે તવાઝોઅ (આજીજી) કરે છે અલ્લાહ તેને બુલંદી અતા ફર્માવે છે. *(મિશ્કાત : ૪૩૫)*

એ જ રીતે અમુક મદ્રસાના તલ્બા બીજા મદ્રસાના તલ્બા પર પોતાની બડાઈ જતાવે છે અને બીજાઓને બેઈજ્જત કરવાની કોશિશ કરે છે, એ પણ તક઼બ્બુર અને ઘણુ જ નિંદનિય કૃત્ય છે. બલ્કે બીજા લોકોને માન સન્માન આપવું અને તેમને એવો એહસાસ કરાવવો કે તેઓ સમજે કે આપણે એક જ છીએ, એ ખૂબ જરૂરી છે. તક઼બ્બુર કરનાર રૂસ્વા થાય છે અને તેનાથી અલ્લાહ તઆલા નારાજ થાય

છે. માટે તેનાથી બચવાની તાકીદે કોશિશ કરવી જોઈએ.

એ જ રીતે એક તાલિબે ઈલ્મ બીમાર થાય તો બીજા તલ્બા તેની ઈયાદત કરે (ખબર લે) અને તેની જરૂરતો પૂરી કરવા માટે ભરપૂર પ્રયાસ કરે. જેથી તેને અજનબિયતનો એહસાસ ન થાય. ઈયાદત અને બીજાઓની જરૂરત પૂરી કરવાની પણ હદીષ ઘણી ફઝીલત બયાન થઈ થઈ છે, તેના પર અમલ કરવો પણ તલ્બા માટે અત્યંત જરૂરી છે. બહારથી કોઈ અજનબી આવે ભલે આલિમ હોય અથવા સામાન્ય વ્યક્તિ તેની સાથે પણ સદવર્તનથી પેશ આવવું ફર્ઝ છે. ઘણીવાર જોવામાં આવે છે કે કોઈ અજનબી કોઈના વિશે પૂછે છે તો તલબા જવાબમાં કહે છે : અમે નથી જાણતા ! અથવા ફલાણા રૂમમાં ચાલ્યા જાવ ! આ પ્રકારના જવાબથી આવનાર હતાશ થાય છે અને તેના પર ઘણો દુષ્પ્રભાવ પડે છે. ખાસ રીતે જ્યારે કોઈ સામાન્ય વ્યક્તિ હોય છે તો સમજે છે કે તલબા અશિષ્ટ હોય છે, અથવા કહે છે કે તેમને આવું જ શિખવવામાં આવે છે. આમ કરવાથી તલ્બા, ઉસ્તાદો અને મદ્રસા સૌની બેઈજ્જતી થાય છે. માટે આવી હરકતથી બચવું જોઈએ. આ બીમારી ઘણી જ આમ છે. ઘણીવાર મારી સાથે આવું બન્યું છે. ઉસ્તાદોએ આ બાબતે ઘણી ગંભીરતાથી કામ લેવુ જોઈએ.

એક શેઠ સાહબ જે સાદા વેશમાં હતા. એક મદ્રસામાં ગયા. તેમણે વુઝૂ કરવા માટે કોઈનાથી લોટો માંગ્યો. ઈશાનો સમય હતો. મુદર્રિસ સાહબે લોટો ન આપ્યો અને ઈશારાથી બતાવી દીધું કે આ બાજુ ચાલ્યા જાવ. જ્યારે કે તે કોઈ તાલિબે ઈલ્મને પણ આ કામ સોંપી શકતા હતા કે તેમને લોટો આપી દે, અથવા વુઝૂખાના સુધી પહોંચાડી આપે. જેમ તેમ જગા શોધી વુઝૂ બનાવ્યું અને નમાઝ પઢી, પછી જિમ્મેદારોથી મળીને ચાલ્યા ગયા. બાદમાં એક મૌલાના સાહબથી કહ્યું કે હું તો ચંદો આપવા ગયો હતો પરંતુ મદ્રસાવાળાઓની બદઅખ્લાકી જોઈ હતાશ થઈ ચાલ્યો આવ્યો, ચંદો તો કોઈ પણ મદ્રસામાં આપી ષવાબ મેળવી શકાય છે પણ આવા બદખખ્લાક લોકોને ચંદો આપવામાં કોઈ ફાયદો નથી! સારાંશ કે સદવર્તનના ફાયદાઓ અસંખ્ય છે અને બદઅખ્લાકીના નુકસાનો પણ અગણિત છે.

**(૭)** એ તમાશો પણ દિવસોથી જોવામાં આવે છે કે જૂના તલ્બા નવા તલ્બાની મજાક ઉડાવે છે અને તેમને પરેશાન કરે છે, આ એક કુસંસ્કારી અને ગેર ઈસ્લામી રસ્મ છે જે દુન્યવી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓથી શિખવામાં આવી છે. હંસી મજાક વિશે કુર્આનની આ તાલીમ હમેશાં આંખો સમક્ષ રાખવાની જરૂર છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : ''હે ઈમાનવાળાઓ ! ન પુરૂષ પુરૂષોથી હસે, અજબ નથી કે તે આ હસનારાઓ કરતાં બેહતર હોય. અને ન સ્ત્રીઓ સ્ત્રીઓથી હસે, દૂર નથી કે તે એ હસનારીઓ કરતાં બેહતર હોય. અને આપસમાં મહેણા ન મારો અને એકબીજાના બુરાં નામો ન રાખો. કેટલુ બુરુ નામ છે મુસલમાન થઈ ફાસિક કહેવાડવું ?! અને જેઓ તૌબા ન કરે (આ હરકતોથી) તો તેઓ જ જાલિમ છે.'' *(સૂ. હુજુરાત, ૧૧/૪૯)*

આ આયતથી અમુક અખ્લાકી બાબતો પર પ્રકાશ પડે છે :–

- કોઈની મજાક ઉડાડવી ઈમાનના તકાદા વિરૂધ્ધ છે, કોઈ સાચા મુસલમાનને એ કદાપિ શોભા નથી આપતું.
- કોઈની મજાક ઉડાડી એ ન સમજવું જોઈએ કે હું તેનાથી દરેક રીતે ઉત્તમ છું બલ્કે ઘણીવાર એમ થાય છે કે જેની મજાક ઉડાડવામાં આવે છે તે મજાક ઉડાડનારથી બેહતર હોય છે અને જ્યારે તેની બેહતરી (યોગ્યતા) જાહેર થાય છે તો મજાક ઉડાડનારને શાર્મિંદા થવુ પડે છે. અને એ પણ થઈ શકે છે કે આજે તે કોઈ બાબતમાં

ભલે કમજોર હોય પરંતું થોડા સમયમાં આગળ નીકળી જાય, પછી તે મજાક ઉડાડનારની જ મજાક ન ઉડાડવામાં આવે.

- એક મુસલમાન બીજા મુસલમાનને બુરા નામોથી ન પુકારે જેમ કે કાળયા, બટકા, લંગડા વગેરે કહીને કોઈને ન બોલાવે. (હા ! આવા શબ્દો કોઈની ખાસ ઓળખ બની ગયા હોય તો ઓળખ માટે કહેવું અલગ વાત છે) અર્થાત બુરાઈ અને મજાક માટે આવા શબ્દો કોઈના માટે બોલવામાં ન આવે.
- એકબીજાને મહેણાં ન મારે, કે તેનાથી ઈન્સાનને ઘણી તકલીફ પહોંચે છે અને કદી કદી તેનું પરિણામ ઘણુ જ ભયાનક આવે છે. કત્લ સુધી નોબત પહોંચી જાય છે.
- અને આવુ કરવું ફિસ્ક (ગુનો) છે, તેનાથી આદમી ફાસિક થઈ જાય છે અને એક મુસલમાન માટે ફાસિક હોવું ઘણી બુરી વાત છે.
- કોઈનાથી આવી હરકતો થઈ જાય તો તુરંત તૌબા કરી પોતાને પાક કરી લે. જો જીદ, હઠધર્મી અને ઘમંડના કારણે તૌબા ન કરે તો આ જુલ્મ છે અને એવું કરનાર જાલિમ છે.

આ અખ્લાકી તાલીમાત માત્ર તલ્બા માટે જ નથી, ઉસ્તાદો અને મદર્રિસીન માટે પણ તેમાં બોધ છે. કારણ કે કેટલીકવાર અધિક સલાહિયત (લાયકાત)વાળા મુદર્રિસો ઓછી સલાહિયતવાળા મુદર્રિસોની મજાક ઉડાડયા કરે છે અને તેમને નીચા જાહેર કરે છે, તેમની કમજોરીઓને મજા લઈ લઈને વર્ણન કરે છે તેમના માટે પણ આ હુકમ છે, બલ્કે આ ભણેલા પઢેલા લોકો અધિક જવાબદાર છે કે જેમનુ ચરિત્ર તલ્બા માટે આદર્શ હોય છે.

**(૮)** સરકારી, અર્ધ સરકારી અને પ્રાઈવેટ મદ્રસાઓમાં પગારને લઈને પણ ગૈર શરઈ હરકતો આચરવામાં આવે છે. મુદર્રિસ બહાનાં બનાવી પોતાને અધિક પગારને પાત્ર બતાવે છે અને કમીટીવાળા, ક્યાંક નાઝિમ પગાર બચાવવાની કોશિશ કરે છે, અને બંનેવ પક્ષો ગલત રવિશના શિકાર બનતા રહે છે. આ વિશે જે પણ કાયદો બનાવવામાં આવ્યો હોય પ્રથમ તો એ જોવામાં આવે કે તેમાં શરીઅતની રૂએ કોઈ બુરાઈ તો નથી, જો હોય તો દૂર કરવામાં આવે નહીં તો દરેક મદ્રસાના કાયદાનું પાલન કરે. ન મુદર્રિસની હકતલ્ફી થાય અને ન મદ્રસા અથવા ગવર્નમેન્ટથી નાજાઈઝ પગાર લેવામાં આવે એટલા માટે કે નાજાઈઝ પગાર હરામનો દરજો રાખે છે, તેને લેવું હરામ જ થશે. એ જ પ્રમાણે મુદર્રિસનો વાજબી હક ન આપવું પણ ગુનોહ છે. ભલે અને કમાટીવાળા કરે અથવા કોઈ હોદ્દેદાર, નાજાઈઝ દરેક સ્થિતિમાં નાજાઈઝ છે.

અમુક લોકો આવા સંજોગોમાં મદ્રસાના ફાયદાની વાત કરે છે તો તેમને જાણ હોવી જોઈએ કે ફાયદો જાઈઝ તરીકાથી હોય તો સારી વાત છે, પરંતુ કોઈનો હક મારીને અથવા નાજાઈઝ તરીકાથી મદ્રસાને ફાયદો પહોંચાડવો કોઈ રીતે જાઈઝ નથી બલ્કે ગુનોહ અને જુલ્મ પણ છે. જે રૂપિયા જુલ્મ કરીને મેળવવામાં અથવા બચાવવામાં આવે તો કોઈ રીતે મદ્રસાના લાયક નથી, ન તેને મદ્રસાના ઉપયોગમાં લેવા જાઈઝ છે. જુલ્મ દરેક સ્થિતિમાં જુલ્મ છે અને તેનુ પરિણામ બુરૂ જ છે.

અફસોસ કે મુદર્રિસ હોય અથવા કમિટીના સભ્યો, હલાલ હરામની તમીઝ દરેકથી ઉઠતી જઈ રહી છે ! મદ્રસા જે દીની તા'લીમાતનાં કેન્દ્ર છે ત્યાંથી જ દીની અને શરીઅતનો જનાઝો નીકળતો નજર આવે છે. મદ્રસામાં જ્યારે આવા મતભેદ થાય તો ફિકહમાં નિપૂણતા ધરાવનાર ઉલમા અને મુફ્તિયાને કિરામથી ચર્ચા વિચારણા કરી શરીઅતનો જે હુકમ આવે તેના પર બંને પક્ષોએ અમલ કરવો જોઈએ. ઈખ્લાસ અને દીનદારીનો પણ આ જ તકાદો છે.

દરેક પક્ષ પોતાના અહમ પર અડેલો રહેશે અને દરેક પોતપોતાના લાભ પાછળ આંખો બંધ કરી દોડતો રહેશે તો પછી હક ફેંસલાની સવાર કયામત સુધી પ્રકટ નહીં થાય.

## ★ મદ્રસાઓ અને ખાનકાહોની કાર્યપ્રણાલી ★

આજે મદ્રસાઓ અને ખાનકાહો ઘણી જ ઝડપથી પોતાની મહત્વતા ખોઈ રહેલ છે. અખલાકી ધોરણોનું પ્રમાણ ઘટી રહ્યું છે. ભૌતિકતાનું દરેક જગ્યાએ જોર દેખાય છે. માટે આવા સંજોગોમાં ભૂતકાળમાં ઝાંકવાની અને પૂર્વજ બુઝુર્ગોની કાર્યશૈલીને જીવંત કરવાની જરૂરત છે. આજે પણ મદ્રસાઓ અને ખાનકાહો પોતાની વ્યવસ્થા તથા બંધારણ દુરૂસ્ત કરી લે તો ઘણા જ જલ્દી આપણે એક પવિત્ર ઈન્કિલાબના આગમનની આહત અનુભવીશું. આ વિશે મૌલાના અબ્દુલહામિદ કાદરી બદાયૂનીની એક શાનદાર કિતાબ ''નિઝામે અમલ''થી એક ટુકડો વાંચકો સમક્ષ રજૂ કરી અમે અમારી વાત પૂરી કરી રહ્યા છીએ. મૌલાના મદ્રસાઓ અને ખાનકાહોની સેવાઓ પર પ્રકાશ નાખતાં ફર્માવે છે :–

- દીનની તબ્લીગ અને પ્રચાર માટે આપણા મદ્રસા અને ખાનકાહોએ જે ઉત્તમ સેવાઓ આપી છે, ઈતિહાસ તેનો સાક્ષી છે. એ ઉલમા અને મશાઈખ જ હતા જેમણે દુનિયાના દરેક દેશમાં પહોંચીને ઈસ્લામની દા'વત આપી, અને પોતાના અમલના જોશ અને કઠોર પરિશ્રમથી દુનિયાને તાબે કરી દીધી. તેઓ દિખાવાથી દૂર, હક અને સદાકત, ખુલૂસ તથા લિલ્લાહિયતના નમૂના હતા.
- તેમની ખાનકાહોથી રૂહાની અને મઝહબી તર્બિયત આપવામાં આવતી, શાગિર્દોથી સખત રિયાઝતો કરાવવામાં આવતી જેથી મુજાહિદાની આદતવાળા બની ઈસ્લામની ખિદમતમાં દરેક મુસીબત સહન કરી શકે.

એકવાર હઝરત સય્યદુત્તાઈફા જુનૈદ બગ્દાદી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું : અમારે ત્યાં ખિર્કાનો આધાર નથી બલ્કે આધાર પોતાને જલાવી દેવાનો છે. તેમના શાગિર્દોને ત્યાં સુધી ખિર્કએ ખિલાફત ન આપવામાં આવતો જ્યાં સુધી તેઓ પોતાની હસ્તીને ઈશ્કે ઈલાહીમાં ફના ન કરી દે. જ્યારે (શાગિર્દોની) આ જમાઅત રૂહાની ઉલૂમ પ્રાપ્ત કરી લેતી અને શૈખની નજરમાં મુકમ્મલ થઈ જતી તો એક એક વિસ્તાર દાવતો તબ્લીગ માટે આપી તેમને રવાના કરવામાં આવતા. પછી તે જ્યાં પહોંચતા તો તેમના જીવનનો હેતુ માત્ર ખિદમતે ખલ્ક હોતો, ન તો તેમણે પોતાના મુરીદોને લાભ ઉઠાવવાનું માધ્યમ બનાવ્યા, ન તેમને ઊંચી ઈમારતો અને રાજમહેલોનો શોખ હતો. તેઓ પોતાની ગોડદી અને તુટેલી ઝોંપડીમાં બાદશાહ હતા.

- આજે પણ તેમની રૂહો પોતાની કબ્રોમાં રહીને લોકોને હિદાયત આપી રહી છે. પરંતુ તેમના નામ લેનાર લોકો પોતાની હિદાયતના માર્ગથી બહુ જ દૂર છે. કાશ ! આપણા સૂફિયાએ કિરામની પવિત્ર જમાઅત પોતાના મહત્વના ફર્ઝો પર વિચારણા કરે અને ખાનકાહોમાં જૂની કાર્યપ્રણાલી ચાલુ કરે તો આજે આપણી કૌમ ક્યાંથી ક્યાં પહોંચી જાય.
- રૂહાની તલબાને એકત્ર કરવામાં આવે, ખલીફાઓ અને મુરીદોને બુઝુર્ગોની તાલીમાત (તર્બિયત) આપી તબ્લીગ માટે એક એક ખૂણામાં ફેલાવી દેવામાં આવે તો પછી થોડા અરસામાં તેનાં પરિણામો ઉત્તમથી ઉત્તમ જાહેર થઈ શકે છે.
- ઉર્સ અને દીની મેહફિલોમાં અવલિયા

અલ્લાહના ખૌફે ખુદા, ઈતાઅતે નબ્વી, ખિદમતે ખલ્ક઼નાં કારનામાં સંભળાવવામાં આવે. કેવળ કરામતો જ વર્ણવવામાં ન આવે બલ્કે બુઝુર્ગોના જીવનનું દરેક પાસુ મુરીદો અને ચાહવાવાળાઓ સમક્ષ રજૂ કરવામાં આવે જેથી મુર્દા દિલોમાં નવુ જીવન ફુંકાય. રિયાઝત અને મુજાહિદાના તરીક઼ાઓની તાલીમ આપવામાં આવે, મુરીદો અને અન્ય લોકોને સાદગી નિઃસ્વાર્થતા, ક઼ોમી અને દીની ખિદમતના આદી બનાવવામાં આવે. આજ તે પવિત્ર હેતુઓ હતા જેમના પર મશાઈખે કિરામે અમલ કર્યો. *(નિઝામે અમલ, પેજ ૨૪૯–૨૫૦)*

મદ્રસાઓ અને ખાનક઼ાહોમાં તાલમેલ જરૂરી છે. મદ્રસાઓ રૂહાની (પ્રતિષ્ઠા) સ્થાપિત કરે અને ખાનકાહો શરીઅતનો ઈલ્મ પ્રાપ્ત કરવા તરફ ધ્યાન આપે. **રૂહાનિયતથી વંચિત ઈલ્મ પણ તબાહીનો સંકેત છે અને તરીક઼તનું નામ લઈ શરીઅતથી દૂર રહેનાર ખાનકાહો દુનિયાને તબાહીના મોખરે લઈ જનાર છે.** ઈલ્મ પર તરીક઼તનું તેલ ચઢાવવું જોઈએ અને તરીક઼ત તો શરીઅત વિના હક઼ીક઼ત વિનાની છે જ એમાં ઈલ્મે શરીઅતની રૂહ ફૂંકવી એ જિંદગીની નિશાની છે. **આજે ઉમ્મતમાં જે વિખવાદ થતા જઈ રહ્યા છે તેનું સૌથી મોટુ કારણ એ પણ છે કે શરીઅતવાળા તરીક઼તથી દૂર થતા જઈ રહ્યા છે, અને તરીક઼તનું નામ લેનારા શરીઅતથી જ નાવાકેફ છે !**

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ક઼ાદરી મુહદ્દિષે બરેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કે જેઓ ઈલ્મે શરીઅત અને ઈલ્મે તરીક઼ત બન્નેના ઈમામ હતા, ફર્માવે છે : "શરીઅત જિસ્મ તથા જાન, રૂહ તથા દિલના સર્વ હુકમો અને સર્વ ઉલૂમે ઈલાહિય્યા તથા અસીમ મઆરિફનો સંગમ છે, જેમાંના એકથી એક ભાગનું નામ તરીક઼ત તથા મઅરેફત છે. *(મક઼ાલે ઉર્ફા બએઝાઝે શરઅ વ ઉલમા)*

અર્થાત શરીઅત વિના ઈન્સાન તરીક઼તમાં ક઼દમ જ રાખી નથી શકતો. ઈસ્લામી મદ્રસાઓમાં તરીક઼તના મસાઈલ પણ પઢાવવામાં આવે. કુર્આને પાક, હદીષ શરીફ ત્યાં સુધી કે ફિક઼હમાં પણ તરીક઼તના મસાઈલ તથા બારીકીઓ છે, પરંતુ ઉપર ઉપર પઢવા પઢાવવાવાળાઓની નિગાહો ત્યાં સુધી નથી પહોંચતી એટલા માટે સર્વ કાંઈ પઢીને પણ રૂહાનિયતથી કોરા રહી જાય છે ! તેના માટે સાચા પીરની જરૂરત પડે છે, પીરની સોહબત અને તર્બિયતથી જ લાભ થાય છે, નહીં તો આજની પીરી જો કે મુરીદી તો કેવળ નિસ્બત પ્રાપ્ત કરવાનું નામ છે. જો કે આ પણ ઘણુ લાભદાયક છે પરંતુ તર્બિયત અલગ વસ્તુ છે. તો મુદર્રિસો ધ્યાન આપે તો ઘણા બધા તસવ્વુફના મસાઈલ અને તરીક઼તના ભેદોને કાઢી શકે છે. જો ઉસ્તાદ બાઅમલ અને બાઅખ્લાક઼ હોય તો તેના થોડાક ધ્યાનથી શાગિર્દો અખ્લાક઼ અને તસવ્વુફનો દર્સ લઈ શકે છે, અને રૂહાનિયતની તાલીમ પણ પામી શકે છે. *(અશ્રફિયા, ફેબ્રુ. ૨૦૧૬)*

**મંડાલી** : શહેશાહે ગુજરાત મીરા સૈયદ અલી દાતાર رحمۃ اللہ علیہના નામથી નિસ્બત ધરાવતું દારૂલ ઉલૂમ સૈયદ અલી સરકારમાં મદ્રસો ચાલે છે. તેમાં તારીખ : ૧૫/૩/૨૦૧૬ને મંગળવારના રોજ "જશ્ને દસ્તારબંદી વ અઝમતે એહલે બૈત કોન્ફરન્સ" રાખવામાં આવેલ તેમાં ૧૨ તાલિબે ઈલ્મોને હાફિઝ, ક઼ારી, આલિમની સનદ આપવામાં આવી. તેમાં હઝરત મૌલાના ગુલામ રસૂલ બલ્યાવી (M.P.), ક઼ારી સખાવત હુસૈન સાહબ મુરાદાબાદી તે ઉપરાંત હાફિઝ શરીફ સાહબે નાતે પાક પેશ કરી. મહેમાને ખુસૂસીમાં પીરે તરીક઼ત સૈયદ અ. અઝીઝ બાવા ઔલાદે કુત્બે આલમ (વટવા શરીફ), સૈયદ સિકંદરબાપુ (રાજકોટ) વગેરે ઘણા ઉલમાએ હાજરી આપી.

*–રજૂ. હાફિઝ બશીરખાન પઠાણ*

# અહલે સુન્નતની એકતામાં
## સમસ્યાઓ અને નિવારણ

આજે જ્યારે આપણે અહલે સુન્નતની પરિસ્થિતનું નિરીક્ષણ કરીએ છીએ તો તેમનામાં વિચારધારા તથા અક઼ાઈદની પાયાની એક્તા છતાં વૈશ્વિક અથવા રાષ્ટ્રીય કે રાજ્ય અથવા જિલ્લા સ્તરે અમલી રીતે કોઈ કાયદેસર સંબંધ નજર નથી આવતો. આમ તો પોતાની અંગત જરૂરતો અને ટેમ્પરરી કામો માટે લોકો એકબીજા સાથે સંબંધ જરૂર રાખે છે પણ જમાઅતી તથા સંયુક્તપણે કોઈ કાયદેસર તન્ઝીમ (કમિટી) કોઈ મેદાનમાં નથી. ન કોઈ દા'વતી તથા ઈસ્લાહી મર્ક઼ઝ છે જેના પર બધા સહમત હોય, ન કોઈ રૂહાની લીડરશીપ છે જે સૌનું મુખ્યાલય અને સૌને પ્રભાવિત કરનાર હોય, ન કોઈ તા'લીમી તથા તર્બિયતી ઈદારો છે જેનામાં સૌના માટે આકર્ષણ હોય અને જેની સરપરસ્તી સૌને ક઼બૂલ હોય, ન કોઈ ઈલ્મી, તહક઼ીક઼ી પ્રકાશનકર્તા સંસ્થા છે જે સર્વમાં લોકપ્રિય હોય, ન અન્ય સામાજિક ક઼ૌમી જનહિતના મેદાનમાં કામોની કોઈ સંયુક્ત સ્થિતિ છે જે નોંધપાત્ર હોય, અને રાજનૈતિક મેદાન તો તદ્દન ખાલી છે ! તેમાં ન આપણું કોઈ પ્રતિનિધિત્વ છે, ન ક઼ૌમી તથા રાષ્ટ્રીય સ્તરે કોઈ નામ. આ આખુ વિશાળ ક્ષેત્ર ગૈરો માટે આરક્ષિત (Reserved) છે !

એનાથી ઈન્કાર નથી કે વ્યક્તિગત રીતે જમાઅતમાં ઘણુ કામ થયું છે અને તેના જ કારણે જમાઅતનો કાફ઼લો જેમ તેમ ચાલી રહ્યો છે. પણ એકતા અને સંગઠનની વાત જ અલગ છે અને તેના ફાયદાઓ અને બરકતો સર્વવ્યાપી તથા કાયમી છે.

**સમસ્યાઓ** : એમાં કોઈ શંકા નથી કે અહલે સુન્નત વ જમાઅત જેમનું વજૂદ રિસાલતકાળથી આજ સુધી શૃંખલાબદ્ધ ચાલી રહ્યું છે, આ જ લોકો હમેશાં અંદર બહારની સાઝિશોના નિશાન બન્યા. બાહ્ય તાક઼તોનો ટાર્ગેટ પણ આ જ રહ્યા અને અંદરના ફ઼િત્નાઓના શિકાર પણ આ જ બન્યા. ખુલફાએ રાશિદીનના યુગના અંતિમ ગાળામાં ખારજીઓનું ગૃપ પણ આપણા જ દરમિયાનથી નીકળ્યું અને મુસલમાનોના લોહીનું તરસ્યુ બન્યું, ત્યારબાદ પણ દરેક દૌરમાં શ્રેણીબદ્ધ ફ઼િત્ના ઉઠતા રહ્યા અને ફ઼િર્ક઼ા બનતા રહ્યા અને બાતિલ મઝહબો વધતા રહ્યા, અહલે સુન્નતની સંખ્યા ઘટતી રહી. અહલે હક્ક઼ને દરેક કાળમાં બાહ્ય દુશ્મનોથી પણ મુક઼ાબલો કરવો પડયો અને પબ્લિકને અંદરના ફ઼િત્નાઓથી બચાવવા માટે પણ તત્પર રહેવું પડયું. તેમની દર્દમંદી, નિખાલસ કોશિશો અને દરેક પ્રકારની મેહનતોના પરિણામે ઘણાય ફ઼િર્ક઼ાઓ ખતમ થઈ ગયા અને આજે તેમની તરફ પોતાને સંબંધિત કરનાર કોઈ ન રહ્યું. એ અલગ વાત છે કે તેમના ઉઠાવેલા અમુક વિચારો પછીના નવા ફ઼િર્ક઼ાઓમાં ઘુસી ગયા અને તેની અસર આજે પણ બાકી છે. પણ પૂર્વ ઉલમાએ હક્ક઼ અને તેમના સહાયકોથી જે કાંઈ થઈ શક્તું હતું તેમાં તેઓએ કોઈ કમી ન કરી.

હવે અહલે સુન્નત વ જમાઅત પર જે ફ઼િર્ક઼ાઓનો હુમ્લો વધુ સખત રીતે થઈ રહ્યો છે તે લગભગ બસો વર્ષ પહેલાંની પેદાવાર છે, તે અહલે સુન્નતમાંથી જ નીકળ્યા અને એક નવો મઝહબ બનાવી અહલે સુન્નતને સિરાતે મુસ્તક઼ીમથી હટાવવા અને નવી જાળમાં ફસાવવાની ચળવળ તેજીથી શરૂ કરી દીધી. આના માટે તેમણે જુદી જુદી યુક્તિઓ વાપરી, જેમ કે :–


લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી (મુબારકપુર)**

અનુવાદક : **હાફિઝ અબ્દુર્રહમાન હાફિઝ દાઊદ પટેલ-પારખેત** *(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશરફિયા, મુબારકપુર)*

૦૧. કિતાબો લખી જેમાં અહલે સુન્નતના અક઼ાઈદ તથા અમલોને શિર્ક તથા બિદઅત ઠરાવી દીધા.

૦૨. ઈજતેમા અને જલ્સા કરીને લોકોના દિમાગોમાં ઝેર ભરવાની કોશિશ કરી.

૦૩. લોકોથી મકાનો, દુકાનો પર મુલાકાત કરી તેમને પોતાના તરફ આકર્ષિત કર્યા.

૦૪. અહલે સુન્નતના વચ્ચે પોતાના મક્તબો તથા મદ્રસાઓ કાયમ કરી તા'લીમો તર્બિયતના નામે આપણી પેઢીને નજીક કરી પછી તેને પોતાની જેવા અક઼ાઈદવાળા અને પોતાના મઝહબની દા'વત આપનારા તથા મુબલ્લિગ બનાવી દીધા. તે જ રીતે અહલે સુન્નત વચ્ચે પોતાની મસ્જિદો બનાવી અથવા સુન્નીઓની મસ્જિદો પર કબ્જો કર્યો પછી નમાઝીઓને પોતાના અક઼ીદા પર લાવી દીધા.

૦૫. સ્કૂલ અને કોલેજો બનાવી મોડર્ન એજ્યુકેશનનો શોખ જગાડયો, પછી તલ્બાના દિમાગમાં પોતાનો અક઼ીદો અને મઝહબ ઉતારી દીધો.

૦૬. કલ્મા અને નમાઝની તબ્લીગના નામ પર એક જમાઅત ક઼ાયમ કરી અને તેના દ્વારા અહલે સુન્નતની અસંખ્ય, વ્યક્તિઓ અને નાની મોટી ઘણીય વસ્તીઓ પોતાની સાથે કરી લીધી.

૦૭. આના સિવાય સંશોધન તથા લખાણ, રાજનૈતિક, સામાજિક દોડધામ અને બીજા દરેક પ્રકારનાં માધ્યમોથી લોકોને પ્રથમ પોતાના ગુણ ગાનારા પછી પોતાના જેવા અક઼ીદાવાળા બનાવવાની કોશિશ કરી.

આ હરકતોથી નુકસાન ફક્ત અહલે સુન્નતને જ પહોંચ્યું, તેમની જ સંખ્યા ઘટી, તેમની જ માણસો એહલે બાતિલના નિશાન બન્યા અને તેઓ જ જાત જાતના કપટના શિકાર બન્યા. અને આ કામ આજે પણ સંપૂર્ણ તાક઼તથી ચાલુ છે.

હવે અહલે સુન્નતની સામે બે ચેલેંજ છે :–

(૧) પોતાના અલગ થયેલ માણસોને ફરી જોડવા. (૨) બીજી વ્યક્તિઓને શિકાર થવાથી બચાવવી.

આના માટે જરૂરી છે કે દુશ્મન પાસે જેટલાં સાધનો અને હથિયાર છે તેનાથી વધુ હથિયાર તથા તેનાથી મજબૂત સાધનો આપણી પાસે હોય, તેમની અંદર જે તલ્લીનતા અને સ્ફૂર્તિ છે તેનાથી વધુ આપણી અંદર હોય.

આના માટે આપસી ઈખ્તેલાફ અને વિવાદથી દૂરી અને અક઼ાઈદના રક્ષણ તથા મસ્લકની ખ્યાતિ માટે એકતા અને સંગઠન કેટલું જરૂરી છે, એ બુદ્ધિજીવીઓ માટે બયાન કરવાની જરૂર નથી.

## સમસ્યાઓના નિવારણની સંભાવનાઓ

અહલે સુન્નતના લીડરો અને દર્દમંદો જો દિલો જાનથી ધ્યાનિત થાય તો સામાન અને સાધનો મેળવવાં આપણા માટે પણ શક્ય છે, અને એવું શક્ય છે કે કામને જુદા જુદા ભાગોમાં વહેંચી દરેક ભાગ માટે લાયક અને પ્રયત્નશીલ વ્યક્તિઓથી ભરપૂર મજલિસો અથવા બોર્ડ બનાવી દેવામાં આવે જેથી કામ સરળતાપૂર્વક થઈ શકે.

આના માટે જરૂરી છે કે ત્રણ ચાર અથવા ચાર પાંચ વ્યક્તિઓ પર આધારિત એક થિન્ક ટેંક **(Think Tank)** અથવા ઉચ્ચ કમિટી હોય જે સંપૂર્ણ તીવ્ર દૃષ્ટિ સાથે સર્વ કામો માટે યોજનાબંધી, સંગઠનબંધી, ક઼ાનૂનબંધી અને તેને લાગુ કરવાના માટે જિમ્મેદાર હોય. તે જ રીતે મુશ્કેલીઓ અને રુકાવટો પર વિચારવા અને તેમને દૂર કરવા પર પણ તેમની નજર હોય.

આ કામ શક્ય હોવાની સાથે મુશ્કેલ પણ છે, સમય અને ધનની મોટી કુર્બાની માગે છે. આટલા મોટા દેશમાં ફેલાયેલા અહલે સુન્નતની વ્યવસ્થા અને

દરેક જગ્યાના લોકોને એક્ટિવ તથા પ્રયત્નશીલ બનાવવા અને ગૈરોના ચાલાકીભર્યા હુમ્લાઓથી બચાવવા માટે જાગૃત અને તૈયાર રાખવા એ કોઈ એવું કામ નથી જે અમુક દિવસો અથવા અઠવાડિયાઓમાં પરિણામે પહોંચી જાય, એના માટે મહીનાઓ નહીં બલ્કે વર્ષો જોઈએ.

શક્ય છે કે પ્રથમ દરેક વિસ્તારનો દૌરો કરી ત્યાંની પરિસ્થિતિ અને જરૂરતોનું નિરીક્ષણ કરવામાં આવે અને અમલના લાયક અને ભરોસાપાત્ર વ્યક્તિઓ શોધવામાં આવે, પછી જ્યાં મક્તબ, મસ્જિદ, મદ્રસા, સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ વગેરે કાયમ કરવાની જરૂર હોય ત્યાં તેને ક઼ાયમ કરવામાં આવે અને ક઼રાર પામેલ (નિશ્ચિત થયેલ) વાતો પર તેની વ્યવસ્થા ભરોસાપાત્ર લોકોને સોંપવામાં આવે અને જ્યાં પહેલાંથી ઈદારા ક઼ાયમ છે તેમને પણ તન્ઝીમથી જોડવાની કોશિશ કરવામાં આવે અને તેમને વધુ સક્રિય તથા ઉપયોગી અને કામલાયક બનાવવામાં આવે.

આ રીતે દરેક જગાની સ્થિતિ વિશે માહિતી પણ મળી જશે અને દરેક એરિયાના પ્રતિનિધિ ઉચ્ચ કમિટી હેઠળ મજલિસે ઈન્તેઝામિયા અથવા મજલિસે શૂરા (સલાહ સમિતી)માં જોડાશે અને બરાબર તેમનાથી સંપર્કમાં રહી શકશે.

ઘણી મોટી મર્કઝી બિલ્ડીંગ અને ઘણી ઓફિસો અને વર્કરોની પણ જરૂરત પડશે, જે દરેક એરિયાના હાલાત જાણવા, એની રિપોર્ટ મોકલવા તથા સર્વવ્યાપક જરૂરતો માટે પોતાના નજીકના સ્થળો પર જવાના જિમ્મેદાર હોય.

બધી વિગતો થિન્ક ટેંક અથવા ઉચ્ચ કમિટી નક્કી કરી શકે છે. જો દેશભરમાં શરૂઆત મુશ્કેલ હોય તો જે કક્ષાએ સરળતાથી કામ થઈ શક્તુ હોય તે કક્ષાએ જ આરંભ કરવામાં આવે. એ જ રીતે જે કામો વ્યક્તિગત અથવા કોઈ મજલિસ કે બોર્ડ હેઠળ થઈ રહ્યાં છે તેમને મજબૂત કરવામાં આવે અને જે મેદાનો તદ્દન ખાલી છે તેની તરફ ખાસ ધ્યાન આપવામાં આવે.

સૌ પ્રથમ સમસ્યા એ છે કે આરંભ કઈ રીતે થાય ? ક્યાંથી થાય ? અને કોણ કરે ? કોઈ પણ રીતે આ આરંભ એક અથવા અમુક સક્રિય, દર્દમંદ, સાચા અને જિગરવાળા લોકો વગર શક્ય નથી. પણ ક઼ૌમના નુકસાનથી મોઢું ફેરવી લેવું કોઈ પણ રીતે યોગ્ય નથી. શરૂઆત થવી જોઈએ અને જરૂર થવી જ જોઈએ.

**સંદેહો** : જો બધા બુઝુર્ગો અને ક઼ૌમના લીડરો આમાં રૂચી નથી લેતા તો જે દર્દમંદ વ્યક્તિઓ છે તેઓ જ આગળ આવી કામ શરૂ કરે અને આગળ ધપાવે. બાકીના લોકોથી વિનંતિ છે કે જો સમર્થન અથવા ભાગીદારી નથી કરી શક્તા તો વિરોધાભાસ અને અંતરાયો ઉભા કરવાથી પણ બચે, નહીં તો અલ્લાહ તઆલાની બારગાહમાં એહલે સુન્નતના મોટા નુકસાનનો હિસાબ આપવા તૈયાર રહે.

જો જમાઅતની મોટી સંખ્યા ખાસ કરીને એજ્યુકેટેડ, જ્ઞાની તથા બુદ્ધિમાન લોકો તથા માલદારોમાં આ એહસાસ જાગી ઉઠે કે આપણે સતત નુકસાન ઉઠાવી રહ્યા છીએ અને ભરપાઈ માટે અમલી મેદાનમાં દિલો જાન, હોશો હવાસ અને વાણી તથા વર્તન સાથે પ્રયત્નશીલ રહેવું જરૂરી છે, તો કામના માર્ગો ખુલી શકે છે. નહીં તો ગફલત અને લાપરવાહીના માહોલમાં કામયાબીની આશા બેકાર છે. પણ મારો અંદાજો છે કે બહુમતિ સંવેદનશીલ અને જાગૃત થઈ કોઈ શરૂઆતની રાહ જુએ છે. અલ્લાહ તઆલા અમારા સારા ગુમાનને સત્ય કરે અને સર્વને પોતાના દરજા તથા સ્થાન પ્રમાણે અને લાયક઼ાત પ્રમાણે તૌફીક઼ે ખૈર અતા ફર્માવે. (આમીન)

*–(અશ્રફિયહ મંથલી, મુબારકપુર, માર્ચ–૨૦૧૬)*

# 'ભારત માતા કી જય'ના
## ના'રા અંગે શરઈ હુકમ

**રજૂકર્તા** : મુસ્તફા રઝા અલ ગૌષી (પોરબંદર)

*કિસી કી જય વિજય ક્યૂં કર પૂકારેં, ક્યા ગરઝ હમકો*
*હમેં કાફી હૈ 'સૈયદ', અપના ના'રા યા રસૂલલ્લાહ ! ﷺ*

તાજેતરમાં તા. ૧૭ થી ૨૦ માર્ચ–૨૦૧૬ દરમ્યાન દિલ્હીમાં કહેવાતી 'વર્લ્ડ સૂફી કોન્ફ્રન્સ' યોજવામાં આવેલ. જેમાં પોતાને 'સુન્ની' કહેવાતા અમુક નામ માત્રના સૂફીઓની હાજરી હતી. આ કોન્ફ્રન્સમાં ખુલ્લમ ખુલ્લા, બધા જ કહેવાતા સૂફીઓની હાજરીમાં 'ભારત માતા કી જય'નો ના'રો પોકારવામાં આવ્યો હતો. જ્યારે તે ના'રાનો 'સાચા સૂફીઓ' તરફથી વિરોધ કરવામાં આવ્યો ત્યારે હક્કને સ્વીકારવાને બદલે હઠધર્મીથી કહેવાતા સૂફીઓ પોતાની ઈસ્લામ વિરુદ્ધ વિચારસરણી ઉપર કાયમ રહ્યા. આવા નામનિહાદ સૂફીઓએ પોતાની આખેરતના બારામાં વિચારવું અત્યંત જરૂરી છે. 'વર્લ્ડ સૂફી કોન્ફ્રન્સ'માં 'ઓલ ઈન્ડિયા ઉલ્મા–મશાઈખ બોર્ડ'ના એક્ઝીક્યુટીવ મેમ્બર મહેબૂબ અલી ચિશ્તી પણ હાજર હતા. તેઓનું સમર્થન ગુજરાત ટુ ડે સમાચાર પત્રના તા. ૨૪–૩–૨૦૧૬ના અંકમાં આવેલું જેમાં (ગુજરાત ટુ ડે માં) તેમણે એવો ઉલ્લેખ કરલો કે, 'ભારત માતાની જય' બોલવું એમાં કંઈ ખોટું નથી. (આવુ ઘણા નામના મુસ્લિમ નેતા બોલે છે.)

હવે આપને આ ના'રાની સત્ય હકીકતથી માહિતગાર કરવા માટે અહીં બે મહાન સુન્ની સૂફી બુઝુર્ગોના ફતાવા રજૂ કરીએ છીએ :–

**ફત્વા નં. ૧** : સૂફીએ આ'ઝમ, મુજદ્દિદે આ'ઝમ, રહબરે આ'ઝમ, આ'લા હઝરત અશશાહ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ફત્વો વાંચો અને તેની ઉપર મનન કરો.

'જય' જો કે, 'કાફિર' લોકો બોલે છે, જેમ કે ગાંધી વગેરેની અથવા સામાન્ય હિંદુ લોકોના દેવી દેવતાની. આ ફુકહાએ કિરામના આદેશ અનુસાર 'કુફ્ર' છે. દુર્રે મુખ્તાર વગેરેમાં છે કે, કાફિરની તા'ઝીમ કુફ્ર છે. તેમજ ફક્ત નામનો મુસલમાન, જે હદે કુફ્ર સુધી પહોંચી ગયો હોય, તેની જયનો પણ આ જ હુકમ છે. અને મુસલમાનોની જય પોકારવી પણ 'મના' છે કે તેની અંદર કુફ્ફારથી પણ મળતાપણુ છે. *(ફતાવા રઝવિય્યહ, ૧૫/૨૬૭, પ્રકાશક : મર્કઝે અહલે સુન્નત, બરકાતે રઝા–પોરબંદર)*

**ફત્વા નં. ૨** : નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ, સૂફીએ બાસફા, હઝરત મુફતી શરીફુલ હક્ક સાહબ અમજદી رحمۃ اللہ علیہનો ફત્વો :–

**સવાલ** : ઈસ્લામી મદ્રસાઓમાં શું 'ભારત માતા કી જય' બોલી શકાય ?

**જવાબ** : ઈસ્લામી મદ્રસાઓ તો ઈસ્લામી મદ્રસાઓ, કોઈ પણ સંજોગોમાં 'ભારત માતા કી જય' બોલવું 'કુફ્ર' છે. જે લોકો (મુસલમાન) આવી 'જય' બોલે, તેમના પર તૌબા, તજદીદે ઈમાન અને ફરીથી નિકાહ જરૂરી છે. આ હિંદુઓના "શિર્કિયા અકાઈદ"નું અનુસરણ છે. તેઓની માન્યતા અનુસાર તે એક "દેવી" છે જેને "ભારત માતા" કહે છે. જે દેવી ભારતની માલિક અને મુખ્તાર છે અને તેમાં મુતસર્રિફ (આધિપત્ય ધરાવનારા) છે. જેમ કે ગંગા જમનાના બારામાં તેઓની માન્યતા છે કે આ નદીઓ નથી પરંતુ દેવીઓ છે." *(ફતાવા શારહે બુખારી, ૨/૫૯૮, પ્રકાશક : દાઈરતુલ બરકાત, ઘોસી, જિલ્લો : મઊ–યુ.પી.)*

ઉપરોક્ત બંને ફત્વાઓ ઉપરથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, આવો ના'રો લગાડવો સરાસર ઈસ્લામ વિરુદ્ધ છે અને તેની તરફેણમાં સમર્થન આપવું તે પણ સરાસર ઈસ્લામ વિરુદ્ધ સમર્થન છે. આશ્ચર્ય તો એ છે કે હિંદુઓના વડવાઓનું પણ એવું માનવું છે કે મુસ્લિમો જે આ ના'રો નથી લગાડતા તે પોતાની દષ્ટિએ સાચા છે, પરંતુ આજના નામનિહાદ સૂફીઓ તથા મુસ્લિમ આગેવાનો આ ના'રાનું સમર્થન કરે છે, જે આશ્ચર્યજનક બિના છે.

કૌમના ફાયદા અને સેવા માટે રાજકરણમાં ભાગ લેવો તે કાંઈ ખોટુ નથી. પરંતુ "શરીઅતે મુસ્તફા" ﷺની હદોની અંદર રહીને તે કામ હોવું જોઈએ. ક્યાંક એવું ન થાય કે રાજકરણના નશામાં, પોતાનો સ્વાર્થ સાધવા, ધુત થઈને ઈસ્લામી શરીઅત વિરુદ્ધ સોચ બનાવી, ઈમાનની દૌલતથી હાથ ન ધોઈ બેસો. (વલ અયાઝુબિલ્લાહ !) એક સાચા મુસલમાન અને સાચા સૂફીની પ્રાથમિક્તા "શરીઅતે મુસ્તફાની હિફાઝત" હોવી જોઈએ, ન કે તેનું ઉલ્લંઘન કરવું.

મૌલા તઆલા તેના પ્યારા હબીબે પાક علیہ الصلوٰۃ والسلامના સદકામાં તમામ સુન્નીઓના ઈમાનની હિફાઝત ફર્માવે અને મસ્લકે આ'લા હઝરત ઉપર કાયમ રાખે. 'મસ્લકે આ'લા હઝરત' ઝિંદાબાદ !!!

# સિરીયામાં પાંચ વર્ષની તબાહીનું ચિત્ર

કાર્યાલય

લડાઈને કારણે તાજેતરના વર્ષોમાં વિશ્વભરમાં સૌથી વધુ દયનીય સ્થિતિ જે દેશની થઈ છે તે સિરીયા તબાહ થઈ ગયું છે તેમ કહેવું જરાય અતિશયોક્તિ નથી. રાષ્ટ્રપતિ બશર અલ અસદની સત્તા ટકાવવાની લાલસા ઉપરાંત અમેરિકા અને તેના સાથી દેશો તથા રશિયા, ઈરાન જેવા દેશો આ તમામે પોતાના અંગત હિત અને સ્વાર્થને કારણે સિરીયા પર રીતસરનો જુલમ કર્યો કરાવ્યો છે. ૨૦૧૧થી શરૂ થયેલા આંતરિક સંઘર્ષને પાંચ વર્ષ પૂરા થયાં છે. આ પાંચ વર્ષોએ સમગ્ર સિરીયાનું ચિત્ર બદલી નાખ્યું છે. સિરીયાની બરબાદીનો અંદાજ માત્ર એ વાત પરથી લગાડી શકાય છે કે આ આંતરવિગ્રહને કારણે **અઢી લાખ થી વધુ લોકોએ પોતાની જાન ગુમાવી છે. ૬૦ લાખ લોકોને પોતાના ઘર છોડવા મજબૂર બનવું પડયું** છે. જ્યારે હજુ પણ **૧ કરોડ ૭૯ લાખ લોકો યુધ્ધથી ધ્વસ્ત થયેલા આ દેશમાં દયનીય હાલતમાં પોતાની જિંદગી ગુજારી રહ્યા છે.**

૨૦૧૧ અરબ જગતના કેટલાય દેશોમાં શરૂ થયેલી ક્રાંતિની હવા સિરીયા પર પણ લાગી અને શિયા રાષ્ટ્રપતિ બશર અલ અસદ સામે શરૂ થયેલ વિરોધ પ્રદર્શને જોતજોતામાં ખૂની ખેલનો સ્વરૂપ ધારણ કરી લીધો હતો. ખૂની સંઘર્ષનો ભયાનક સિલસિલો વર્ષ ૨૦૧૨માં શરૂ થયો. સરકારે જોયું કે વિદ્રોહીઓ તેને હટાવી નાખશે, તેથી સરકારે મોટા પાયે હવાઈ હુમલા શરૂ કર્યા જેમાં મોટી સંખ્યામાં લોકો હતભાગી બન્યા. સપ્ટેમ્બર ૨૦૧૫ પછી **રશિયાના હવાઈ હુમલાઓમાં પણ કેટલાય સામાન્ય નાગરિકો માર્યા ગયા** હોવાનો અહેવાલ છે.

રાષ્ટ્રસંઘના જણાવ્યા મુજબ આ ખૂની સંઘર્ષ છતાં પણ મજબૂરી વશ **હજુ પણ ૧ કરોડ ૭૯ લાખ લોકો સિરીયામાં જીવન ગુજારી રહ્યા** છે. લડાઈ શરૂ થવાથી પહેલાં સિરીયામાંના નાગરિકોની સંખ્યા **૨ કરોડ ૪૫ લાખ હતી.** સિરીયાના લોકોનું વિસ્થાપન બે રીતે થયું છે. સિરીયાથી બહાર ભાગીને યુરોપ બાજુ કે અન્ય દેશો તરફ પલાયન થયું છે તો બીજી તરફ આંતરીક વિસ્થાપન પણ થયું છે, શહેરોમાં રહેતા લોકો ગામડા તરફ ભાગીને વસ્યા છે. રાષ્ટસંઘના અહેવાલ મુજબ સિરીયામાં ૨ કરોડ ૩૫ લાખ લોકોને અત્યારે માનવીય સહાયની જરૂર છે. રાષ્ટ્રસંઘના માનવાધિકાર મિશનના જણાવ્યા મુજબ યુધ્ધથી પ્રભાવિત થયેલા મુખ્ય શહેરો પૈકી અલેપ્પોમાં ગૃહયુધ્ધ પહેલાં ૫૯ લાખની વસતી હતી જે હવે ૪૦ લાખ રહી છે. અન્ય શહેરો પર નજર કરીએ તો દમિશ્ક (દમાસ્કસ)ની વસતી ૧૮ લાખમાંથી ૧૫ લાખ, રકકા ૧૦ લાખમાંથી ૮ લાખ, દરે અલ્ ઝૌરમાં ૧૭ લાખમાંથી ૧૦ લાખ અને હસ્મની વસતી ૨૧ લાખમાંથી ૧૫ લાખની થઈ ગઈ છે.

આ પાંચ વર્ષની લડાઈએ સિરીયાની અર્થવ્યવસ્થાને પણ બરબાદ કરી નાખી છે. સિરીયન સેન્ટર ફોર પોલીસી રીસર્ચના જણાવ્યા મુજબ કુલ આર્થિક નુકસાન અંદાજિત ૨૨૫ અરબ ડોલર (૧૫૧ ખબર રૂપિયાની પણ વધારે)નું થયું છે. બેરોજગારીનું પ્રમાણ ૫૦ ટકાથી પણ વધારે હોવાને કારણે સિરીયાના લોકોએ દૈનિક જરૂરીયાતોને પૂરી કરવા માટે ખૂબ ઝઝુમવું પડે છે. અંદાજિત ૭૦ ટકા વસ્તી ભયંકર ગરીબીમાં જીવન વિતાવી રહી છે, ખેતી મોટા પાયે પ્રભાવિત થઈ છે.

સ્વાસ્થ્યની સ્થિતિ પણ અહીં ખૂબ જ ગંભીર છે. જેમ જેમ લડાઈ વધતી ગઈ તેમ તેમ સ્વાસ્થ્ય કેન્દ્રો પર પણ હુમલાઓ વધતા ગયા. માર્ચ ૨૦૧૧ થી નવેમ્બર ૨૦૧૫ના ગાળામાં ફિઝીશીયન્સ ફોર હ્યુમન રાઈટ્સે દેશભરમાં ઓછામાં ઓછા ૨૪૦ સ્વાસ્થ કેન્દ્રો પર ૩૩૬ હુમલાઓ નોંધ્યા છે. આ હુમ્લાઓમાં ૬૯૭ સ્વાસ્થ્ય કર્મીઓનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે. હવે સ્થિતિ એવી થઈ ગઈ છે કે ઓછામાં ઓછા ૫૦ ટકા સ્વાસ્થ્ય કેન્દ્રો ક્યાં તો આંશિક રીતે કામ કરી રહ્યાં છે અથવા પૂરી રીતે બંધ થઈ ગયા છે.

અન્ય ક્ષેત્રોની જેમ શિક્ષણની પરિસ્થિતિ પણ સિરીયામાં સારી નથી. પરિવારનું સિરીયાથી બચીને કિનારાઓ તરફ ભાગવાને કારણે શાળાએ જતા બાળકોની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ છે. ૨૦૧૦માં જેટલા બાળ કો શાળામાં હતા તેના કરતાં અત્યારે ૧૦ લાખ બાળકો ઓછા છે. દર ચારમાંથી એક શાળા ધ્વસ્ત થઈ ચૂકી છે અને શાળાઓનો ઉપયોગ આશ્રયસ્થાન તરીકે અથવા સૈન્ય ઈમારતો તરીકે થઈ રહ્યો છે. દેશમાં ચોથાભાગના એટલે કે ૫૨,૫૦૦ શિક્ષકો પોતાની નોકરી છોડી ચૂક્યા છે. આમ, આ ખતરનાક ગૃહયુધ્ધને કારણે સિરીયામાં આવાસ, ભોજન, શિક્ષણ, સ્વાસ્થ્ય સહિતની જીવન જરૂરીયાતની માળખાગત સુવિધાઓ પાયમાલ થઈ જતાં સિરીયાઈ નાગરિકોની પરિસ્થિતિ કરૂણ બની છે.

*–(ફારૂક સાપ્તાહિક, ૮–૪–૨૦૧૬)*

# ચીન અને મુસ્લિમો

❑-કાર્યાલય

એલાને નબુવ્વત પહેલાં કોઈ એવો દસ્તાવેજ અરબી ભાષામાં મૌજૂદ નથી કે જેમાં અરબ અને ચીનના સંબંધોમાં પ્રકાશ પાડી શકે.

પરંતુ હકીકત એ છે કે ચીનમાં મુસલમાનોનું વજૂદ (અસ્તિત્વ) એટલું જૂનું છે જેટલો ઈસ્લામી ઈતિહાસ જૂનો છે. આજે નહીં બલ્કે એલાને નબુવ્વતથી પહેલાં પણ આરબોના વ્યાપારી સંબંધો અમુક હદ સુધી ચીન સાથે કાયમ રહ્યા હતા.

વાંચકો જાણે છે કે હુઝૂરે અકરમ ﷺની એક મશહૂર હદીષ પણ છે કે, ''ઈલ્મ પ્રાપ્ત કરવા ચીન જવું પડે તો જશો'' અને સૌને એ વાતની ખબર છે કે ચીન સરઝમીને અરબથી ઘણુ જ દૂર છે અને આપ ﷺનાં સમયમાં આ રસ્તાઓ દરિયાઈ ખૂબ જ ખતરનાક અને મુશ્કેલીભર્યા હતા. જેથી ઉપરોક્ત હદીષનો સીધો સીધો અર્થ એ છે કે મુશ્કિલથી મુશ્કિલ સમયમાં અને દૂરથી દૂર જઈને પણ ઈલ્મ પ્રાપ્ત કરો. અને આમાંથી બીજો અર્થ એ પણ નીકળે છે કે ઈલ્મ પ્રાપ્ત કરવાનો મતલબ ઈલ્મે દીન સુધી સીમિત નથી, બલ્કે ઈલ્મે દુનિયા પણ પ્રાપ્ત કરવાની નસીહત આપવામાં આવી છે.

હુઝૂર ﷺના સમયમાં ચીન દુનિયવી ઈલ્મથી એવી રીતે માલામાલ હતું જેવું આજે અમેરિકા અને ચીન છે. ચીનમાં અમુક ફિલોસોફર હઝરત ઈસા علیہ السلامથી ૧૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયા, જેમણે ચીનને (પોતાની શોધોથી) મશ્હૂર કર્યું. મશહૂર ફિલોસોફર ''કન્ફયુસીયસ''નું નામ પ્રથમ આવે છે. હઝરત ઈસા علیہ السلامથી ૩૦૦ વર્ષ પહેલાં ચીનીઓએ પોતાના દેશની રક્ષા માટે ચીનની દિવાલ બનાવીને દુનિયાને હૈરતમાં નાખી દીધી હતી. આ દિવાલ આજે પણ પોતાની શાનથી અડીખમ છે. ઈબ્ને બતૂતાએ પોતાના સફરનામામાં આ દિવાલને ''યાજૂજ–માજૂજ''ની દિવાલ સાથે સરખામણી કરી છે.

ચીનમાં રાજા ''તાન્ગ''ના હુકૂમતનો સમયગાળો હિજરી ૬૧૮થી શરૂ થયો અને ઈસ્લામનુ પ્રભુત્વ પણ અહીંથી જ શરૂ થયું. આ બાદશાહનો સમય સુવર્ણકાળ ગણવામાં આવે છે. ચીનમાં આ સમયગાળા દરમ્યાન આર્ટ, કલ્ચર, પેઈન્ટિંગ, બાંધકામ, આયાત–નિકાસ અને શેર–શાયરીનો ઉદય થયો. કાગળ પણ સૌ પ્રથમ ચીનમાં શોધાયો. છાપકામ (પ્રિન્ટિંગ)ની શરૂઆત પણ અહીંથી જ થઈ. અરબી પ્રવાસી 'ઈબ્ને બતૂતા' જ્યારે અહીં પહોંચ્યો તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો કે ચીની લોકો રસ્તા ચાલતા વટેમાર્ગુની તસવીર તરત જ બનાવી દે છે અને કોઈ મુસાફર જો કોઈ કારણે ભાગી જતો તો તેની પણ તસ્વીર બનાવીને વિદેશોમાં મોકલાવી તેને પકડી મંગાવતા. અને તેણે એ પણ નોધ્યું કે જ્યારે દુનિયામાં લેણ દેણમાં સોના ચાંદીના સિક્કા ચલાણમાં હતા, તે વખતે ચીને પોતાના ચલણમાં કાગળની નોટો છાપી લીધી હતી. તાન્ગનો આ શાસનકાળ હિજરી ૯૦૭ સુધી રહ્યો, તે સમયનો તેમનો રેકોર્ડ આજ સુધી તેની પાસે સાચવેલો છે.

''તાન્ગ''ના શાસનકર્તાના સમયના જૂના દસ્તાવેજો (**The Ancientrecord of Tang**) જોતાં માલૂમ પડે છે કે સાતમી સદી ઈસ્વીમાં મુસલમાનોનું એક પ્રતિનિધિમંડળ તોહફા લઈને હુઝૂર સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ અને બીજા એક સહાબીની કયાદતમાં ચીન પહોંચ્યું અને બાદશાહને અને ત્યાંની પ્રજાને ઈસ્લામના અકાઈદથી વાકેફ કર્યા, પરંતુ તેણે મઝહબે ઈસ્લામને પોતાના માટે સખ્ત જાણ્યો પરંતુ તેણે ઈસ્લામી અકીદા અને ઉસૂલોની પ્રશંસા કરી અને તેણે હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہને મઝહબે ઈસ્લામની તબ્લીગની પરવાનગી આપી

દીધી. બાદશાહના હુકમથી ''ચાન્ગાન''માં મસ્જિદનું કામ શરૂ થયું જે ચીનની સૌથી પ્રાચીન મસ્જિદ ગણવામાં આવે છે અને તે આજે પણ મુસલમાનોના આગમનની યાદ અપાવે છે.

ચીની મુસ્લિમો આજે પણ આ વાત ઉપર એકમત છે કે હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ (જેમની તલવાર આજે પણ મક્કા મુકર્રમામાં મૌજૂદ છે)ની સાથે આવનારૂ પ્રતિનિધિમંડળ ચીનમાં મુસલમાનોનાં આગમનનું પહેલુ પ્રતિનિધિમંડળ હતું.

સાતમી સદી હિજરીમાં મુસલમાનોએ ચીન જવા માટે ખુશ્કીમાં (જમીન માર્ગે) એક બીજો રસ્તો બનાવ્યો અને ચીનને જૂનૂબે મગરિબમાં યૂનાન સુધી લઈ ગયા. સૈયદ અજલ હિ. ૬૭૨થી હિ. ૬૭૮ સુધી યુનાનનાં ગવર્નર તરીકે રહ્યા. ત્યારબાદ તેમના એક પુત્ર આલમે હિ. ૧૦૯૫માં મશહૂર કિતાબ 'મકનાતીસુલ ઈસ્લામ' પ્રગટ કરી. જેમાં તેણે ચીન અને ઈસ્લામનાં સંબંધની ચર્ચા કરી. આવા ઘણા બધા કિસ્સાઓ ચીની ઈતિહાસમાં ઈસ્લામી ઈતિહાસના (ઈસા علیہ السلامના પહેલાંના) પણ બનાવો નોંધાયેલા છે.

હિજરી ૭૨૪માં ચીની શાસનકર્તાઓએ એક વટહુકમ (ફર્માન) જારી કરી ઈસ્લામને સરકારી રીતે ''અલ–દીનુલ હક્ક્–અલ–હનીફ' કહેવામાં આવ્યો છે. આથી એ વાત સાબિત થાય છે કે અહીંયાં અરબોના ઘણા કાફલાઓ આવી ગયા હતા અને આમ તેઓ વ્યાપાર અને દરેક ક્ષેત્રમાં એક સારી છાપ ઉભી કરી શક્યા.

ખિલાફતે રાશીદામાં આરબોનો જઝબો શબાબ ઉપર હતો, ત્યારે ફરૂઝ બિન યઝબરૂદથી જંગ ચાલુ થઈ, તો તેણે ગભરાઈને આરબો વિરૂધ્ધ ચીનથી મદદ માંગી, પરંતુ ચીને પોતાના આરબો સાથેના સંબંધોના કારણે તેની દરખાસ્ત ટાળી દીધી અને ચીની ઈતિહાસ જોતાં એ પણ માલૂમ પડે છે કે હિ. ૩૧માં ચીને પોતાના એલચી ખલીફા હઝરત ઉષ્માન رضی اللہ عنہની પાસે મોકલ્યા હતા અને તેના જવાબમાં ખલીફાએ પોતાની ફૌજના એક ઓફિસર મોકલાવ્યા. ઉમૈયા દૌરમાં ખુલ્ફાએ અબ્બાસીયામાં અબુલ અબ્બાસ અને હારૂન રશીદે પણ પોતાના પ્રતિનિધિઓને ચીન મોકલાવ્યા હતા, અને જેના કારણે જંગી–ક્રારો અમલમાં આવ્યા. હિ. ૮૩૨માં બાદશાહના હુકમથી શહેર ''નાન–ફૂ' અને ''બૈજીંગ''માં મસ્જિદોનું કામ શરૂ થયું.

હવે સમયે ફરી કરવટ બદલી અને ઈ.સ. ૧૯૪૮માં અને નવો ઈન્કિલાબ જન્મ લીધો, અને તેનાં જવાબમાં ખલીફએ પોતાની ફૌજનાં એક ઓફિસર મોકલાવ્યા. ઉમૈયા દૌરમી ખુલ્ફાએ અબ્બાસીયામાં અબુલ અબ્બાસ અને હારૂન રશદે પણ પોતાનાં પ્રતિનિધિઓને ધચીન મોકલાવ્યા હતા, અને જેના કારણે જંગી–મુઆહેદા અમલમાં આવ્યા. હિ. ૮૩૨માં બાદશાહનાં હુકમથી શહેર ''નાન–ફૂ'' અને ''બીજીંગ''માં મસ્જિદોનું કામ શરૂ થયું.

હવે સમયે ફરી કરવટ બદલી અને ઈ.સ. ૧૯૪૮માં એક નવા ઈન્કિલાબે જન્મ લીધો, અને તેની અસરથી ચીનમાં કોમ્યુનિઝમનો પગ પેસારો થયો, અને મુસ્લિમો ઉપર જુલ્મો શરૂ થયા, અને તેમના ઉપર સખ્તી શરૂ થઈ. અને જેઓની ભાષા અરબી હતી તેમને ''ડોલ્ટન''થી હટાવી દેવામાં આવ્યા. તેઓને નિરાશ્રિત કેમ્પોમાં રાખવામાં આવ્યા અને ત્યાં તેમની સાથે મજૂરી કામ લેવામાં લેવામાં આવ્યું અને તેઓને ફરજિયાત કોમ્યુનિઝમની તાલીમ આપવામાં આવી. લાખોની સંખ્યામાં મુસ્લિમો શહીદ થયા, મસ્જિદોને બંધ કરી દેવામાં આવી. અને ક્યાંક ક્યાંક તો મસ્જિદોને ઓફિસોમાં તબદીલ કરી દેવાઈ અને મદસાઓ બંધ કરી દેવામાં આવ્યા અને બાળકોને ફરજિયાત સ્કૂલોમાં તાલીમ આપવામાં આવી છતાં આમ મુસલમાનોના દિલોમાંથી ઈસ્લામી રૂહને તેઓ ફના ન કરી શક્યા.

હવે મસ્જિદો પણ તામીર થવા લાગી છે અને ઈસ્લામી લિટરેચર પણ છપાઈને બહાર પડે છે અને કલામે પાક આઠ ભાષાઓમાં પ્રગટ થઈ ચૂક્યું છે અને ચીની ભાષામાં વધુ પેજ નં. ૧૧....પર

## બરકાતે ખ્વાજાની ટપાલ

### :: શાદી મુબારક ::

**ભરૂચ :** મૌલાના અલ્તાફ મિસ્બાહી કુરચનવી (S/o. હાફિઝ હનીફ કપડવંજી)ના નિકાહ તા. હાજરાબાનુ (D/o. જમાલભાઈ મુન્શી કહાનવાળા તાંદલજા)ની સાથે હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમે તા. ૧૩–૩–૨૦૧૬ના રોજ પઢાવ્યા, જેની ખુશીમાં તેમણે રૂા. ૫૦૦/– **"બરકાતે ખ્વાજા મંથલી"**ને આપ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી*

**સોખડારાઘુ :** મલેક ઐયૂબ ઈસ્માઈલ (વાસણવાળા)ના ફરઝંદો મોઈનુદ્દીનના નિકાહ વાગરા નિવાસી રાઠોડ સિકંદર ઈબ્રાહીમની નેક દુખ્તર શબાનાબાનુ સાથે તથા પુત્ર ઈમરાનના નિકાહ સોખડારાઘુ નિસાવી પઠાણ ઈકબાલખાં કરીમખાંની નેક દુખ્તર અફરોઝાબાનુ સાથે તા. ૩/૪/૨૦૧૬ રવિવારે રાખવામાં આવ્યા. મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**માણસા :**–થી બરકાતે ખ્વાજા (મંથલી) તેમજ અંજુમને રઝાએ મુસ્તફા દયાદરાના ગ્રાહક જનાબ ઈમરાનભાઈ જણાવે છે કે યુ.પી. ખાતે બળહલગંજ મુક઼ામે તેમના પીરો મુર્શિદ ખલીફાએ હાફિઝે મિલ્લત "હઝરત મુફતી મુહમ્મદ અસ્લમ મિસ્બાહી" તા. ૨૨–૩–૨૦૧૬ મુ. ચાંદ ૧૨ જ. આખર હિ.સ. ૧૪૩૬ના રોજ ઈન્તેક઼ાલ કરી ગયા છે જેમની નમાઝે જનાઝા હઝરત મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબે પઢાવી હતી. મોટી સંખ્યામાં ઉલમાએ હાજરી આપી હતી. આપ ખૂબ જ તક઼્વો પરહેઝગારીવાળી ઈલ્મી શખ્સિયત તથા સાદગીપૂર્ણ જીવન જીવતા સૂફી વલી સિફત હતા. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવે, દરજાતની બુલંદી ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા ફર્માવે. *–તંત્રી*

**તેજગઢ :**–થી મુહમ્મદ આરિફ ખત્રી જણાવે છે કે તેમના વાલિદ સાહબ અબ્દુલગની ખત્રીનો તા. ૧૩–૨–૨૦૧૬ શનિવારે હાર્ટ એટેકમાં ઈન્તેક઼ાલ થયો છે.

**દયાદરા :–** ખાતે આમિના ઈબ્રાહીમ દિવાન (મર્હૂમ મુહમ્મદશા દિવાનનાં બહેન) તા. ૧–૩–૨૦૧૬ના રોજ ઈન્તેક઼ાલ કરી ગયાં તેમજ મર્હૂમ મુહમ્મદશાના ભાઈ ઈબ્રાહીમશાના પત્ની એ પણ નામે આમિના બહેનનો ઈન્તેક઼ાલ તા. ૧૪–૪–૨૦૧૬ના રોજ થયો છે.

**વેરાવળ :–** ખાતે હઝરત મૌલાના સરફરાઝ નૂરીના મોટાભાઈ ઈમ્તિયાઝ અ. કરીમનો લગભગ ૩૮–૪૦ વરસની વયે અચાનક તા. ૬–૪–૨૦૧૬ના રોજ ઈન્તેક઼ાલ થયો છે. મર્હૂમના ભાઈ તથા કુટુંબીજનોના સદમામાં અમો સહભાગી છીએ.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો

હઝરત ફખ્રે ગુજરાત સૈયદ ફખરૂદ્દીન "ફખ્રે" કાદરી અહમદાબાદી رحمۃ اللہ علیہના કલામ (રચનાઓનો, અનમોલ સંગ્રહ) **"કુલ્લિયાતે ફખરે ગુજરાત"**
પ્રકાશક : "બઝમે કાદરીયાહ" ઠે. સીંધીવાડ કસ્બા, મુ. કડી, જી. મહેસાણા (ઉ.ગુ) પિન : ૩૮૨૭૧૫

---

**પારખેત** : તા. ૪/૪/૨૦૧૬ સોમવારના રોજ ઈશાબાદ મસ્જિદના ચોગાનમાં જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ મનાવવામાં આવ્યો જેમાં મશ્હૂર નઅતખ્વાં કારી મકસૂદ સાહબ કાવીવાળાએ હમ્દો, નઅત, મન્કબતો પેશ કરી જલ્સામાં તાજગી ભરી દીધી. ત્યારબાદ હઝરત મૌલાના મુહમ્મદ સાજિદ સાહબે હઝરત સિદ્દીકે અકબરના કમાલાત અને ખૂબીઓ તથા અખ્લાક વિશે શાનદાર બયાન કર્યું હતું. નિઝામત હઝરત મૌલાના અકબર રઝા સાહબ (પેશઈમામ સુન્ની મસ્જિદ–પારખેત)એ શાનદાર રીતે નિભાવી હતી.

*–રજૂ. અઝહરૂદ્દીન રોકડ*

## દીની દુન્યવી તાલીમ માટે પ્રવેશ મેળવો

સમસ્ત મુસ્લિમ કૌમના માટે દીની તાલીમ નમાઝ, નાઝરા, દીનીયાત, વગેરે સાથે દુનિયાવી તાલીમ ધોરણ–૫ થી ૧૦ સુધી નૂરે મદાર માધ્યમિક શાળામાં આપવામાં આવે છે. રહેવા જમવાની ઉત્તમ સગવડ હોસ્ટેલમાં આપવામાં આવે છે.

આ સંસ્થામાં ગરીબ, યતીમ, હોશિયાર અને ઉત્સાહી બાળકોને પ્રથમ પ્રવેશ આપવામાં આવે છે. અને તેમને રહેવા, જમવા, કપડા, કિતાબો, મેડિકલ વગેરે તમામ સુવિધાઓ મફત આપવામાં આવે છે. નવુ સત્ર જૂનથી શરૂ થશે જેથી પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓ વહેલીમાં વહેલી તકે અરજી ફોર્મ મંગાવી લે અને ટેલીફોન અને મોબાઈલ દ્વારા સંપર્ક કરે.

**સરનામું** : શાહ મદાર બોર્ડીંગ મદ્રસાએ ફૈઝે મદાર, ઠે. કંડલા હાઈવે મુ. વારાહી, તા. સાંતલપુર, જી. પાટણ **Ph. 02738 224116, Mob. 9898919917, 9429286917**

## રૂા. ૧૦ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો

**અઝમતે મુસ્તફા** صلی اللہ علیہ وسلم (પેજીસ : ૩૨)
અઝ : શૈખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની
પ્રકાશક : મોહદ્દિષે આ'ઝમ મિશન (ગુ.પ્ર.) મિર્ઝાપુર બ્રાન્ચ, ૧૫–પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિર્ઝાપુર, અહમદાબાદ–૧,
ફોન : ૦૭૯–૨૫૫૦૦૯૪૭,
મો. ૯૭૧૨૧૯૮૪૪૧

## પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો

(૧) **પયગંબરે ઈસ્લામનો નેક સ્વભાવ તથા ઉમદા અખ્લાક**

(૨) **નિઝામે તઅલીમાત**
(વિવિધ દુઆઓ, નિયતો, મસાઈલ)

**પ્રકાશક** : સુન્ની યંગ મુસ્લિમ કમિટી, દરગાહ પાછળ, C/o. મદીના મંઝિલ, મુ.પો. પાલેજ, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨ ૨૨૦

## પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો

**ઈબ્લીસનો ઈતિહાસ** (પેજીસ : ૧૩૬)
લેખક : સુલ્તાનુલ વાઈઝીન અબૂન્નૂર મુહમ્મદબશીર
અનુવાદક : કમાલ મુસ્તફાબાદી
**પ્રકાશક** : હુસૈની કમિટી (સુન્ની), ૮ લાટી પ્લોટ સામે, મુ.પો. મોરબી, પિન : ૩૬૩ ૬૪૧,
ફોન : ૦૨૮૨૨–૨૩૩૨૧૪

## રૂા. ૧૦ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો

**મા બાપ અને ઔલાદના હક્ક** (પેજીસ : ૧૨૮)
**સુન્નતે રસૂલ દાઢીની અઝમત અને તિબ્બી ફાયદા** (પોકેટ સાઈઝ, પેજીસ : ૨૪)
**પ્રકાશક** : ગરીબનવાઝ કમિટી (હાપા)
C/o. ઉસ્માનભાઈ પીપરડીવાળા ગઢની રાંગ, સિપાઈ શેરી, મામતમ ચોક, મોરબી–૩૬૩૬૪૧,
મો. ૯૩૨૮૦ ૮૮૩૭૮

## બોડેલીમાં બે દિવસીય સુન્ની ઈજતેમા

''સુન્ની દા'વતે ઈસ્લામી'' થકી બોડેલી ખાતે તા. ૨૬–૩–૨૦૧૬ના રોજ ઝહોરથી અસર સુધી પ્રથમવાર બહેનોની ઈસ્લાહ માટે સુન્ની ઈજતેમા યોજાયો જેમાં બોડેલી તથા આસપાસની બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી. ક઼ારી રિયાઝુદ્દીન અશરફીની કિરાઅતથી શરૂઆત થઈ, નઅતોના ગુલદસ્તા તેમણે રજૂ કર્યા. ત્યાર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો હાફિઝ અબ્દુર્રહીમ, સુલ્તાન રઝા, ઈમરાનભાઈ પાલેજવાળા વગેરેએ મગરિબ સુધી તર્બિયતી બયાનો કર્યા. મગરિબ બાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહીએ ઈસ્લાહી બયાન કર્યું. ઝિક્રો દુઆ બાદ બહેનોનો ઈજતેમા ખત્મ થયો. બીજા દિવસે સવારના દસથી રાતના ૧૦ સુધી ભાઈઓના ઈજતેમામાં ઝહોર સુધી મક઼ામી મુબલ્લિગોએ નઅત, બયાન વગેરે થકી તર્બિયત કરી મસાઈલ ફઝાઈલ શીખવ્યા. ઝહોર બાદ મૌલાના ઝહીર મિસ્બાહીનું બયાન, ત્યારબાદ બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ તથા ક઼ારી રિયાઝુદ્દીને નઅતની સાથે સાથે દીની તર્બિયત કરી. મગરિબ બાદ મુહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી સાહબે દીની સવાલોના ઈત્મિનાનબખ્શ જવાબો આપ્યા. ઈશા બાદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવીએ સબક આમોઝ બયાન કર્યું. છેવટે ઝિક્ર દુઆ બાદ ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો.

## વેરાવળમાં શાનદાર સુન્ની ઈજતેમા

**વેરાવળ** : તા. ૧૦–૪–૨૦૧૬ રવિવારે મગરિબથી ઈશા બાદ મોડે સુધી શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો જેમાં મૌલાના સરફરાઝ નૂરી તથા તેમના સાથી ઉલમા સમર્થકોની ભરપૂર મહેનતના કારણે ઈજતેમા માટેનું ગ્રાઉન્ડ તંગ પડયું એટલા આશિક઼ાને મુસ્તફા જમા થઈ ગયા હતા ! અલ્હમ્દુલિલ્લાહ ! ત્રણ ત્રણવાર અવામને આગળ વધી પાછળ પિંડાલ બહાર રહેલાને માટે સગવડ કરવા ખસેડાયા હતા. ખીચોખીચ મેદની હતી. બહેનો માટે અલગ પર્દા હેઠળ વ્યવસ્થા હતી. મગરિબથી ઈશા સુધી ક઼ારી રિયાઝુદ્દીન અશરફીના થકી કિ઼ર્અત, નઅત પછી મક઼ામી ઉલમાના બયાનો થયાં. ઈશા બાદ મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી (ભરૂચ) થકી તર્બિયતે ઔલાદ પર બોધદાયક બયાન થયું. બાદમાં ઔલાદે ગ઼ૌષે આ'ઝમ ખતીબે લાજવાબ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ઈબાદતનો સાચો અર્થ સમજાવી દિલોને ઝંઝોળતું બયાન કર્યું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ એક પછી કુર્આની આયતો સાથે ઈમાન અફરોઝ ઈમાન અમલની ઈસ્લાહ કરતું બયાન કર્યું હતું. સ્ટેજ ઉપર ઉલમાની ખૂબ ભીડ હતી. હઝરત મૌલાના ગુલઝારબાપુ જુનાગઢી સહિત બહારના તેમજ વેરાવળના ઉલમાથી સ્ટેજ ખચાખચ ભરાયેલ હતું. મોડી રાત્રે ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો હતો.

## દયાદરામાં જશ્ને સિદ્દીક઼ વ જશ્ને ખ્વાજા

**દયાદરા** : ખાતે તા. ૧–૪–૨૦૧૬ (૨૨ જ. આખર) જુમ્આની રાત્રે ઈશા બાદ મોટા ચકલા પર શાનો શૌકત સાથે જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ મનાવાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાને સિદ્દીક઼માં ઈમાન અફરોઝ બયાન કર્યું. તેમજ તા. ૧૩–૪–૨૦૧૬ બુધવારે છઠ્ઠી શરીફની રાત્રે મોટા ચકલા પર ''જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ'' رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ભરૂચ શાખા)એ ખ્વાજા સાહબની કરામતો તથા કિરદાર પર બયાન કરી લોકોને સાચા અર્થમાં ખ્વાજા સાહબના ચાહક બનવા સમજ આપતુ બયાન કર્યું. *–તંત્રી*



## અમારું અવલોકન

(કિતાબ) : **મિરાતે અહમદી** (ભાગ : ૧, પેજીસ : ૫૦૪)
મૂળ ફારસી લેખક : મિર્ઝા મુહમ્મદ હસન ઉર્ફે અલી મુહમ્મદખાન
ગુજરાતી અનુવાદક : જનાબ નિઝામુદ્દીન ફારૂકી ચિશ્તી (સન : ૧૯૧૩)
સંકલનકર્તા : શાહિદ અહમદ જી. કલીમી (કિંમત : રૂા. ૨૫૦ પોસ્ટખર્ચ સાથે)
પ્રકાશક : સરખેજ રોઝા કમિટી, ડિવિઝન પબ્લી. એન્ડ લાયબ્રેરી રીસર્ચ સેન્ટર, મુા. મકરબા, પો. જીવરાજ પાર્ક, અહમદાબાદ–૩૮૦ ૦૫૧

પ્રસ્તુત કિતાબ એક ઐતિહાસિક દસ્તાવેજ છે જેનું પાકા પુઠ્ઠાના ટાઈટલ પેજો પરના ફોટાઓ મુસલમાનોની ત્યારની શાનો શૌકતની ગવાહી પૂરી પાડે છે. ગુજરાતની બાદશાહતની શરૂઆતમાં ઝફરખાનની હુકૂમત, સુલ્તાન અહમદશાહ (પહેલા), સુલ્તાન મુહમ્મદશાહ, સુલ્તાન અહમદશાહ, (બીજા), કુત્બુદ્દીન, દાઉદ, મુહમ્મદ બેગડા, મુઝફ્ફર હલીમ–ખલીલખાં.... એક ક્રમ સુલ્તાનોનો ચાલે છે. તેમજ અમીર તૈમૂર તથા અકબર બાદશાહ, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ તેમજ અનેક મોગલ બાદશાહોનું વર્ણન ગુજરાત તેમજ હિંદ પર તેમના રાજ્ય સત્તા વિશે વર્ણન જરૂર વાંચવું જોઈએ. જે કૌમ પોતાના શાનદાર ઈતિહાસને ભૂલાવી દે છે તબાહ થઈ જાય છે. જો તમો તમારો ઈતિહાસ વાંચશો તો તમારામાં એક ખુમારી પેદા થશે તથા કાંઈક કરી આગળ વધવાની ધગશ પેદા થશે. તમારા વડવાઓ કેવા બહાદુર હતા તે વાંચવું જરૂરી છે. તેમણે દરેક કૌમને પોતાની પ્રજા ગણીને તેમનું રક્ષણ કર્યું છે અને ભેદભાવ વિના તેમને સગવડો આપી છે. આજે કેટલાક તત્વો ઈતિહાસને વિકૃત કરીને મુસ્લિમ બાદશાહોને બદનામ કરી કૌમી ઝહેર ફેલાવી રહ્યા છે તથા મોઢાના વાઘ બની બેફામ બકવાસો કરી રહ્યા છે, તેમણે આવા ઈતિહાસનું પાઠન કરી બોધ લેવો જોઈએ.

હાલ સમયના અભાવે કિતાબ ઉપર ઉપરથી જ જોઈ છે પણ ઉમદા ઐતિહાસિક દસ્તાવેજી કિતાબ રૂા. ૨૫૦/– પ્રકાશકને મોકલી દરેક મુસલમાને મંગાવી પોતે તથા ઔલાદને વંચાવવી જોઈએ તથા લાયબ્રેરીમાં, દોસ્તોમાં વહેંચવી જોઈએ. કિતાબ પ્રકાશન કાર્યમાં જોડાયેલ સર્વેને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ** **સ્પે. કાશ્મીર પ્રવાસ**

આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લક્ઝરી બસ દ્વારા

**પ્રવાસના સ્થળો** : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, આગ્રા, ફતેપુરસિક્રી, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, કલીયર શરીફ, દિલ્હી, જયપુર મીરાંદાતાર પરત ધોળકા

:: બસ ઉપડશે :: તા ૧૪/૦૫/૨૦૧૬, શનિવારે સાંજે ૪.૦૦ કલાકે

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
| --- | --- | --- |
| રૂા. ૧૦,૦૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૭ |

(૧) આદર્શ હોટલ પાસે, સામરખા ચોકડી, આણંદ (૨) તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ)

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૨૭૧૭૪૦૦૨

LTC પ્રવાસ | Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch) | LTC પ્રવાસ

**નોંધ** : **૧.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવી શકાશે. **૨.** રૂા. ૧૫૦/– ગાઈડ ફી તથા યાત્રીવેરો વિગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૩.** એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગ આપવાના રહેશે. **૫.** તા. ૨૦–૦૫–૨૦૧૬ અને તા. ૨૫–૫–૨૦૧૬ ના રોજ સવારની ચા સ્વખર્ચે રહેશે. **૬.** ૩૧–૫–૨૦૧૬ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે.